વિશ્વનાં વિખ્યાત વક્તવ્યો

Book Shelf

સંપાદન
અનુવાદ : હેમલ જાદવ

891.478 ** ☺ ☺ ☺

Vishwanan vikhyat vaktavyo / [compiled and translated by] Hemal Jadav. - Amdavad : Bookshelf
2013. - 136 p. : ill. ; 22 cm.
ISBN: 9789382678717
Gujarati text; Famous speeches by great men of the world. In 3 sections: Speeches: 1. by Indians, 2. by non-Indians & 3. Art of oratory explained.
CILLA: vz1340105X
Author a/e: Jadav, Hemal
Bidd Enterprises ; 134/66 ; £9.45

000000920938

વિશ્વનાં વિખ્યાત વક્તવ્યો

સંપાદન-અનુવાદ :
હેમલ જાદવ

મુખ્ય પ્રાપ્તિસ્થાન

બુક શેલ્ફ

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

E-mail : info.npm@gmail.com

નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે,
ગાંધી રોડ, અમદાવાદ-૧

૨૦૨, પૅલિકન હાઉસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૨

VZ 1340105X

VISHVANA VIKHYAT VAKTAVYO
by : Hemal Jadav
Book Shelf, Ahmedabad

© પ્રકાશક

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૩

કિંમત : ₹ ૧૩૫-૦૦

પ્રકાશક
હિરેન ભોગીલાલ શાહ
૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ - ૯
ફોન નં. (૦૭૯) ૨૬૫૬૩૭૦૭, ૨૬૪૪૧૮૨૬,
મો. ૯૦૩૩૦૮૯૦૩૬
Web : www.gujaratibookshelf.com
E-mail : bookshelfa@gmail.com

ટાઈપ સેટિંગ
સ્ટાઈલસ ગ્રાફિક્સ
અમદાવાદ

મુદ્રક
યુનિક ઑફસેટ
અમદાવાદ

અર્પણ

વિલિયમ લ્યોન ફેલ્પ્સને

...પુસ્તકાલય તથા વાંચન અંગે બેનમૂન
વક્તવ્ય આપવા બદલ.

તથા

મનોજભાઈ ભીમાણીને,

મને લખતાં આવડે છે એ વિશ્વાસ અપાવવા અને
ટકાવવા બદલ તથા તેમની પાસેથી મને સતત
મળેલા પ્રત્યક્ષ-પરોક્ષ સહકાર બદલ

પ્રસ્તાવના

વર્ષો વીતવા છતાં શા માટે કેટલીક ઘટનાઓ તથા વ્યક્તિઓનો પ્રભાવ ઓછો નહિ થતો હોય તે બાબત આ પુસ્તકના સંપાદન-અનુવાદનની પ્રક્રિયા દરમિયાન સમજાઈ. સૉક્રેટિસથી સ્ટીવ જોબ્સ સુધીના અનેક વિરલ વ્યક્તિઓએ એવાં યાદગાર વક્તવ્યો આપ્યાં છે, જે સદીઓ, વર્ષો વીતવા છતાં આપણને શાશ્વત લાગે છે, પ્રભાવી લાગે છે.

આવું શા માટે છે, એનો જવાબ આ વક્તવ્યોના શબ્દો જ આપી શકે છે. વક્તવ્ય એ વક્તાની ખુશી, આનંદ, દુઃખ, ઝનૂન, જુસ્સો, સપનાં, વિરોધ, મક્કમતાનો પડઘો બનીને આપણા હૃદય સુધી પડઘાય છે. ૧૯૬૨માં માર્ટિન લ્યૂથર કિંગે અમેરિકામાંથી રંગભેદ-કાળા લોકોને થતા અન્યાય નાબૂદ થાય તેવું સપનું જોયું હતું. આજે એક અશ્વેત વ્યક્તિ - બરાક ઓબામા અમેરિકાના પ્રમુખ પદે છે. જે ઝનૂનથી વક્તા સપનાં જુએ છે, લડત ચલાવે છે, કે પછી જે મક્કમતાથી આઝાદી માટે અવાજ બુલંદ કરે છે એ તમામ તેના શબ્દો થકી લાખો લોકો સુધી પહોંચે છે.

કેટલાંક વક્તવ્યો એવાં હોય છે, જેના શબ્દો હૃદયથી જન્મ્યા છે. લખીને, મહાવરા દ્વારા તે બહાર નથી પડ્યા. બસ અનાયાસે જ શબ્દો સ્ફુર્યા છે. પુસ્તકમાં આપેલાં જવાહરલાલ નેહરુનાં બન્ને વક્તવ્યો આવાં જ છે. ગાંધીજીના મૃત્યુ વખતે આપેલું 'પ્રકાશ ચાલ્યો ગયો છે' અને ભારત સ્વતંત્ર થયું ત્યારે આપેલું 'નિયતિના મુકામે' બન્ને વક્તવ્યોના શબ્દો જાણે નેહરુના હૃદયમાંથી નીકળ્યા હોય તેવી લાગણી આપે છે, જ્યારે કેટલાંક વક્તવ્યો એવાં હોય છે, જે ભવિષ્યની

ચિંતા અને આકાંક્ષાને લઈને કહેવાયાં છે. ડૉ. ભીમરાવ આંબેડકરે બંધારણ સભાના સમાપનના આગલા દિવસે આપેલા વક્તવ્યમાં ભારતના ભાવિને લઈને જે આગાહી કરી છે, તે આજે યથાર્થ ખરી બનતી લાગે છે. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે ભારતના ભવિષ્યને લઈને સેવેલી આકાંક્ષા તેમના વક્તવ્યમાં બખૂબી ઝિલાઈ છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જહોન એફ. કેનેડીએ પણ પોતાના દેશવાસીઓ તરફ અપેક્ષા રાખતાં આવાહન કરેલું, 'દેશ તમારા માટે શું કરશે તેમ નહિ પણ તમે દેશ માટે શું કરશો તે વિચારો'.

સદીઓ અગાઉ સૉક્રેટિસે તેમના મુકદમા વખતે પોતાની ભૂલનો જે ખુમારીથી એકરાર કર્યો હતો તેનાથી માત્ર એથેન્સવાસીઓ જ નહિ, પણ આખું જગત દંગ રહી ગયેલું. એ પછી છેક ૧૯૨૨માં જ્યારે ગાંધીજી તેમના પર ચાલેલા મુકદમા વખતે પોતાના વક્તવ્યમાં જે મક્કમતાથી સજાની માંગણી કરે છે, ત્યારે અનાયાસે સૉક્રેટિસ યાદ આવ્યા વિના નથી રહેતા.

વક્તા પોતાના શબ્દો દ્વારા પરિવર્તન લાવી શકવાની ક્ષમતા ધરાવે છે. વિશાળ જનસમૂહને તેઓ સંમોહિત કરી શકે છે, તેમની દોરવણી કરી શકે છે , જુસ્સો પ્રેરી શકે છે અને તેમને પ્રેરણા આપી શકે છે. કહો કે કુરુક્ષેત્રના યુદ્ધ વખતે કૃષ્ણે અર્જુન માટે જે માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી, એ જ રીતે વક્તા એક સાથે હજારો લોકોનો માર્ગદર્શક બની શકે છે.

પુસ્તકમાં આવા જ પ્રેરણાત્મક, દેશભક્તિ જગાવતાં, અન્યાયની જડો ઉખાડી ફેંકવાનું શીખવતાં, આઝાદીનું બ્યૂગલ ફૂંકતાં યાદગાર વક્તવ્યો આપ્યાં છે. તમામ વક્તવ્યો જે-તે સમયે તો ખૂબ ચર્ચાયાં જ હતાં, પણ આજેય તે ખૂબ લોકપ્રિય ગણાય છે. જો કે કેટલાંક વક્તવ્યો ખૂબ જાણીતાં અને શાશ્વત હોવા છતાં તે પુસ્તકમાં સમાવી શકાયાં નથી, અલબત્ત તેમાં દોષ મારો જ કાઢવો રહ્યો. કારણ કે સમય-સ્થળમર્યાદા ઉપરાંત તે વક્તવ્યો તરફ મારી અજાણતા-અજ્ઞાન પણ કારણભૂત છે. કેટલાંક વક્તવ્યો વિશે માહિતી નહોતી, જ્યારે કેટલાંક લોકપ્રિય વક્તવ્યો વિશે જાણવા મળ્યું હોવા છતાં તેના અનુવાદ મળવા-કરવા મુશ્કેલ હતા.

મૂળે પુસ્તકનો વિચાર હેમેન્દ્રભાઈનો હતો. વર્ષ અગાઉ બુક શેલ્ફમાં પુસ્તક ખરીદવા જવાનું થયેલું, જ્યાં હેમેન્દ્રભાઈ સાથે મુલાકાત થઈ અને તેમણે 'જાણીતાં વક્તવ્યો વિશે કંઈક કરવા જેવું છે', તેવું વિચારબીજ મનમાં રોપ્યું. જોકે એ પછી તો આખી વાત રોજિંદા કામમાં અટવાઈ ગઈ અને સમય નીકળતો ગયો. અલબત્ત, વક્તવ્ય અંગે પુસ્તક થઈ શકે કે કેમ તે તપાસવા થોડી શોધખોળ અને

ઈન્ટરનેટ પર ખાંખાખોળાં વખત મળે કરતી ગયેલી અને ખાસ્સા લાંબા સમય પછી તેમાં કામ પણ કરવા માંડ્યું. બસ, આ પ્રક્રિયા વખતે સમજાઈ ગયેલું કે શા માટે કેટલીક ઘટનાઓ-વ્યક્તિઓનો પ્રભાવ વર્ષો પછી પણ ઓછો નથી થતો.

વક્તવ્ય અંગે પુસ્તકના વિચારબીજને અંકુરો ફૂટી શક્યા તેનું કારણ ઘણા બધાનો સહકાર પણ છે. મિત્ર નિકુંજ માનવે પુસ્તકમાં સમાવેલાં કેટલાંક વિદેશી વિભૂતિઓનાં વક્તવ્યો અનુવાદ કરી આપી મારું કામ ખાસ્સું સરળ કરી આપ્યું હતું. પુસ્તકને ત્રણ ભાગમાં આલેખાયું છે; ૧. ભારતીય વિભૂતિઓનાં વક્તવ્યો ૨. વિદેશી વક્તાઓનાં વક્તવ્યો અને ૩. વક્તવ્ય કલાની પ્રાથમિક સમજ. વક્તવ્યના ક્રમ સામાન્ય રીતે અનુસરવામાં આવતા કક્કાવારી અને સમયકાળ જેવા નિયમને બદલે વક્તવ્યના વિષયમાં વિવિધતા લાગે તે રીતે ગોઠવ્યા છે.

પુસ્તક સંપાદન-લેખનનો પ્રથમ અનુભવ હોઈ શક્ય છે કે ક્યાંક દોષ રહી ગયો હોય, પણ પ્રથમ પ્રયત્નને બિરદાવવાનો હોય એ દૃષ્ટિએ દોષ હોવા છતાં થોડું ઉદાર મન રાખશો અને બીજા પ્રયત્ને આ દોષો-ભૂલોનું પુનરાવર્તન ન થાય તે સારુ તે દોષો તરફ આંગળી પણ ચીંધશો તેવી અપેક્ષા સહ.

– હેમલ જાદવ

અનુક્રમ

• વક્તવ્યનું મહત્ત્વ અને ઈતિહાસ ૧
• વક્તૃત્વકલાના આધુનિક પ્રવાહો : ૮

વિભાગ : ૧ ભારતીય વિભૂતિઓનાં વક્તવ્યો

૧. સ્વામી વિવેકાનંદ ૧૧
૨. મહાત્મા ગાંધી ૧૫
૩. લાલા લજપતરાય ૨૨
૪. જવાહરલાલ નેહરુ ૨૬
૫. બાળ ગંગાધર ટિળક ૩૦
૬. સુભાષચંદ્ર બોઝ ૩૩
૭. મેડમ ભીખાઈજી કામા ૩૯
૮. સરદાર વલ્લભભાઈ પટેલ ૪૧
૯. ડૉ. ભીમરાવ આંબેડકર ૪૪
૧૦. રવીન્દ્રનાથ ટાગોર ૫૧
૧૧. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ૫૭

વિભાગ : ૨ વિદેશી વક્તાઓનાં ભાષણ

૧. સૉક્રેટિસ ૬૭
૨. વિન્સ્ટન ચર્ચિલ ૭૪
૩. અબ્રાહમ લિંકન ૭૭
૪. જહોન એફ. કેનેડી ૭૯
૫. ઈમોન ડી વાલેરા ૮૩
૬. થિઓડોર રુઝવેલ્ટ ૮૬
૭. ડૉ. માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર ૯૦
૮. પેટ્રીક હેન્રી ૯૮
૯. જોસેફ સ્ટાલિન ૧૦૨
૧૦. વિલિઅમ લ્યોન ફેલ્પ્સ ૧૦૬
૧૧. નેપોલિયન બોનાપાર્ટ ૧૦૯
૧૨. નેલ્સન મંડેલા ૧૧૨
૧૩. સ્ટીવ જોબ્સ ૧૧૫
૧૪. બરાક ઓબામા ૧૨૧
• વક્તવ્યની કળા ૧૨૪

વક્તવ્યનું મહત્ત્વ અને ઇતિહાસ

શબ્દો સર્જન અને વિનાશ બંને કરી શકે છે...

"મને ગર્વ છે કે હું એ ધર્મ સાથે સંકળાયેલો છું, જેણે સમગ્ર વિશ્વને સહનશીલતા અને વૈશ્વિક સ્વીકૃતિના પાઠ શીખવ્યા છે. અમારો ધર્મ માત્ર વૈશ્વિક સહિષ્ણુતા જ નહીં, પરંતુ દરેક ધર્મને સત્ય તરીકે સ્વીકારવાનું શીખવે છે." ૧૮૯૩માં સ્વામી વિવેકાનંદ શિકાગોની ધર્મપરિષદમાં આ છટાદાર વ્યાખ્યાન સાથે છવાઈ ગયા હતા. આજે વર્ષો પછી પણ તે વ્યાખ્યાને ભારતીય ધર્મને વૈશ્વિક સ્તરે સહનશીલતાના પાઠ તરીકે સૌથી ઉપર મૂક્યો છે.

આ ઉદાહરણ વ્યાખ્યાન અને વ્યાખ્યાનકારનું મહત્ત્વ સમજવા પૂરતું છે. એક ઉચ્ચ વ્યાખ્યાતા પોતાના ધર્મ, સંસ્કૃતિ, દેશ, સંસ્કારને ઊંચાઈ બક્ષી તેનાં શ્રેષ્ઠ મૂલ્યો અને સિદ્ધાંતો જગત સામે મૂકે છે.

આજે આપણને ભલે આવાં વક્તવ્યો ભૂતકાળની ઘટના લાગતાં હોય, પણ હકીકત તો એ છે કે એ ભવ્ય ભૂતકાળ થકી તો આજનો આપણો વર્તમાન આટલો સમૃદ્ધ છે. આપણા રાજકીય, સામાજિક નેતાઓએ જે-તે સમયે આપેલાં આ વક્તવ્યોએ એ કાળે તેમનો અજબ પ્રકારનો કરિશ્મા ઊભો કર્યો હતો. તેમના શબ્દોએ એવો જાદુ સર્જ્યો હતો કે લોકો રીતસરના તેમના કહ્યા મુજબ ચાલી નીકળતા. સુભાષચંદ્ર બોઝના 'તુમ મુઝે ખૂન દો મૈં તુમે આઝાદી દૂંગા'ના નારાએ લોકોમાં દેશ માટે બલિદાન આપવાની અલખ જગાવી હતી.

શબ્દોનું પ્રચંડ મહત્ત્વ છે. તેના દ્વારા ઈતિહાસ રચાય છે, તે યુદ્ધોનું નિમિત્ત બને છે, તેનાથી પરિવર્તનની લહેર ઊઠી શકે છે. દ્રૌપદીના 'આંધળાના દીકરા આંધળા' વાક્ય માત્રથી મહાભારતના યુદ્ધનાં મંડાણ થયેલાં. એવી જ રીતે

એડોલ્ફ હિટલર અને બેનીટો મુસોલિનીનાં યુદ્ધખોર ભાષણોએ વિશ્વને ભયાનક વિશ્વયુદ્ધની જ્વાળામાં હોમી દીધું હતું. ખરેખર, શબ્દો સર્જન અને વિનાશ બંનેનું નિમિત્ત બની શકે છે...

વૈશ્વિક સ્તરે વક્તવ્યનો ઇતિહાસ...

વ્યાખ્યાનના ઈતિહાસના પાને નજર કરીએ તો તેના મૂળ ઉદ્‌ભવની અનેક જાણી-અજાણી વિગત જાણવા મળશે. વ્યાખ્યાનનો ઈતિહાસ ગાઢ રીતે પ્રાચીન ગ્રીસ અને રોમ સાથે સંકળાયેલો છે. એક કદમ આગળ જઈને જોઈએ તો સમજાશે કે ગ્રીક અને રોમે ઉત્તમ વ્યાખ્યાનકારો આપ્યા છે, જે યુદ્ધકાળ કે શાંતિના સમયે તેમના માણસોને પ્રોત્સાહિત કરવા અસરકારક વ્યાખ્યાન કરતા. ભૂતકાળને ફંફોસતાં આપણા ત્યાંથી પણ આવા ઉત્તમ વ્યાખ્યાનકારોની વિગતો મળી રહે છે.

★ગ્રીકના ઇતિહાસમાં વ્યાખ્યાનકારો...

પ્રાચીન ગ્રીકના તખ્તા પર જે નાટકો ભજવાતાં તેમાં શ્રેષ્ઠ વ્યાખ્યાનકારોના બુલંદ અવાજમાં રજૂ થતાં ઉત્તમ ભાષણોથી દર્શકો મંત્રમુગ્ધ થઈ ઊઠતા. ઈલિયડ નાટકનો નાયક એચિલિઝ તેના છટાદાર ભાષણ માટે ખૂબ જાણીતો થયો હતો. વિલિયમ શેક્સપિયરનાં નાટકોમાં પણ નાયક કે પ્રતિનાયકનાં ભાષણો અંગ્રેજી સાહિત્યને સમૃદ્ધ કરી ગયાં છે.

કહેવાય છે કે ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં થઈ ગયેલા ગ્રીક વકીલ કેરોક્સે વક્તૃત્વને ‘કલા’ તરીકે રજૂ કરવાની પહેલ કરી હતી અને વક્તૃત્વકલાના ચોક્કસ નિયમો પણ હોઈ શકે છે, તે સાબિત કરતું ‘પ્રિન્સિપલ્સ ઑફ ફોરેન્સિક ઓરટરી’ પુસ્તક પણ તેમણે લખ્યું હતું. આજે ૨૧મી સદીમાં પણ આ પુસ્તક વૈજ્ઞાનિક પદ્ધતિ સાથે વક્તૃત્વ કલા શીખવાનું અમૂલ્ય પુસ્તક બની રહ્યું છે. કેરોક્સે ઉમદા વક્તૃત્વ માટે નીચેની બાબતો પર ભાર મૂક્યો છે.

- ભાષણની શરૂઆત એવી રીતે થવી જોઈએ કે શરૂઆતથી જ ભાષણનો સાચો મિજાજ પકડાઈ જાય અને શ્રોતાઓને મુખ્ય ભાષણનું હાર્દ સ્પષ્ટ થઈ જાય.

- વ્યાખ્યાન જે-તે ઘટનાની હકીકતોને સ્પષ્ટ રીતે રજૂ કરતું હોવું જોઈએ અને સાથે વ્યાખ્યાનકારે તે હકીકતોના આધારે તેમાંથી પોતાના નિષ્કર્ષ સુધી પહોંચવું જોઈએ.

- વ્યાખ્યાનનો અંત સર્વસ્વીકૃત બને અને મૂળ મુદ્દાને ગળે ઉતારી દે તેવો હોવો જોઈએ.

કેરોક્સના વક્તૃત્વકલા અંગેના આ સામાન્ય નિષ્કર્ષો આજે પણ દરેક વ્યાખ્યાનકાર માટે બરાબર લાગુ પડે છે.

★રોમ અને વ્યાખ્યાનકારો :

ગ્રીકની માફક રોમ પણ સારા વ્યાખ્યાતાઓ આપવા જાણીતું છે. તેના ભૂતકાળને તપાસીએ તો માર્ક્સ સિસેરો નામ શ્રેષ્ઠ વ્યાખ્યાતા તરીકે પહેલાં યાદ આવશે. માર્ક્સને આધુનિક વક્તૃત્વકલાનો પ્રણેતા કહી શકાય. આધુનિક વ્યાખ્યાનની શૈલી અને બંધારણની રૂપરેખા તેમણે ઘડી હોવાનું માનવામાં આવે છે.

અસરકારક વ્યાખ્યાન માટે તેમણે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ તારવ્યા છે :-

- સારા વ્યાખ્યાતાએ કોઈ એક જ શૈલીમાં બંધાઈ ન રહેવું જોઈએ.

- વ્યાખ્યાન શ્રોતાઓની જરૂરિયાત તથા અપેક્ષાને ધ્યાનમાં રાખીને તૈયાર થવું જોઈએ

- વ્યાખ્યાન વિષેની માવજત ફ્લેક્સિબલ(લવચીક) તથા વૈવિધ્યપૂર્ણ હોવી જોઈએ.

- વ્યાખ્યાતાએ ક્યારેક ઉગ્ર થઈને, ક્યારેક પુનરાવર્તન કરીને, વાક્યો વચ્ચે જગ્યા છોડીને મહત્ત્વના મુદ્દા પર ભાર મૂકવો જોઈએ.

- શ્રેષ્ઠ વ્યાખ્યાન એટલે વૈવિધ્યપૂર્ણ વક્તૃત્વ. આ વાક્ય ધ્યાનમાં રાખી વ્યાખ્યાતા પાસે વિશાળ શબ્દભંડોળ હોવું અનિવાર્ય છે. ઉપરાંત વ્યાખ્યાતા સમાનાર્થી શબ્દો, કહેવતો, વિરોધી શબ્દો, ફિલોસોફીભરી વાતો-લખાણો અને તર્કબદ્ધ દલીલોથી પણ પરિચિત હોવા જોઈએ.

ગ્રીક અને રોમના શ્રેષ્ઠ વ્યાખ્યાતાઓએ આપેલાં લક્ષણો વક્તૃત્વકલાને ઊંડાણથી શીખવામાં પાયાનો ભાગ ભજવે છે.

વિશ્વના ઉમદા વક્તાઓ :

વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ વ્યાખ્યાતાઓનાં નામ લેવાં હોય તો સૌથી પહેલું નામ તત્ત્વચિંતક સૉક્રેટિસ અને તેના શિષ્ય પ્લેટોનું લેવું પડે. સૉક્રેટિસે તેમના પર ચાલી રહેલા મુકદ્દમા વખતે આપેલું અંતિમ વક્તવ્ય આજે પણ યાદગાર બની રહ્યું છે. તેમને આપવામાં આવેલી દેહાંતદંડની સજાનો સ્વીકાર કરતાં તે કહે છે, "મૃત્યુ જો એક સ્થળેથી બીજે સ્થળે જવાની યાત્રા છે, તો તેનાથી ઉમદા બાબત કઈ હોઈ શકે ? ઈશ્વર સાથે વાત કરવાની આ તક કયો મનુષ્ય છોડવા માંગશે ? જો આ બધું સત્ય હોય, તો હું એકવાર નહિ, પણ અનેકવાર મરવા તૈયાર છું..." સૉક્રેટિસના આ અંતિમ શબ્દો આજે પણ તેની મહાનતા અને વિદ્વત્તા ઉજાગર કરે છે.

રંગભેદ વિરુદ્ધની ચળવળે પણ વિશ્વને સારા વક્તાઓની ભેટ આપી છે. તેમાંનું એક નામ એટલે નેલ્સન મંડેલા. જીવનનાં ૨૭ વર્ષો જેલમાં ગાળનાર મંડેલાએ રંગભેદ વિરુદ્ધ અડીખમ લડત આપી હતી. તેવી જ રીતે અમેરિકાના માર્ટિન લ્યૂથર કિંગ પણ રંગભેદ સામે આજીવન ઝઝૂમ્યા હતા. તેમણે આપેલ 'મારું સ્વપ્ન' ભાષણ લોકોમાં ખૂબ લોકપ્રિય બન્યું હતું. અમેરિકામાં અબ્રાહમ લિંકન, જહોન કેનેડી જેવા નેતાઓ પણ તેમના વક્તવ્ય માટે જાણીતા છે. અમેરિકાના પ્રથમ બ્લેક પ્રમુખ બરાક ઓબામાએ પણ તેમનાં ભાષણોને કારણે આજે માત્ર અમેરિકામાં જ નહિ પણ પૂરા વિશ્વમાં આદર મેળવ્યો છે.

ફ્રાંસના નેપોલિયન બોનાપાર્ટ, રશિયાના જોસેફ સ્ટાલિન, જર્મનીના બિસ્માર્ક જેવા નેતાઓએ તેમના સૈન્ય, પ્રજા અને માણસોને સંબોધીને ખૂબ ઉમદા વ્યાખ્યાનો આપ્યાં છે.

ભારતમાં વક્તવ્યનો ઉદય અને સમય સાથે તેનો વિકાસ :

ભારતમાં વ્યાખ્યાનોનો ઇતિહાસ બહુ જૂનો નથી મનાતો, પરંતુ આપણે ત્યાં પ્રાચીન કાળમાં રાજા-મહારાજાઓને ત્યાં વસતા કવિઓ કે ભાટ યુદ્ધ કે શાંતિકાળમાં રાજાના ગુણ ગાઈને લોકોમાં તેમના તરફની ભક્તિ વધારતા હતા. ક્યારેક આ લોકો યુદ્ધકાળમાં સૈનિકોમાં ઉત્સાહ આણવાનું પણ કામ કરતા. અલબત્ત, તેઓને સંપૂર્ણ વ્યાખ્યાતા કે ઉપદેશક કહી શકાય નહીં. કદાચ એટલે

જ કહેવું પડે કે ગ્રીક અને રોમન સંસ્કૃતિની માફક પ્રાચીન ભારતમાં લોકો સાથે વ્યવહાર કરવા માટે વ્યાખ્યાનનો ઉપયોગ થતો નહોતો.

આપણે ત્યાં પ્રાચીનકાળમાં પ્રખર રાજનીતિજ્ઞ ચાણક્ય, વિદ્વાન રાજવી સમ્રાટ અશોક, મહાન બાદશાહ અકબર થઈ ગયેલા, પરંતુ, તેમણે ગ્રીકના વક્તાઓની જેમ વ્યાખ્યાનો નથી આપ્યાં. આપણે ત્યાં રાજાઓ તેમના ઉમદા વહીવટ અને ધર્મના કારણે વધુ જાણીતા બનતા. જોકે ભારતીય પુરાણો અને માન્યતાઓ પ્રમાણે પ્રાચીન ભારતમાં ભગવાન કૃષ્ણ અને રામને પ્રભાવી વક્તા માનવામાં આવતા હતા. એમાં પણ કૃષ્ણ તો તેમણે આપેલ વિવિધ ઉપદેશોના કારણે આજે પણ મહાન ઉપદેશકોમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. મહાભારતના યુદ્ધ વખતે કુરુક્ષેત્રના મેદાન પર અર્જુનના વિષાદને શાંત કરવા તેમણે ઉત્તમ રીતે ઉપદેશ આપ્યો હતો, જેના સારાંશ કે વર્ણનનું સ્વરૂપ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા', મહાત્મા ગાંધીથી માંડીને અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ જેવા અનેકના માટે પવિત્ર અને માર્ગદર્શક ગ્રંથ બન્યો છે. તો મહાભારતના રચયિતા વેદ વ્યાસને પણ ઉચ્ચ ઉપદેશકોમાંના એક ગણી શકાય છે. આખા દેશમાં ભ્રમણ કરીને તેમણે વિવિધ સભાઓ અને પ્રવચનો દ્વારા લોકોમાં જ્ઞાન પીરસ્યું હતું.

ઈ.સ.પૂર્વે ૫૯૯માં થઈ ગયેલા મહાવીર પણ લોકોમાં જાદુ આણનાર ઉપદેશક તરીકે પ્રાચીન ભારતમાં છવાયા હતા. પાછળથી મહાત્મા ગાંધીએ જે સિદ્ધાંતો અપનાવ્યા તે અહિંસા અને સત્યને મહાવીરે એ કાળમાં જ વિજયી શસ્ત્રો તરીકે સમાજ સમક્ષ મૂક્યાં હતાં. અને તેમણે અહિંસક અને મૂલ્યો આધારિત જૈન ધર્મની સ્થાપના કરી અને આવનારી પેઢીને તેનું પૂર્ણ જતન કરવાનું આવાહન કર્યું હતું. જૈન ધર્મની માફક બૌદ્ધ ધર્મ દ્વારા લોકોને જીવનનો સાચો માર્ગ દર્શાવનારા ભગવાન બુદ્ધ પણ યાદગાર ઉપદેશકોમાં ગણના પામ્યા છે.

એ પછી ૮મી સદીમાં ભારતને આવા જ એક મહાન ઉપદેશક મળ્યા આદિ શંકરાચાર્ય. આદી શંકરાચાર્યે તેમના જ્ઞાન દ્વારા ભારતના લોકોમાં એકતાનો અનોખો ઉપદેશ આપ્યો હતો. આદિ શંકરાચાર્યે ભારતભ્રમણ કરીને હિન્દુ ધર્મનાં મૂળિયાં મજબૂત કરવાનું ભગીરથ કાર્ય કર્યું હતું અને આવનારા સમયમાં હિન્દુ ધર્મની એકતા અને મહત્ત્વ જળવાઈ રહે તે હેતુથી ચાર દિશામાં ચાર મઠોની સ્થાપના કરી હતી. બીજી બાજુ શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક પણ તેમના

ધાર્મિક અને સામાજિક ઉપદેશો દ્વારા ઉત્તમ વક્તાઓમાં આગળ પડતું સ્થાન ધરાવે છે.

પ્રાચીન ભારતમાં ઉપદેશકોનું પ્રમાણ ભલે વધુ ન હતું, પરંતુ જે થોડા ઉપદેશકો થઈ ગયા તેઓએ આપણા વારસાને સમૃદ્ધ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

એ પછીનો ૧૮મી તથા ૧૯મી સદીનો ગાળો તો ભારતમાં જાણે ઉપદેશકોની હારમાળા લઈને આવવાનો રહ્યો. શ્રી દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, શ્રીમદ્ રાજચંદ્ર (ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ) અને શ્રી અરવિંદ જેવા અનેક ઉપદેશકોએ ભારતીયોને જે-તે કાળમાં માર્ગ ચીંધવાનું કાર્ય કર્યું હતું. ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ ગણાતા ૧૮૫૭ના વિપ્લવે પણ આપણને અનેક ઉમદા નેતાઓ અને વક્તાઓ આપ્યા છે. આ ગાળામાં લોકોએ અંગ્રેજોના સામાજિક, રાજકીય અત્યાચારો સામે બંડ પોકારવાનું શરૂ કર્યું હતું. આખા દેશમાં સ્વતંત્રતા માટેનું વાતાવરણ ખડું થયું હતું. ઝાંસીની રાણી વક્તા નહોતાં ગણાતાં, પણ તેમણે કરેલી હાકલ, 'મેં અપની ઝાંસી નહિ દૂંગી'એ શૌર્યનું વાતાવરણ સર્જ્યું હતું. બાળ ગંગાધર ટિળકે આપેલા 'સ્વતંત્રતા મારો જન્મસિદ્ધ અધિકાર છે'ના નારાથી પ્રેરાઈને અનેક ક્રાંતિકારી નીકળી પડ્યા હતા અને સ્વતંત્રતાની ચિનગારી ચંપાઈ હતી. વ્યાખ્યાતા ચાહે તો તેમના શબ્દો, દલીલો અને ભાષણોથી ક્રાંતિ આણી શકે છે. તેઓ લોકોને સ્વતંત્રતા માટે જગાડી શકે છે, લોહીના છેવટના ટીપા સુધી લડી લેવાનું આહ્વાન કરી શકે છે, અને તે ધારે તો ગુલામી અને ભેદભાવોની ઝંઝીર ઉખાડી ફેંકી શકે છે. ઉત્તમ વક્તાનો આ જાદુ હોય છે, જે આવનારી સદીઓની સદીઓ સુધી તેમના બોલાયેલા ભાષણને જીવંત રાખી શકે છે. વક્તા માત્ર શબ્દો નથી ઉચ્ચારતા, પણ તેમના હૃદયમાંથી અવાજ ઊઠે છે. તેમણે અપનાવેલ વક્તૃત્વની શૈલી વિશ્વ પર તેમનો પ્રભાવ પાડવા પૂરતી હોય છે.

૨૦મી સદીમાં ભારતને ગાંધી, નેહરુ, સરદાર, બોઝ જેવા અનેક વક્તાઓ મળ્યા. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ પણ ખૂબ અચ્છા વક્તા મનાતા હતા. આઝાદી મળ્યાની અડધી રાત્રે જવાહરલાલ નેહરુએ આપેલું ભાષણ આજે પણ શ્રેષ્ઠ ભાષણોમાંનું એક ગણાય છે. 'નિયતિના મૂકામે...'

વક્તવ્ય થકી જવાહરલાલ નેહરુએ નવા સ્વતંત્ર થયેલા દેશના લોકો સાથે પોતાની અપેક્ષા અને આશા વહેંચી હતી, તો ગાંધીજીના અવસાન વખતે તેમણે આપેલા વક્તવ્ય 'પ્રકાશ ચાલ્યો ગયો છે'માં સમગ્ર દેશે અનુભવેલા આઘાતના પડઘા પડ્યા છે. ભારતના પ્રથમ મહિલા વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી પાસે વક્તવ્યની આક્રમક અને આગવી શૈલી હતી, જેણે તેમની છબિ એક હોનહાર નેતા તરીકે ઉપસાવી હતી. ભારતરત્ન અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામનાં પ્રેરણા અને આત્મબળથી છલકાતાં વક્તવ્યો યુવાનોને આગળ વધવાનું બળ આપનારાં બની રહ્યાં છે.

❖

વક્તૃત્વકલાના આધુનિક પ્રવાહો :

આધુનિક વક્તવ્યના પ્રવાહોને મૂળ ત્રણ ભાગમાં વહેંચી શકાય છે :-

૧૮મી સદી : આ ગાળામાં **એડમન્ડ બર્ક** તથા **લૉર્ડ ચેટહમ** નામના બે મહાન વ્યાખ્યાનકારનો પ્રભાવ જોવા મળે છે.

આ પ્રવાહને સમગ્ર રીતે મૂલવીએ તો સ્પષ્ટ થશે કે એ સમયે વ્યાખ્યાનોમાં ગ્રીક અને લૅટિન સાહિત્યની અસર વર્તાતી હતી, જેનો મૂળ હેતુ લોકોને મનોરંજન આપવાની સાથે તેમને શિક્ષણ આપવાનો હતો.

૧૯મી સદી : આ સમયગાળામાં વ્યાખ્યાન ક્ષેત્રે અનેક નવા આયામોનું સર્જન થયું, જેમાંના કેટલાક આયામો અગાઉના સમયની છાંટ ધરાવતા હતા, તો અમુક નવા જ ઉદય પામ્યા હતા. આ ગાળા દરમિયાન મેથોડિસ્ટ અને પૂરીટન્સના ઉપદેશોના કારણે લોકો પર ધાર્મિક વ્યાખ્યાનોનો પ્રભાવ ખૂબ મજબૂત બન્યો હતો અને નવાઈની વાત એ છે કે આ પ્રકારના ઉપદેશોએ પહેલાં કરતાં વધુ શ્રોતાઓને આકર્ષ્યા હતા.

૨૦મી સદી : સમય બદલાતો જતો હતો તેમ તેની અસર વ્યાખ્યાનના સ્વરૂપમાં પણ દેખાતી હતી. આ સમય એવો હતો જ્યારે ટેક્નોલૉજી ક્ષેત્રે નવી શોધો થઈ રહી હતી અને લોકો વધુ ને વધુ ટેક્નોલૉજીથી પરિચિત થઈ રહ્યા હતા, જેની સીધી અસર વક્તવ્ય પર પડી. શ્રાવ્ય સાથે દશ્ય માધ્યમ ક્ષેત્રે અભૂતપૂર્વ શોધો થઈ હતી, જેણે ઉપદેશોની અસરકારકતા અને મહત્ત્વ ઘટાડવા માંડ્યું. ૨૦મી સદીના અંત સુધીમાં તો વ્યાખ્યાનો ટેલિવઝન જેવાં દશ્ય માધ્યમો દ્વારા રજૂ થવા માંડ્યાં હતાં. પરિણામે હવે રૂબરૂ ભાષણ કરતા વક્તાઓનું મહત્ત્વ ઓછું થવા માંડ્યું. જોકે આ ગાળા દરમિયાન યુદ્ધખોર અને આક્રમક ભાષણોનું પ્રભુત્વ જોવા મળે છે.

❖

વિભાગ : ૧
ભારતીય વિભૂતિઓનાં વક્તવ્યો

સ્વામી વિવેકાનંદ

આધ્યાત્મિક ગુરુ

જન્મ : ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ મૃત્યુ : ૪ જુલાઈ, ૧૯૦૨

સ્વામી વિવેકાનંદે માત્ર ભારતમાં જ નહીં, પણ પશ્ચિમના દેશોમાં પણ ભારતના આધ્યાત્મિક વારસાનો પ્રચાર કર્યો હતો. વિશ્વબંધુત્વ, શાંતિ, અહિંસા, પ્રેમ તથા આધ્યાત્મિક જ્ઞાન દ્વારા વિવેકાનંદે પૂર્વ અને પશ્ચિમને નજીક લાવવાનો પ્રયાસ કર્યો હતો. રામકૃષ્ણ પરમહંસના શિષ્ય વિવેકાનંદે ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩ના રોજ અમેરિકાના શિકાગો ખાતે યોજાયેલી વિશ્વ ધર્મ પરિષદમાં આપેલા આ વક્તવ્ય દ્વારા તેમણે વિશ્વ સામે ભગવદ્‌ગીતાના સંદેશ અને સહિષ્ણુતાની વાત કરી હતી. આજે પણ આ વક્તવ્ય વિશ્વનાં શ્રેષ્ઠ વક્તવ્યોમાંનું એક ગણાય છે...

૧. વિશ્વ ધર્મ સંસદમાં પ્રવચન

મારાં અમેરિકન ભાઈઓ તથા બહેનો !

તમારા ઉમળકાભર્યા અને પ્રેમપૂર્વકના સ્વાગતથી મારું હૃદય આનંદથી ભરાઈ ગયું છે. જગતના સૌથી પ્રાચીન સાધુ મહાત્માઓ વતી હું આપ સૌનો

આભાર માનું છું. બધા જ ધર્મોની જનેતા વતી હું આપ સૌનો આભાર માનું છું. હું દુનિયાભરના વિવિધ સંપ્રદાયના કરોડો હિન્દુઓ વતી આપ સૌનો આભાર માનું છું.

મને ગર્વ છે કે હું એ ધર્મમાંથી આવું છું, જેણે દુનિયા આખીને સહિષ્ણુતાના અને વિશ્વએકતાના પાઠ શીખવ્યા છે. અમે ન માત્ર સમસ્ત વિશ્વ માટે સહિષ્ણુતા ધરાવીએ છીએ, પણ દુનિયાના દરેક ધર્મને સત્ય માની તેમનો સ્વીકાર કરીએ છીએ. મને ગર્વ છે કે હું એ ધર્મમાંથી આવું છું જેણે દુનિયાના દરેક ધર્મના અને દરેક દેશના નિરાશ્રિતોને તેની ભૂમિ પર આશરો આપ્યો છે. મને એ વાત કહેતાં ગર્વ થાય છે કે રોમન આક્રમણખોરોએ યહૂદીઓના પવિત્ર ધર્મસ્થળને તોડી નાંખીને ખેદાન-મેદાન કરી દીધું હતું, ત્યારે કેટલાક ઈઝરાયલીઓ દક્ષિણ ભારતમાં દોડી આવ્યા હતા અને અમે તેમને અમારી ગોદમાં સમાવી લીધા હતા. મને ગર્વ છે કે હું એવા ધર્મમાંથી આવું છું જેમણે પારસીઓને પનાહ આપી છે.

હું આ પ્રસંગે મેં બાળપણમાં સાંભળેલા એક સ્તોત્રની કેટલીક પંક્તિઓ, જેનું આજે પણ લાખો લોકો નિત્ય પઠન કરે છે તે અહીં ટાંકવા માંગું છું : "જેમ જુદી જુદી ધારાઓ જુદા જુદા ફાંટાઓ પરથી નીકળે છે, પણ અંતે તો સાગરમાં જ સમાઈ જાય છે તેમ વિવિધ વલણ ધરાવતા અને દેખાવમાં ભિન્ન લાગતા માણસો અલગ-અલગ માર્ગ અપનાવે છે, પણ અંતે તે તમામ તારી તરફ જ દોરી જાય છે."

આજની આ મહાસભા પોતે જ શ્રીમદ્ ભગવદ્ ગીતાના અદ્ભુત ઉપદેશનું વિશ્વ સમક્ષ પ્રતિપાદન કરે છેં, "ગમે તે સ્વરૂપમાં જે કોઈ મારી પાસે આવે છે તે મને પામે છે. મને પામવા મથતા સર્વ મનુષ્યોના જુદા જુદા માર્ગો અંતે મારી ભણી વળે છે."

સાંપ્રદાયિકતા, ધર્માંધતા, અને તેમાંથી ઉત્પન્ન થતા કટ્ટરપંથીઓ વર્ષોથી આ અદ્ભુત અને સુંદર દુનિયા પર પોતાનું રાજ ચલાવતા આવ્યા છે. તેઓ આ પૃથ્વીને હિંસા અને માનવલોહીના રંગે રંગતા રહ્યા છે. તેમણે અનેક સંસ્કૃતિઓને ખત્મ કરી નાખી છે અને આખેઆખા દેશને દોજખમાં નાખી દીધા છે. જો આવા દૈત્યો આ પૃથ્વી પર ના હોત તો માનવસમાજ આજના કરતાં ઘણો આગળ હોત. પણ હવે તેમનો સમય થઈ ગયો છે અને મને આશા છે કે આજે સવારમાં આ સભાના સ્વાગતમાં અહીંયાં જે ઘંટારવ થયો હતો તે કટ્ટરપંથીઓ, તલવાર-પેન દ્વારા થતા અત્યાચારોનો મૃત્યુઘંટ બનશે.

૨. આશાનો સંદેશ (રામેશ્વર ખાતે આપેલું વક્તવ્ય)

આપણે હજુ ઘણાં મહાન કાર્યો પાર પાડવાનાં બાકી છે અને ઘણી બધી શક્તિઓ મેળવવાની બાકી છે, આપણે આ દુનિયાનાં અન્ય રાષ્ટ્રોને ઘણું શીખવવાનું છે. ભારત અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર, નમ્રતા, મીઠાશ અને પ્રેમની જન્મભૂમિ છે. આ બાબતે આજે પણ ભારત આગળ છે અને દુનિયાનો કોઈ પણ દેશ ભારતની સરખામણી કરી શકે તેમ નથી.

મેં એવું સાંભળ્યું છે કે આપણા લોકો ઘણા ધીમા છે. તેઓ શિક્ષણ મેળવવા ઈચ્છતા નથી, તેઓ નવી કોઈ માહિતી માટે તૈયાર નથી. પહેલાં હું પણ આવું જ અવિચારી વલણ ધરાવતો હતો. પણ મેં જોયું કે અનુભવે કોઈપણ જાતની અફવાઓના જથ્થા, પ્રવાસીઓએ લખેલાં પુસ્તકો અને ઉતાવળિયા નિરીક્ષકો કરતાં વધુ ઉમદા શિક્ષક છે. મારા અનુભવે મને શીખવ્યું છે કે, આપણા લોકો ધીમા નથી. તેમને પણ અન્યોની જેમ નવું નવું જાણવામાં ખૂબ ઊંડો રસ છે. દુનિયામાં દરેક દેશની ભૂમિકા અલગ અલગ હોય છે અને દરેક એક ચોક્કસ લાક્ષણિકતા સાથે જન્મે છે. અને તે વ્યક્તિગત રીતે રાષ્ટ્રની સુસંગતતાનું પ્રતિનિધિત્વ કરે છે. રાષ્ટ્રીય જીવનનો તે મજબૂત પાયો છે. આપણી આ ધન્ય ધરાના પાયામાં, આધારમાં અને કેન્દ્રમાં માત્ર ને માત્ર ધર્મ જ રહેલો છે.

કોઈ હિન્દુ સાથે તમે અધ્યાત્મ, ધર્મ, ભગવાન, આત્મા, મુક્તિ અને અનંતતા વિશે વાત કરો, હું દાવા સાથે કહું છું કે કોઈ કહેવાતા દર્શનશાસ્ત્રી કરતાં આ દેશનો નાનામાં નાનો ખેડૂત પણ આ બધાં વિશે ખૂબ વિસ્તારથી ચર્ચા કરી શકશે. આ દેશ આજે પણ અડીખમ ઊભો છે, કારણ કે આ દેશની માટીમાં ભગવાનનો વાસ છે. દેશની મુખ્ય સંપત્તિ ધર્મ અને અધ્યાત્મ છે.

નીચામાં નીચી જ્ઞાતિ પાસેથી પણ સારી બાબતો શીખો અને તેના પર અમલ કરો. કોઈ 'પરિહા' પાસેથી પણ સ્વતંત્રતાનો પાઠ શીખો, તમારા પગ પર ઊભા રહો અને અને તમે જે કરવા ઈચ્છો છો તેને આત્મસાત્ કરો. દરેક દેશ પાસેથી કંઈ ને કંઈ શીખતા રહો. દરેક માણસનું પોતાનું જીવનકાર્ય હોય છે, જેનો આધાર તેનાં કર્મો હોય છે. તમે આ જે અદ્‌ભુત અને બેમિસાલ ભૂમિ પર જન્મ્યા છો તેનો પણ પોતાનો આગવો અને અદ્‌ભુત વારસો છે. તમારા બધા જ પૂર્વજો તમારાં દરેક કાર્યો પર નજર રાખીને બેઠા છે, માટે હંમેશા સજાગ રહો. મારા આ શબ્દો યાદ રાખજો, જો તમે અધ્યાત્મને ત્યજીને પશ્ચિમી સંસ્કૃતિના ભૌતિક જીવન

તરફ આગળ વધશો તો તમારી ત્રીજી પેઢી એ તમારી આખરી પેઢી હશે. દેશની કરોડરજ્જુ ભાંગી પડશે, જે પાયા ઉપર દેશની ઇમારત ખડી છે, તે તૂટી પડશે, અને છેવટે જડમૂળમાંથી સર્વત્ર નાશ થઈ જશે.

એટલે જ મારા મિત્રો, આ બધાંમાંથી નીકળવાનો એક જ રસ્તો છે તે એ કે તમે અધ્યાત્મને મક્કમતાથી વળગી રહો. અધ્યાત્મ તો આપણા મહાન પૂર્વજો દ્વારા આપણને મળેલી કીમતી ભેટ છે. ચાલો, મારા ભાઈઓ, આપણે સખત પરિશ્રમ કરીએ, આ સૂવાનો સમય નથી. આપણી માતૃભૂમિ આપણને પોકાર કરી રહી છે. જાગો અને ઊઠો, અને તેને તમે શાશ્વત સત્તાએ બેઠેલી જુઓ, પહેલાં કદીયે ન લાગી હોય એટલી ભવ્ય બનાવો.. આપણી આ જન્મભૂમિ આપણી રાહ જોઈ રહી છે.

❖

મહાત્મા ગાંધી

રાષ્ટ્રપિતા

જન્મ : ૨ ઑક્ટોબર, ૧૮૬૯ મૃત્યુ : ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ જગતને અહિંસા તથા સત્યના વિચારોની ભેટ આપી અને આ જ હથિયારના દમ પર તેમણે ભારતને સ્વતંત્રતા પણ અપાવી. બ્રિટિશરો સામે ગાંધીજીએ દાંડીકૂચ, અસહકાર આંદોલન અને ભારત છોડો આંદોલન જેવી કેટલીય ચળવળ ચલાવી હતી. અંગ્રેજોના અન્યાય વિરુદ્ધ આ દરમિયાન ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા'માં ત્રણ લેખ લખ્યા હતા, જે સંદર્ભે બ્રિટિશરોએ ગાંધીજીની અટકાયત કરી અને તેમના પર હિંસા ફેલાવવાનો આરોપ ઘડ્યો. ૧૮ માર્ચ ૧૯૨૨ના દિવસે ગાંધીજી પર ચાલેલા ખટલા દરમિયાન ગાંધીજીએ પ્રસ્તુત વક્તવ્ય આપ્યું હતું.

અહિંસા મારા ધર્મનો પહેલો મંત્ર છે

અહિંસા મારા ધર્મનો પહેલો મંત્ર છે, અને એ જ મારા ધર્મનો છેલ્લો મંત્ર છે. પણ મારે તો બે બૂરાઈઓ વચ્ચે પસંદગી કરવાની હતી. કાં તો મારે મારા દેશને પારાવાર નુકસાન કરી રહેલી રાજ્યપદ્ધતિને વશ થવું રહ્યું, નહીં તો મારે

મુખેથી દેશની વાસ્તવિક સ્થિતિ વિષે સાંભળ્યા પછી મારા દેશી બંધુઓનો પિત્તો ઊછળે એનું જોખમ ખેડવું રહ્યું. મારા દેશી બંધુઓ કેટલીક વાર ગાંડા બન્યા છે તે હું જાણું છું. તે માટે મને ખૂબ દુઃખ થયેલું છે અને તેથી જ અહીં હું નરમ સજા નહીં પણ સખતમાં સખત સજા માગી લઉં છું.

હું દયા માગતો નથી, તેમ મારા ગુનાને હળવો ગણવો એવી કશી દલીલ કરવા ઇચ્છતો નથી. માટે કાયદાની દૃષ્ટિએ જે ઇરાદાપૂર્વક ગુનો ગણાય પણ મારે મન તો જે દરેક શહેરીની ઊંચામાં ઊંચી ફરજ છે તે માટે સખતમાં સખત સજા માગી લેવા અને તેને તાબે થવા હું અહીં બેઠો છું. મારા લેખી એકરારમાં હું હમણાં જ જણાવવાનો છું તેમ હે ન્યાયાધીશ ! તમારે માટે બે જ માર્ગ ખુલ્લા છે. જો તમને લાગે કે જે કાયદાનો તમારે અમલ કરવાનો છે તે એક પાપી વસ્તુ છે અને ખરું જોતાં હું નિર્દોષ છું તો તમે તમારી જગાનું રાજીનામું આપો અને એમ કરીને પાપનો સંગ તજો; પણ જો તમને એમ લાગે કે જે કાયદાનો તમે અમલ કરો છો અને જે પદ્ધતિ ચલાવવામાં મદદ કરો છો તે સારી વસ્તુ છે અને તેથી મારી પ્રવૃત્તિ પ્રજાહિતને નુકસાનકર્તા છે, તો કડકમાં કડક સજા ફરમાવો. મેં પહેલો કહ્યો તેવો પલટો તમારામાં થાય એમ હું ધારતો નથી. પણ મારો એકરાર હું પૂરો વાંચી રહું તે પહેલાં એક સમજુ માણસને આટલું ભારે જોખમ ખેડવા પ્રેરે એવું શું શું મારા હૈયામાં વલોવાઈ રહ્યું હોવું જોઈએ તેની ઝાંખી કદાચ તમને થશે.

(ગાંધીજીએ કોર્ટ સામે વાંચેલું બયાન)

મારા જાહેરજીવનની શરૂઆત સને ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકામાં વિષમ સંજોગો વચ્ચે થઈ. એ દેશમાં અંગ્રેજી સત્તા જોડેનો મારો પહેલોવહેલો સમાગમ ઝાઝો સુખદાયી ન કહેવાય. મને માલૂમ પડ્યું કે માણસ તરીકે અને એક હિંદી તરીકે મને કશા જ હક નહોતા; ઊલટું મેં જોયું કે હું હિંદુસ્તાની હતો એટલા જ કારણસર માણસ તરીકેના પણ મારા હકો માર્યા જતા હતા.

પણ આથી હું હાર્યો નહીં. હિંદીઓ પ્રત્યે ચલાવવામાં આવતું દુર્વર્તન એ એક મોટે ભાગે સારા એવા રાજતંત્ર ઉપર વળેલો બહારનો મેલ છે. મૂળ હાડે તો તંત્ર સારું છે એમ મેં મારા મનને મનાવ્યું અને જ્યાં મને એ સરકારના દોષ જણાયા ત્યાં તે સારુ તેને વખતોવખત વખોડવા છતાં તેનો નાશ કદી પણ ન ઇચ્છતાં એ સરકાર જોડે હું સ્વેચ્છાપૂર્વક અને સાચા દિલથી સહકાર કરતો રહ્યો.

આથી સને ૧૮૯૯માં બોઅર યુદ્ધ વેળાએ જ્યારે સલ્તનતની હસ્તી જોખમમાં આવી પડી ત્યારે મેં તેને મારી સેવા અર્પણ કરી. મેં જખમીઓની

માવજત કરનારી સ્વંયસેવકોની ટુકડી ઊભી કરી અને લેડી સ્મિથના બચાવને સારુ થયેલી સંખ્યાબંધ લડાઈઓ દરમ્યાન મારાથી બનતું કર્યું. તે જ પ્રમાણે સન ૧૯૦૬માં ઝુલુ બળવા દરમિયાન પણ મેં જખમીઓને ઉઠાવનારા ડોળીવાળાઓની એક ટુકડી ઊભી કરેલી અને 'બળવો' શમતાં સુધી સેવા બજાવેલી. આ બન્ને પ્રસંગે મારી સેવાઓને માટે મને ચાંદ મળેલા અને સરકારી ખરીતાઓમાં મારા કામની ખાસ નોંધ લેવાયેલી. દક્ષિણ આફ્રિકામાંના મારા કામની કદરમાં લૉર્ડ હાર્ડીંજ તરફથી મને કૈસરેહિંદ સુવર્ણપદક મળેલો. સને ૧૯૧૪માં જ્યારે ઇંગ્લૅન્ડ અને જર્મની વચ્ચે લડાઈ જાગી ત્યારે મેં લંડનમાં તે વખતે વસતા હિંદીઓની, મુખ્યત્વે વિદ્યાર્થીઓની એક 'ઍમ્બ્યુલન્સ' ટુકડી ઊભી કરેલી. આ ટુકડીએ કીમતી સેવા બજાવ્યાની ત્યારના અમલદારોની કબૂલાતો છે. અને છેલ્લે હિંદમાં જ્યારે ૧૯૧૭ની સાલમાં દિલ્હીમાં મળેલી યુદ્ધ પરિષદમાં લૉર્ડ ચેમ્સફર્ડે લશ્કરી ભરતીને સારુ આગ્રહભરી અરજ કરી ત્યારે સુધ્ધાં મારી તબિયત સામું પણ ન જોતાં ખેડા જિલ્લામાં લશ્કરી ભરતીને સારુ હું મથ્યો, જોકે મારા પ્રયત્નને ફળ આવવા માંડ્યું એટલામાં લડાઈ બંધ થઈ અને વધુ રંગરૂટોની જરૂર નથી તે બાબતના હુકમો નીકળ્યા. આ બધા સેવાના પ્રયત્નો દરમ્યાન હું એ જ આશાની હૂંફે જીવતો હતો કે આવી સેવાઓ બજાવીને મારા દેશબંધુઓને સારુ સલ્તનતમાં સંપૂર્ણ સમાનતાનો દરજ્જો મેળવી શકાશે.

એ મારી આશા પર પહેલોવહેલો ફટકો 'રૉલેટ ઍક્ટ'ના રૂપમાં પડ્યો. એ કાયદા સામે મારે કડવી ઝુંબેશ ચલાવવી પડી. ત્યાર બાદ પંજાબનો કાંડ શરૂ થયો, જેનો આરંભ જલિયાંવાલાની કતલથી થયો અને અવધિ પેટે ચલાવવાના હુકમોમાં, જાહેર રસ્તાઓ પર ફટકાઓ મારવામાં અને એવાં જ બીજાં અકથનીય અપમાનભર્યાં કૃત્યોમાં થઈ. મેં એ પણ જોયું કે તુર્કી તેમ જ ઇસ્લામનાં પવિત્ર સ્થળો પર હાથ ન નાખવાના સંબંધમાં હિંદી મુસલમાનોને વડા પ્રધાને આપેલો કોલ પળાવાનો ઝાઝો સંભવ ન હતો. પણ એ બધાં લક્ષણ દેખાતાં છતાં અને મિત્રોએ પણ મને ગંભીર ચેતવણીઓ આપ્યા છતાં અમૃતસરની મહાસભા વેળાએ સરકાર જોડે સહકારની તેમ જ મોંટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા સ્વીકારવાની તરફેણમાં હું ઝૂક્યો, એવી આશાએ કે વડા પ્રધાન હિંદી મુસલમાનોને આપેલો પોતાનો કોલ આખરે પાળશે, પંજાબનો જખમ રૂઝવવામાં આવશે અને સુધારા જોકે અધૂરા અને અસંતોષકારક હતા છતાં તે હિંદના જીવનમાં એક નવા અને આશાદાયી યુગના સૂચક નીવડશે.

પણ મારી આશાઓ બધી ધૂળ મળી. ખિલાફતને લગતો કોલ પાળવામાં ન આવ્યો. પંજાબના કાંડ પર સફેદો ફેરવવામાં આવ્યો અને ગુનેગારોને શિક્ષા કરવાનું તો કોરે રહ્યું પણ ઊલટા તેઓ પોતાની નોકરીઓ પર કાયમ રહ્યા અગર તો તેમનાં પેન્શનો હિંદી ખજાનામાંથી આપવાં ચાલુ રહ્યાં અને વળી કેટલાક દાખલાઓમાં તો તેમને ઊલટાં ઇનામ-અકરામો એનાયત કરવામાં આવ્યાં ! મેં એ પણ જોયું કે સુધારાઓથી જે દિલના પલટાની આશા બાંધવામાં આવી હતી તેવો કશોયે પલટો ન થતાં માત્ર હિંદુસ્તાનનું ધન વધુ ચૂસવાની અને માત્ર તેની ગુલામીને લંબાવવાની જ તે એક નવી તદબીર હતી.

અફસોસપૂર્વક હું એ નિર્ણય ઉપર આવ્યો કે બ્રિટિશ હકૂમતે રાજદ્વારી તેમ જ આર્થિક બન્ને દૃષ્ટિએ હિંદને તે અગાઉ કદી નહોતું તેટલું લાચાર જ કરી મેલ્યું છે. નિશઃસ્ત્ર હિંદ આજે કોઈ પણ હુમલાખોર સામે શસ્ત્રની લડાઈમાં ઊતરવા માગે તો તેમ કરવાની આજે તેનામાં કશી જ તાકાત નથી અને આ સ્થિતિ એટલી હદ સુધી વ્યાપેલી છે કે અમારા કેટલાક સારામાં સારા માણસો પણ આજે એવું માને છે કે હિંદે સંસ્થાનોની ઢબનું સ્વરાજ મેળવવાને પણ હજુ અનેક પેઢીઓ વિતાડવી જોઈએ. હિંદુસ્તાન આજે એટલું તો નાદાર બની ગયું છે કે તેનામાં દુષ્કાળોની સામે ઝીંક ઝીલવાની બિલકુલ શક્તિ નથી. અંગ્રેજોએ અહીં પગલાં કર્યાં તે અગાઉ હિંદ પોતાનાં લાખો ઝૂંપડાંઓમાં કાંતતું તથા વણતું અને ખેતીમાંથી મળી રહેનારી પોતાની નાનીશી આજીવિકામાં રહેતી ખોટ ભરી કાઢતું. જીવાદોરી સમો આ હિંદનો ગૃહઉદ્યોગ માની ન શકાય એટલા નિષ્ઠુર અને અમાનુષ ઉપાયો વડે નષ્ટ કરવામાં આવ્યો, જેનાં બ્યાનો અંગ્રેજ સાક્ષીઓએ કરેલાં છે. હિંદની અધપેટે રહેનારી આમપ્રજા કેવી ધીમે ધીમે મૃતઃપ્રાય થતી જાય છે એની શહેરોના રહેનારાઓને ભાગ્યે જ ભાળ છે. તેઓને ખબર નથી કે તેમને ભોગવવા મળતાં ક્ષુદ્ર એશઆરામ તેઓ હિંદને ચૂસનારા પરદેશી મૂડીદારોનાં ઘર ભરવા જે મહેનત કરે છે તેની દલાલી સિવાય બીજું કશું નથી. અને પેલાઓનો બધો નફો તેમ જ આમની દલીલ બન્ને હિંદની ગરીબ પ્રજાને નિચોવીને જ નિતારી કાઢેલાં હોય છે. તેમને ગમ નથી કે બ્રિટિશ હિંદમાં કાયદાથી સ્થપાયેલી સરકાર એ ગરીબ આમપ્રજાને આ રીતે ચૂસવાની ખાતર જ ચલાવવામાં આવે છે. ચાહે તેવા વિતંડાવાદથી કે આંકડા અહેવાલોનાં ચાહે તેવાં માયાવી કોષ્ટકોથી આજે જે પુરાવો હિંદનાં ગામડાંઓ પોતાનાં ચાલતાં-બોલતાં હાડપિંજરોથી નરી આંખને પણ આપી રહેલ છે તેને ઉડાવી શકાય તેમ નથી. મારા મનને તો

છાંટાભાર શક નથી કે ઈશ્વર જેવો કોઈ માલિક જો દુનિયાને માથે હોય તો તેના દરબારમાં ઇંગ્લૅન્ડને તેમ જ હિંદુસ્તાનનાં આ બધાં શહેરોમાં વસનારાઓને બેઉને આ ગુનાને માટે ઇતિહાસમાં કદાચ જેની જોડ ન મળી શકે એવા માનવજાતિ સામેના ગુનાને માટે જવાબ દેવો પડશે. ખુદ કાયદો પણ આ દેશમાં હિંદને ચૂસી લેનાર પરદેશીઓની સેવાને અર્થે જ વપરાય છે. પંજાબ માર્શલ લૉના મુકદ્દમાની મારી તટસ્થ તપાસને પરિણામે મારા ઉપર એવી જ છાપ પડી કે સેંકડે ઓછામાં ઓછી પંચાણું ટકા સજાઓ કેવળ દુષ્ટ હતી. હિંદમાંના રાજદ્વારી મુકદ્દમાઓના મારા અનુભવ ઉપરથી મેં જોયું છે કે તેમાં સજા પામેલા લોકોમાંના દસમાંથી નવ સાવ નિર્દોષ હતા. સ્વદેશપ્રીતિ એ જ એમનો ગુનો. હિંદની અદાલતોમાં યુરોપિયનોની સામે કામ માંડનારા સોમાંથી નવાણું હિંદીઓને ન્યાય મળતો નથી. આ ચિતારમાં રંગપૂરણી કે અતિશયોક્તિ ક્યાંયે નથી. આવા મુકદ્દમાઓ જોડે સંબંધ ધરાવવાનો જે જે કોઈ હિંદીઓને પ્રસંગ પડ્યો છે તેવા લગભગ દરેક હિંદીનો અનુભવ આવો જ છે.

સૌથી મોટું દુર્ભાગ્ય તો એ છે કે અંગ્રેજ લોક તેમ જ દેશનો કારભાર કરવામાં ભળનારા તેમના હિંદી સાથીઓ પોતે મેં ઉપર વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે તેવો કશો ગુનો કરવામાં રોકાયેલા છે એ સમજી શકતા નથી. મને ખબર છે કે ઘણા અંગ્રેજ તેમ જ હિંદી અમલદારો પ્રામાણિકપણે એવું માનનારા છે કે પોતે દુનિયામાંનું એક સારામાં સારું રાજતંત્ર ચલાવી રહ્યાં છે અને તે નીચે હિંદુસ્તાન ધીમ પગલે પણ સંગીન પ્રગતિ કરી રહ્યું છે. તેમને ભાળ નથી કે પ્રજાને થથરાવી મૂકવાની એક અદશ્ય પરંતુ અસરકારક કાર્યપદ્ધતિથી તથા પશુબળના વ્યવસ્થિત દેખાવથી અને બીજી બાજુએ પ્રતિકાર કરવાની અગર આત્મરક્ષણની સુધ્ધાં બધી શક્તિ પ્રજા પાસેથી ખૂંચવી લેવામાં આવ્યાથી પ્રજા આખી નપુંસક બની ગઈ છે અને તેમનામાં દંભ અને પામરતા ફેલાયાં છે. અને આ ભયાનક કુટેવને પરિણામે કારભારીઓમાં અજ્ઞાન અને આત્મવંચના બેવડાં બન્યાં છે. જે ૧૨૪-અ કલમનું સદ્‌ભાગ્યે મારા ઉપર તહોમત મેલવામાં આવ્યું છે તે કલમ હિંદી નાગરિકની સ્વતંત્રતા કચડી નાખવા સારુ ઘડવામાં આવેલી રાજદ્વારી કલમોમાં કદાચ સર્વોપરી છે. પ્રીતિ કંઈ કાયદાથી પેદા થનારી કે નિયમમાં રહેનારી વસ્તુ નથી. માણસને જો કોઈ શખસ કે વસ્તુ પ્રત્યે પ્રીતિ ન હોય તો જ્યાં સુધી તે મારફાડ કે ખુનામરકીનો ઇરાદો ન રાખતો હોય અગર તો ખુનામરકીને ઉત્તેજન કે ઉશ્કેરણી ન કરતો હોય ત્યાં સુધી તેને પોતાની અપ્રીતિ દર્શાવવાનો પૂરેપૂરો અખત્યાર હોવો

જોઈએ, પણ જે કલમમાંનો આરોપ ભાઈ શંકરલાલ ઉપર તેમ જ મારા ઉપર મૂકવામાં આવ્યો છે તે મુજબ તો માત્ર અપ્રીતિ ફેલાવવી એટલું પણ ગુનો છે. આ કલમ નીચે ચાલેલા કેટલાક મુકદ્દમાઓ મેં તપાસ્યા છે અને હું જાણું છું કે હિંદના કેટલાક મોટામાં મોટા પ્રજામાન્ય પુરુષોને એ કલમ હેઠળ સજાઓ કરવામાં આવી છે અને તેથી આ કલમ હેઠળ મારા પર આરોપ મુકાયો એમાં હું મારી મોટી ઇજ્જત થઈ સમજું છું. મારી અપ્રીતિનાં કારણોની ટૂંકામાં ટૂંકી રૂપરેખા આપી દેવા મેં ઉપર પ્રયત્ન કર્યો છે. કોઈ પણ અમલદાર કે કારભારી સામે મારે અંગત કે વ્યક્તિગત એવું કશું જ વેર નથી, તો રાજાની સામે તો મારે અપ્રીતિ હોઈ જ શી શકે ? પણ જે સરકારે અગાઉના બીજા કોઈ પણ રાજતંત્રના કરતાં સરવાળે હિંદુસ્તાનનું અહિત જ વધારે કર્યું છે તેની સામે અપ્રીતિ થવી એને તો હું સદ્‌ગુણ જ સમજું છું. બ્રિટિશ હકૂમત હેઠળ, હિંદમાં અગાઉ કોઈ કાળે ન થયેલો એટલો મર્દાનગીનો લોપ થયો છે. આવી મારી માન્યતા હોવાથી એવા રાજતંત્રને વિષે મનમાં પ્રીતિ હોવી એને હું પાપ માનું છું. અને તેથી મારી સામે પુરાવા તરીકે રજૂ કરવામાં આવેલા જુદા જુદા લેખોમાં મેં જે કંઈ લખ્યું છે તે બધું હું લખી શક્યો એ વાતને હું મારું અહોભાગ્ય ગણું છું.

ખરું જોતાં તો હું માનું છું કે જે અસ્વાભાવિક સ્થિતિમાં અત્યારે ઇંગ્લૅન્ડ તેમ જ હિંદુસ્તાન રહે છે તેમાંથી ઊગરી જવાનો અસહકારનો માર્ગ બતાવ્યો તેમાં મેં બન્નેની સેવા જ બજાવી છે. મારા નમ્ર અભિપ્રાય મુજબ તો બૂરાઈની સામે અસહકાર કરવો એ નેકીની જોડે સહકાર કરવાના જેટલી જ માણસની ફરજ છે. પણ બૂરાઈ કરનાર સામે ઇરાદાપૂર્વક હિંસા અખત્યાર કરીને જ એવો અસહકાર પ્રદર્શિત કરવાની પ્રથા ઘણા કાળથી દુનિયામાં ચાલતી આવી છે. હું મારા દેશવાસીઓને બતાવી આપવા મથી રહ્યો છું કે હિંસાવૃત્તિથી ચલાવેલો અસહકાર સરવાળે દુનિયામાં બૂરાઈને ઘટાડવાને બદલે વધારવાનું જ હથિયાર બને છે અને બૂરાઈને નભાવવાનું એકમાત્ર સાધન હિંસા હોવાથી પોતા તરફથી તેને મળતો ટેકો ખેંચી લેવા માગનારે હિંસાનો નિઃશેષ ત્યાગ કરવો રહ્યો. એવી અહિંસાવૃત્તિથી બૂરાઈ જોડે અસહકાર કરવા જતાં ખમવા પડનારાં દુઃખોને સ્વેચ્છાપૂર્વક માથે લેવાં જોઈએ એ આવી જાય છે. તેથી કાયદાની નજરે જે મારો ઇરાદાપૂર્વક કરેલો ગુનો ગણાય અને છતાં મારી પોતાની નજરમાં જે શહેરી તરીકેનો માણસનો સર્વોપરી ધર્મ છે, તેને સારુ આકરામાં આકરી સજા માગી લેવા અને તે સજા આનંદપૂર્વક માથે ચડાવવા હું અહીં ઊભો છું. જજ સાહેબ ! આપને

માટે તેમ જ પંચના સાહેબોને માટે પણ એટલો જ માર્ગ ખુલ્લો છે કે જે કાયદાનો અમલ કરવાનું તમને સોંપવામાં આવ્યું છે તે કાયદો ખરું જોતાં દુષ્ટ છે અને વસ્તુતઃ હું નિર્દોષ છું એમ જો તમે માનતા હો તો તમારે તમારી જગ્યાઓનાં રાજીનામાં આપી દેવાં ને એ રીતે પાપની ભાગીદારીમાંથી નીકળી જવું. આથી ઊલટું જે તંત્ર અને જે કાયદો ચલાવવામાં તમે અત્યારે મદદ કરી રહ્યા છો તે હિંદની પ્રજાને સારુ હિતકર છે અને તેથી મારી પ્રવૃત્તિ જાહેર હિતને નુકસાન કરનારી છે એવો તો તમારો વિશ્વાસ હોય તો તમને ઘટે છે કે તમારે મને સખતમાં સખત સજા દેવી.

(મૂળ અંગ્રેજી પરથી)

(સંદર્ભ : યરવડાના અનુભવ, લે : ગાંધીજી, પ્રકાશન : નવજીવન)

❖

લાલા લજપતરાય

પંજાબના શેર - બાહોશ સ્વાતંત્ર્ય-સેનાની

જન્મ : ૨૮ જાન્યુઆરી, ૧૮૬૫ મૃત્યુ : ૧૭ નવેમ્બર, ૧૯૨૮

પંજાબના શેર તરીકે જાણીતા લાલા લજપતરાય અંગ્રેજોના અત્યાચારો અને અન્યાયનો વિરોધ કરતાં હંમેશા તેમની સામે બહાદુરીપૂર્વક ઝઝૂમતા હતા. ભારતમાં બ્રિટિશરો દ્વારા થઈ રહેલા અત્યાચાર સામે જાગૃતિ લાવવા તેમણે ૧૯૧૭માં ન્યૂયોર્કમાં હોમ રુલ લીગની સ્થાપના કરી હતી. બંધારણીય સુધારા તથા નીતિઓ ઘડવા માટે અંગ્રેજોએ 'સાયમન કમિશન'ની રચના કરી હતી. જોકે તેમાં ભારતનો એકેય સભ્ય ન હોવાથી ભારતમાં તેનો જોરદાર વિરોધ થયેલો અને લાલા લજપતરાયે 'સાયમન પાછો જા'ના નારા સાથે ૧૬ ફેબ્રુઆરી, ૧૯૨૮ના દિવસે આ વક્તવ્ય આપ્યું હતું.

૧. સાયમન પાછો જા : સાયમન કમિશનનો વિરોધ

હું મારું ભાષણ શરૂ કરું તે પહેલાં લીધેલાં પગલાંના કેટલાંક કારણો ટૂંકમાં આપી દેવા માંગું છું. સૌ પ્રથમ તો હું આ કમિશનની રચના કરનાર સરકાર કે લોકો વિશેની સત્યતા પર વિશ્વાસ કરી શકતો નથી. બીજું કે કમિશન સાથે

સંકળાયેલા લોકોની ક્ષમતા અંગે હું કોઈ ઊંચો અભિપ્રાય ધરાવતો નથી. હું સ્વીકારું છું કે શ્રીમાન જહોન સાઈમન એ સક્ષમ વ્યક્તિ છે, અને તેમના હેતુઓ અને ઉદ્દેશો પણ સારા છે, પરંતુ કમિશનના અન્ય સભ્યો ભારતની અવગણના કરે છે. ભારતના ઇતિહાસ અને રાજકારણને અવગણે છે. આની સમજણ વિના તેઓ તેમને સોંપવામાં આવેલા કાર્ય માટે યોગ્ય ન ગણાય. વળી, કમિશનને તેમનાં કાર્યો પૂર્ણ કરવામાં ઘણો ઓછો સમય આપવામાં આવ્યો છે. અરે, આ અત્યંત જટિલ કાર્યને ખુદ ભગવાન પણ આટલા ટૂંકા ગાળામાં પાર ન પાડી શકે. તેઓ એવી કોઈ ભલામણો નથી કરી શકવાના કે જે સરળતાથી ભારત અને ઇંગ્લૅન્ડ બન્નેને સ્વીકાર્ય હોય. કમિશનના સભ્યો એટલા ભયભીત થઈ ઊઠ્યા છે કે તેઓ બહાર પણ નીકળી શકતા નથી કે લોકોને મળીને કોઈ વાતચીત પણ કરી શકતા નથી. અરે, તેઓ લોકોને તેમના કાર્યક્રમ વિશે પણ કશું જણાવતા નથી. તેઓ તેમના દરેક કાર્ય - ગતિવિધિને ખૂબ અંગત રાખે છે. તેઓ ક્યાં અને કેવી રીતે જાય છે, તેના વિશે કોઈ જ કશું જાણતું નથી.

ત્રીજી વાત કે આજે આપણો દેશ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે, તે ઉકેલવા તેઓ સક્ષમ હોવાની વાત પર મને જરાય વિશ્વાસ નથી. ભારતના પ્રશ્નો એવા જટિલ છે કે કમિશન તેને ઉકેલી શકશે નહીં. આ માટે ભારત અને ઇંગ્લૅન્ડ વતી પ્રતિનિધિઓએ સાથે બેસીને ઉકેલ લાવવો જોઈએ.

રાજ્ય સચિવ ભારત અને ઇંગ્લૅન્ડના ગૌરવપૂર્ણ જોડાણની વાતો કરે છે. તેમના કહ્યા મુજબ બ્રિટિશ સરકારે ભારતને અરાજકતામાંથી ઉગાર્યું છે અને જો બ્રિટિશરો પાછા જતા રહેશે તો ભારત ફરીથી અરાજકતાની ઝપટમાં આવી જશે. તેઓ દૃઢતાપૂર્વક કહે છે કે સરકારને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના હાથમાંથી દૂર રાખીને સંસદે ભારતની તરફેણ કરી છે. બ્રિટિશરોનો મત મારાથી ભિન્ન છે. તેઓ કદાચ એવું વિચારે છે તેમનું ભારત સાથેનું જોડાણ ભારત માટે ગૌરવપૂર્ણ અને ફાયદાકારક છે, પરંતુ હું માનું છું કે તે શરમજનક અને નુકસાનકારક છે. આ જોડાણ કોઈપણ રીતે ભારત તરફી હોય એવું હું માની શકતો નથી. મારાં વિચારો-મંતવ્યો અને રાજ્ય સચિવનાં મંતવ્યો આ બાબતે તદ્દન વિપરીત છે.

તેઓ વિચારે છે કે ભારત અરાજકતામાંથી ઊગરી ગયું છે. હકીકતમાં તો તેઓ પોતે અરાજકતા વિશે શું જાણે છે ? સૌથી મોટી અરાજકતા તો વિદેશી શક્તિને આધીન થઈને જીવવું તે છે. તમારા ભાવિના ઘડતર માટે ઘડવામાં આવનારા કાયદામાં તમે કશું જ કહી ન શકો એવી સરકારના શાસન હેઠળ

અરાજકતા છે.

જો આપણે આ ઠાલી અરાજકતાના ભય હેઠળ ઝૂકી જઈશું તો આપણે ક્યારેય પ્રગતિ નહીં કરી શકીએ. આ ગૃહથી હું જરાય ગભરાતો નથી. હું કોઈપણ અરાજકતાનો સામનો કરવા તૈયાર છું. એકવાર બ્રિટિશરો ચાલ્યા જશે તો તેના પર પણ જીત મેળવી લઈશું. જો આપણે આ લોકોને સહી શકતા હોઈએ, તો આપણે બધું જ સહેવા સક્ષમ છીએ. આના કરતાં વધારે કશું જ ખરાબ ન હોઈ શકે. આ ગુલામી કરતાં નિમ્ન શું હોઈ શકે ? જો બ્રિટિશરો એમ માનતા હોય કે આપણે લડત આપીશું અને તૂટી જઈશું તો હું તે સહેવા પણ તૈયાર છું. આપણે ઘણાં વર્ષોથી એકબીજા સાથે ઝઘડતા રહ્યા છીએ, પરંતુ હવે આપણા મતભેદો દૂર કરવાનો અને ચોક્કસ પ્રકારની સરકાર રચવાનો સમય છે. હું જોઈ શકું છું કે યુરોપિયન સમુદાયના કેટલાક સભ્યો મારી પર હસી રહ્યા છે. હું તેમને કહું છું, હસો, તમને હસવું પરવડી શકે છે. તમે એક ચિત્રકાર જેવા છો, જે પોતે જ પોતાનું ચિત્ર સ્પષ્ટ નથી દોરી શકતો. જો અમે જે સહન કર્યું છે એવું તમારે સહન કરવાનું આવે તો તમે પણ હસી નહીં શકો. માત્ર બે વર્ષના ગાળા માટે પણ અમે ઇંગ્લૅન્ડ પર શાસન કર્યું હોત તો તમે હસવાને બદલે રડતા હોત !

૨. આઝાદી તરફ

લાલા લજપતરાય પશ્ચિમી દેશોમાં ભારતની સ્વતંત્રતા માટેની હિમાયત કરીને સ્વદેશ પરત ફર્યા બાદ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૨૦ના રોજ મુંબઈમાં આ વક્તવ્ય આપ્યું હતું.

દેશની રાજકીય સ્થિતિ વિશે મારા વિચાર રજૂ કરવાનો ન તો આ સમય છે કે ન તો કોઈ અવસર. છતાંય આજે યુવા ભારત વિશે હું મારા વિચાર અને અભિપ્રાય મૂકીશ. એ વાત જાહેર કરતાં મને ખૂબ આનંદ થાય છે કે દેશના ભવિષ્ય માટે હિન્દુ-મુસ્લિમ એકતાનો મળભૂત સિદ્ધાંત મોટી સંપત્તિ બની શકે છે. આ કંઈ ટૂંકા ગાળાનું ધ્યેય નથી પરંતુ લાંબા ગાળાનું ચિરસ્થાયી સત્ય છે જે આપણા જીવનપર્યંત અને આઝાદી મેળવીશું ત્યાં સુધી ટકી રહેશે. ત્યાર પછી પણ આપણે ભાઈભાઈની જેમ જીવીશું, જેનાથી વિજયી થઈશું. આ પાયાનો સિદ્ધાંત છે, જેને આપણે રાજકીય આસ્થાના પ્રથમ નિયમની જેમ સ્વીકારવો જોઈએ.

બીજો સિદ્ધાંત એ છે કે આપણે પોતાની જાત પર વિશ્વાસ રાખતા થઈએ. આપણે તો જ સફળ થઈશું જો પોતાના પ્રયત્નોમાં શ્રદ્ધા રાખી શકીશું. રાષ્ટ્ર

પોતાના દ્વારા જ નિર્મિત થાય છે. આપણે અમુક બાબતમાં માર્ગદર્શન, સહકાર અને સલાહ લઈશું પરંતુ કોઈના આશ્રય કે હુકમને વશ નહીં થઈએ. આપણે કંઈ બાળકો નથી, પરંતુ છ હજાર વર્ષોનો અનુભવ ધરાવતા એક પરિપક્વ રાષ્ટ્ર છીએ.

મારા વિશ્વભરના પ્રવાસ દરમિયાન, હું ત્રણ આઝાદ અને સ્વશાસિત દેશોના સંપર્કમાં આવ્યો છું, જેમ કે જાપાન, અમેરિકા અને ઇંગ્લેન્ડ. મેં અનુભવ્યું કે આધુનિક તકનીકને અપવાદ ગણીએ તો આપણે તમામ ક્ષેત્રમાં તેમની સમકક્ષ છીએ. આપણે એકતા જાળવવામાં, આધુનિક સમયની વ્યાપકતા કેળવવામાં તથા આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરીના પાઠ શીખવવામાં થોડા કાચા છીએ. આપણે પણ હમણાં એક મહાન સ્વશાસિત રાષ્ટ્ર તરીકે ઓળખાવા માંડી જો ભૂતકાળનું અસ્તિત્વ મિટાવી દઈ હિંસાના ક્ષેત્રમાં પ્રવેશી જઈએ તથા વ્યાપક રીતે અસત્ય બોલવા માંડીએ. આપણામાં આ કહેવાતા ગુણોનો અભાવ છે, પરંતુ હું ઇચ્છું કે તમે એક ગુણને અનુસરો. આપણે હંમેશા સત્યના પડખે રહ્યા છીએ અને સત્યના આધારે જ આપણે જીત મેળવવાનો પ્રયાસ કર્યો છે. આ રીતે તમે તમારા રાષ્ટ્ર પ્રત્યે વફાદાર થવાનો પ્રયત્ન કર્યો છે. સત્યની શોધ કરો, સત્ય બોલો અને સત્યને અનુસરો. જો તમે આવું કરવાનું વચન આપશો તો તમારી જીત થશે. લોકો શ્રેષ્ઠ સાબિત થવા લડી રહ્યા છે, પણ આપણે માત્ર સમાનતા મેળવવી છે.

સામ્રાજ્યવાદની હાક સાંભળીને લોકો તેના મોહમાં ફસાઈ રહ્યા છે અને સામ્રાજ્યવાદની રમતમાં તેઓ ભાગીદાર બનવા ઇચ્છે છે. જોકે આ વ્યવસ્થાનો ભાગ બનવાની ઇચ્છા મને ક્યારેય થઈ નથી. મને એવું લાગે છે માનવીએ ગુનેગાર અને પાપી કરતાંય કોઈ અધમ શબ્દ શોધ્યો હોય તે 'સામ્રાજ્યવાદ' છે.

❖

જવાહરલાલ નેહરુ

ભારતના પ્રથમ વડાપ્રધાન

જન્મ : ૧૪ નવેમ્બર,૧૮૮૯ મૃત્યુ : ૨૭ મે, ૧૯૬૪

સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની ગણના ભારતના શ્રેષ્ઠ વક્તાઓમાં થાય છે. તેમણે ગાંધીજી તથા સરદાર સાથે સ્વાતંત્ર્યની ચળવળોમાં ભાગ લીધો હતો અને અનેક વખત જેલવાસ પણ વેઠ્યો હતો.

અહીં નેહરુનાં બે વક્તવ્યો આપ્યાં છે. ભારત આઝાદ થયું તે સાંજે તેમણે 'નિયતિના મુકામે' વક્તવ્ય આપ્યું હતું. અને બીજું વક્તવ્ય 'પ્રકાશ ચાલ્યો ગયો છે' ગાંધીજીને ગોડસેએ ગોળીએથી વીંધ્યા એ પછી રેડિયો પર આપ્યું હતું.

૧. નિયતિના મુકામે

વર્ષો પહેલાં, આપણે નિયતિના મુકામે પહોંચવાનું વચન આપ્યું હતું, અને હવે એ સમય આવી ગયો છે કે આપણે એ વચનને નિભાવીએ, સંપૂર્ણ રીતે નહિ, છતાં કેટલીક હદ સુધી તો ખરું જ. મધ્યરાત્રીએ બારના ટકોરે જ્યારે આખી દુનિયા ગાઢ નિદ્રામાં હશે, ત્યારે ભારત આઝાદીના નવા જીવન સાથે જાગશે. ઈતિહાસમાં ભાગ્યે જ આવી ક્ષણો આવે છે, જ્યારે જૂની બાબતોનો અંત આવતો

હોય છે અને આપણે નવા તરફ પ્રયાણ કરીએ છીએ, જ્યારે એક યુગ સમાપ્ત થાય છે, અને વર્ષોથી શોષિત એક રાષ્ટ્રનો આત્મા પોતાની વ્યથા કહી શકે છે. આ એક ગંભીર અવસર છે, જ્યારે આપણે ભારત અને તેના લોકોની સેવા કરવાની પ્રતિજ્ઞા લઈએ, તથા તેથીયે આગળ આપણે માનવતાની સેવા કરવા પ્રતિબદ્ધ થઈએ.

ઇતિહાસના આરંભ સાથે જ ભારતે અનંત શોધની શરૂઆત કરી દીધી હતી અને કેટલીય ઉજ્જડ સદીઓ તેના અવિરત પ્રયત્નો, તેની ભવ્ય સફળતાઓ અને નિષ્ફળતાઓથી ભરાયેલી છે. સમય સારો હોય કે ખરાબ, ભારતે ક્યારેય આ શોધ તરફથી ન તો નજર હટાવી છે ન તો તેને મજબૂત કરનારા આદર્શોને વિસારે પાડ્યા છે. આજે આપણે દુર્ભાગ્યનો અંત આણ્યો છે અને ભારતે ફરી પોતાની શોધ કરી લીધી છે. આજે આપણે જે ઉપલબ્ધીઓને ઊજવી રહ્યા છીએ, તે તો એક કદમ માત્ર છે, નવા અવસરો ખોલવાનો. આનાથી પણ મોટી ઉપ્લબ્ધીઓ અને વિજય આપણી રાહ જોઈ રહ્યા છે. શું આપણે એટલા બહાદુર અને જાગ્રત છીએ કે આ તકને ઝડપી લઈએ અને ભવિષ્યમાં આવનાર પડકારને સ્વીકારીએ લઈએ ?

આઝાદી અને સત્તા જવાબદારીઓ લાવે છે. આ જવાબદારી હવે ભારતની સાર્વભૌમ પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી સાર્વભૌમ સંસ્થા સંસદની પણ છે. આઝાદી મળી તે પહેલાં, આપણે અનેક વેદનાઓ સહી છે અને આપણું હૃદય તે દુઃખોની યાદથી ભારે થઈ ગયું છે. અરે, તેમાંની કેટલીક પીડા હજુ આજે પણ છે, તેમ છતાં ભૂતકાળ વીતી ચૂક્યો છે અને હવે ભવિષ્ય આપણી સામે છે.

આ ભવિષ્ય સરળ નહિ હોય, પરંતુ આપણે સતત પ્રયત્નો કરતા રહેવાના છે જેથી આપણે જે વચનો વારંવાર દોહરાવ્યાં છે તે પૂરાં કરી શકીએ. ભારતની સેવા એટલે લાખો પીડાઈ રહેલા લોકોની સેવા. તેનો અર્થ ગરીબી, અજ્ઞાન, રોગચાળો અને તકોની અસમાનતાને નાબૂદ કરવી. આપણા પેઢીના એક મહાન વ્યક્તિની એ જ ઇચ્છા કહી છે કે દરેક આંખનાં આંસુ લુછાવાં જોઈએ. આ બધું કદાચ આપણા માટે સંભવ ન થાય, પરંતુ જ્યાં સુધી લોકો પીડાતા હશે અને તેમની આંખમાં આંસુ હશે ત્યાં સુધી આપણા કાર્યનો અંત નહીં આવે.

અને એટલા માટે જ સપનાંઓને વાસ્તવિક બનાવવા કઠોર પરિશ્રમ કરવો પડશે, જેથી આપણે સપનાં સાકાર કરી શકીએ. આ સપનાંઓ ભારતની સાથે દુનિયા માટે પણ છે, આજે કોઈ પોતાને અલગ રાખી વિચારી શકે તેમ નથી,

કારણ કે તમામ રાષ્ટ્રો એકબીજા સાથે સમીપતાથી જોડાયેલાં છે. હવે આ વિશ્વમાં શાંતિને અવિભાજ્ય કહેવામાં આવે છે, તેમ આઝાદી પણ અવિભાજ્ય છે, સમૃદ્ધિ અને વિનાશ પણ અવિભાજ્ય અંગ બની જશે. આપણે વિશ્વના નાના-નાના ભાગ ન પાડી શકીએ.

અમે જે ભારતની પ્રજાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છીએ તેને આવાહન કરીએ છીએ કે વિશ્વાસ અને શ્રદ્ધાથી અમારી સાથે આ મહાન સાહસમાં જોડાઓ. આ સમય કોઈની ટીકા કરવાનો કે બીજાને દોષ દેવાનો નથી. આપણે આઝાદ ભારત માટે ભવ્ય ઈમારત ઊભી કરવાની છે જ્યાં ભારતના તમામ સંતાનો વસવાટ કરી શકે.

૨. પ્રકાશ ચાલ્યો ગયો

મિત્રો અને સાથીઓ, આપણા જીવનનો પ્રકાશ ચાલ્યો ગયો છે અને સર્વત્ર અંધકાર છવાઈ ગયો છે. હું નથી જાણતો તમને શું કહું અને કેવી રીતે કહું. આપણા લાડીલા આગેવાન, દેશના રાષ્ટ્રપિતા જેમને આપણે બાપુ કહેતા તે હવે આપણી વચ્ચે નથી. સંભવતઃ મેં ખોટું કહ્યું, તેમ છતાં, જેમ વર્ષોથી આપણે તેમને જોતા આવ્યા છીએ તેમ હવે આપણે તેમને જોઈ નહીં શકીએ. આપણે તેમની સલાહ લેવા કે આશ્વાસન મેળવવા તેમની પાસે દોડીને હવે નહીં જઈ શકીએ. આ જીરવી ન શકાય તેવો આઘાત છે, માત્ર મારા માટે જ નહીં બલ્કે દેશના લાખો લોકો માટે. અને આ આઘાત મારી કે અન્ય કોઈની સલાહથી હળવો થઈ શકે તેમ નથી.

મે કહ્યું પ્રકાશ ચાલ્યો ગયો છે, તેમ છતાંય હું ખોટો છું. આ દેશમાં જે પ્રકાશ પથરાયેલો હતો તે સામાન્ય પ્રકાશ ન હતો. આ પ્રકાશે જ દેશમાં વર્ષો સુધી ઉજાસ પાથર્યો અને આવનારાં વર્ષોમાં પણ આ પ્રકાશ ઉજાસ પાથરશે. આ દેશમાં હજુય તે પ્રકાશ પથરાયેલો છે અને દુનિયા તેને જોશે અને તે અગણિત હૃદયોને આશ્વાસન આપતો રહેશે. એટલે કે આ પ્રકાશનો ભાસ પ્રત્યક્ષ મોજૂદગીથી વધુ હશે, આ પ્રકાશ જીવનનાં શાશ્વત સત્યોનું પ્રતિનિધિત્વ કરે છે, આપણને સાચો માર્ગ બતાવે છે, ભૂલોમાંથી બહાર લાવે છે, અને આ પ્રકાશ પ્રાચીન દેશને આઝાદી અપાવે છે.આ બધું એવા સમયમાં થયું, જ્યારે એમના માટે હજુ ઘણું કરવાનું બાકી હતું.

આપણે ક્યારેય એવો વિચાર નથી કર્યો કે તેમની હાજરી અનાવશ્યક છે અથવા તેમનું કાર્ય પૂરું થઈ ચૂક્યું છે. પરંતુ હવે, વિશેષ કરીને આપણે જ્યારે

અધધ મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છીએ ત્યારે તેઓ આપણી વચ્ચે નથી એ આઘાત સહન કરવો અશક્ય છે.

એક પાગલ વ્યક્તિએ તેમના જીવનનો અંત આણ્યો, જેણે આ કૃત્ય કર્યું છે તેને હું પાગલ જ કહી શકું છું અને વધુમાં છેલ્લાં કેટલાક વર્ષોમાં અને મહિનાઓમાં પૂરા દેશભરમાં ઝેર ફેલાયેલું છે અને આ ઝેરે લોકોના માનસ પર અસર કરી છે. આપણે આ ઝેરનો સામનો કરવો પડશે. આ ઝેરને જડમૂળમાંથી દૂર કરવું પડશે અને આપણે ચોમેરથી ઘેરાયેલા આ સંકટનો સામનો કરવો પડશે અને તેનો મુકાબલો ગાંડપણ કે ખરાબ રીતે નથી કરવાનો, પરંતુ આપણા વહાલા શિક્ષકે જે રસ્તો બતાવ્યો છે તે રીતે કરવાનો છે.

આપણે મજબૂત અને સંકલ્પશક્તિ ધરાવતા લોકોની જેમ વર્તવાનું છે. આપણી આસપાસ ફેલાયેલા તમામ સંકટ સામે સંકલ્પશક્તિથી ટકી રહેવાનું છે, આપણા મહાન નેતા અને શિક્ષકે જે સૂચિત આદેશ આપ્યા છે તેને અનુસરવા મક્કમ બનવાનું છે. હું માનું છું એમ, એ આપણે હંમેશા યાદ રાખવાનું છે કે તેમનો આત્મા આપણી સાથે છે અને આપણને જોઈ રહ્યો છે, આપણે કોઈ ખરાબ વર્તનમાં અથવા કોઈ હિંસામાં સંડોવાયા હોઈશું એનાથી એમના આત્માને અઢળક ઠેસ પહોંચશે.

માટે આપણે તે ન જ કરવું જોઈએ. પરંતુ તેનો અર્થ એ નથી કે આપણે નબળા છીએ, પરંતુ તે કરતાં આપણી સામે આવનારી મુશ્કેલીઓને એકતા અને શક્તિથી પડકારીશું. આપણે એક હોવા જોઈએ, અને આવી પડેલા સંકટનો સામનો કરીશું તો આપણે તમામ મુશ્કેલીઓ, પીડા અને ઘર્ષણનો અંત લાવી શકીશું. આ મોટું સંકટ સંકેતરૂપે છે કે આપણે જીવનમાં મોટી બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ અને નજીવી બાબતો, જેના વિશે ખૂબ વિચારીએ છીએ તેને ભૂલી જવી જોઈએ. તેમના મૃત્યુમાં તેઓ આપણને જીવનનું એક મોટું સત્ય બતાવી ગયા છે – જીવંત સત્ય, અને આપણે તે સતત યાદ રાખવાનું છે.

અને જ્યારે આપણે પ્રાર્થના કરીએ, ત્યારે વિશેષ પ્રાર્થના એ કરવી કે આપણે પોતાની જાતને સત્યને અર્પણ કરવાનું વચન આપીએ. અને આ બધું જ આપણા આ મહાન દેશભક્ત જે આ દેશ માટે જીવ્યા અને તેના માટે જ મોતને ભેટ્યા તેમને અનુસરીએ. તેમને અને તેમની સ્મૃતિને આ જ એક સાચી પ્રાર્થના છે. ભારત તથા આપણી જાતને અર્પી શકીએ એવી આ જ એક સાચી પ્રાર્થના છે.

❖

બાળ ગંગાધર ટિળક

રાષ્ટ્રીય નેતા, સ્વાતંત્ર્ય-સેનાની

જન્મ : ૨૩ જુલાઈ, ૧૮૫૬ મૃત્યુ : ૧ ઑગસ્ટ, ૧૯૨૦

સ્વરાજની હિમાયત કરનાર બાળ ગંગાધર ટિળક જહાલ પંથી સ્વાતંત્ર્ય-સેનાની ઉપરાંત સફળ વકીલ, પત્રકાર તથા શિક્ષક જેવી વિવિધ ભૂમિકા ભજવી ચૂક્યા હતા. છ વર્ષનો જેલવાસ ભોગવીને ટિળક ૧૯૧૪માં જ્યારે ભારત પાછા ફર્યા ત્યારે તેમણે જોયુ કે ભારતમાં સ્વતંત્રતાનું આંદોલન મંદ પડી ગયું હતું. ભારતીયોમાં ફરી લડતનું જોમ પૂરવા ટિળકે તેમની આક્રમક શૈલીમાં ૧૯ મે, ૧૯૧૭માં હોમ રૂલ લીગના પ્રથમ સ્થાપના દિને 'પૂર્ણ સ્વરાજ'ની માંગણી સાથે આ ભાષણ આપ્યું હતું, જ્યાં તેમણે 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે'નો નારો પણ આપ્યો હતો.

સ્વતંત્રતા મારો જન્મસિદ્ધ અધિકાર છે

હું કદાચ શરીરથી વૃદ્ધ થયો હોઈશ, પણ મારો જુસ્સો હજુય યુવાન છે. હું હંમેશા યુવાન રહેવા ઇચ્છુ છું. આપણી વિચારશક્તિને મજબૂત બનાવવાનો ઈનકાર કરવો એટલે આ પ્રસ્તાવ પર બોલવાનો મને કોઈ અધિકાર નથી તેમ

સ્વીકારવું. હું આજે અહીં જે બોલવાનો છું તે કાયમ માટે જુસ્સાવાળું રહેશે. જેમ શરીર વૃદ્ધ થાય છે પણ જુસ્સો સતત ટકી રહે છે, તેમ જ આઝાદીના ચળવળની ગતિ જરૂર ધીમી પડી છે, પરંતુ તે મેળવવાની ભાવના જુઓ, હજુય જીવંત અને શાશ્વત છે. અને આ ભાવના જ આપણને સ્વતંત્રતા અપાવશે.

'આત્મા એ જ પરમાત્મા છે અને જ્યાં સુધી મન ઈશ્વર સાથે એકાકાર નથી થતું ત્યાં સુધી એને શાંતિ નથી મળતી' તે ઉપદેશ ગીતા કહે છે, જે હવે બહુ જૂનો થઈ ગયો છે. વાત આઝાદીની છે. જ્યાં સુધી આઝાદી નહીં મળે ત્યાં સુધી આ અટકશે નહીં. સ્વતંત્રતા આપણો જન્મસિદ્ધ અધિકાર છે અને તે આપણે મેળવીને જ જંપીશું. અને જ્યાં સુધી આ જુસ્સો મારામાં જીવંત છે ત્યાં સુધી હું વૃદ્ધ થવાનો નથી અને આ જ શાશ્વત છે. કોઈ જ પવન તેને રોકી શકશે નહીં, કોઈ જ શસ્ત્ર તેને કાપી નહીં શકે અને કોઈ જ આગ તેને મિટાવી નહીં શકે. આગળ કહું તો કોઈ સીઆઈડી તેને કેદ નહિ કરી શકે. હું આ સિદ્ધાંતની ઘોષણા મારી સામે બેઠેલા પોલીસ અધિક્ષક, કલેક્ટર, લેખક સૌની સામે કરું છું. મૃત લાગવા છતાં આ સિદ્ધાંત અદૃશ્ય નહિ થાય. સાચી રાજનીતિ, સ્વરાજમાં છે, નહિ કે ગુલામીમાં.

તમારી પાસે આત્મા છે તેને હું જગાવવા ઇચ્છુ છું. અજ્ઞાની, લોભી અને સ્વાર્થી લોકોએ તમારી આંખો પર બાંધેલા પડદા હું હટાવવા માંગું છું. રાજનીતિ વિજ્ઞાનના બે ભાગ છે; પહેલો દૈવીય અને બીજો રાક્ષસી. ગુલામી એ બીજા ભાગમાં આવે છે. આ રાક્ષસી ભાગને જો કોઈ રાષ્ટ્ર સ્વીકારી લે છે તો તે ઈશ્વરના પણ પાપી ગણાય છે. હું તમને સત્ય કહેવા માંગું છું. જો આપણે સ્વરાજ માટે અવાજ ઉઠાવીશું તો તે મેળવીને જ રહીશું. સ્વતંત્રતાનો આ જુસ્સો આપણા સૌમાં છે જ, બસ તેને જગાડવાની જરૂર છે. હું ગુલામીના અજ્ઞાન અને સ્વાર્થી મનોવૃત્તિને દૂર કરવા માંગું છું.

આપણે સૌ સ્વરાજનો અર્થ જાણીએ છીએ. શું આપણે તે નથી ઇચ્છતા ? શું તમે તે સહન કરી લેશો કે એક અજાણ્યો વ્યક્તિ તમારા ઘરમાં આવે અને તમારા રસોઈઘરમાં પોતાની સત્તા ચલાવે ? દરેકને પોતાના ઘરનો મામલો દૂર કરવાનો અધિકાર હોય છે. માત્ર બાળકો અને પાગલો તેમ નથી કરી શકતા. આપણે તેવા નથી. માટે તમે તમારા અધિકાર સમજો, સ્વરાજને જાણો. આપણે ઇચ્છીએ તેમ શાસન કરવાનો આપણો અધિકાર છે, અને તે લોકો આપણને કહે છે કે તમે સ્વરાજ માટે સક્ષમ નથી. હું કહું છું કે જો બ્રિટિશરોએ આપણને સ્વરાજ

વિશે કાબેલ નથી બનાવ્યા, તો શું હવે સમય નથી કે આપણે ઊઠીએ અને જાતે જ સ્વરાજ માટે પોતાની જાતને સક્ષમ બનાવીએ ? વિવિધ બહાનાં, લાલચ અને પ્રસ્તાવો બ્રિટિશરોની નીતિનો કલંક છે. ઇંગ્લૅન્ડ બેલ્જિયમ જેવા નાના દેશના સંરક્ષણ માટે ભારતની સહાય લઈ રહ્યું છે, તો તેઓ આપણને કેવી રીતે કહી શકે કે આપણને સ્વરાજ ન મળવું જોઈએ ? આપણે કોઈપણ બાબતની પરવા કર્યા વિના રાષ્ટ્રના આત્માની રક્ષા કરવી જોઈએ. તેમાં જ દેશહિત છુપાયેલું છે.

જો આપણે સક્ષમ બનવું હોય તો આપણે તેના માટે લડવું પડશે અને લડવા માટે આપણને એક મજબૂત સંસ્થાની જરૂર છે. આ કાર્યને પહોંચી વળવા આપણી કૉંગ્રેસ ખૂબ ધીમી અને જૂની છે. તે ખૂબ ધીમી ગતિએ આગળ વધે છે અને તે પડકારને પહોંચી નથી શકતી. માત્ર દેખાવો કરવાથી કશું નહીં વળે. હવે આપણે સંકલ્પ કરીને કાર્ય કરવું પડશે, અને સંગઠનના તાલીમબદ્ધ સભ્યો આવું કરવામાં મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. આપણે માત્ર તેના ઠરાવ પસાર નથી કરવાના, બલ્કે તેના પર કાર્ય પણ કરવાનું છે. શિસ્ત એ કૉંગ્રેસની સફળતાની ચાવી છે. બેકાબૂ ટોળું કે ભીડ કશું જ મેળવી શકતાં નથી. આપણે દેશના હિત ખાતર વ્યક્તિગત લાભ-ફાયદાનો ત્યાગ કરવો પડશે.

રાષ્ટ્રનો જુસ્સો ટકાવવો એ આપણી મુખ્ય ફરજ છે. દેશને ત્યારે જ ફાયદો થશે, જ્યારે આપણે સ્વરાજ ટકાવી રાખીશું. કૉંગ્રેસ તો સ્વશાસનનો ઠરાવ પસાર કરી ચૂકી છે. પણ સ્થાપિત રાજકારણીઓ વિવિધ અવરોધો લાવી રહ્યા છે. અને તેમાં મુખ્ય વાંધો રાષ્ટ્રના મોટાભાગનાની નિરક્ષરતા છે. મારા મતે જો સાક્ષર લોકો ભલે અસ્પષ્ટ રીતે પણ સ્વરાજના ખ્યાલથી પરિચિત હશે તો તેટલું પૂરતું છે. નિરક્ષરો તેમનો ઉકેલ જાતે જ લાવી દેશે. નિરક્ષરતાથી કોઈ મૂર્ખ સાબિત નથી થતું. જો તેઓ પોતાના જીવનનું ગુજરાન ચલાવી શકે છે તો તેઓ સ્વરાજનું પણ સંચાલન કરી જાણશે. નિરક્ષર લોકોને પણ તેમનું જીવન જીવવાનો અધિકાર છે. આપણે બસ આ જ જુસ્સો તેમનામાં જગાવવાનો છે. આ માત્ર કંઈ જરૂરિયાત નથી બલ્કે આપણી ફરજ પણ છે. તેમને પણ સ્વપ્ન જોવાનો અધિકાર છે અને તે પ્રમાણે જ જીવવાનો પણ અધિકાર છે. હવે ટહેલ નંખાઈ ચૂકી છે, અત્યારે નહીં તો ક્યારેય નહીં. સત્ય અને બંધારણીય લડતની જ હવે જરૂર છે. આગળ ધપો અને ઈશ્વર પર વિશ્વાસ રાખો. તેમની દયા, અનુકંપા અંતિમ ઉકેલ ચોક્કસ આપશે.

❖

સુભાષચંદ્ર બોઝ

સાચા ક્રાંતિકારી

જન્મ : ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ મૃત્યુ : ૧૮ ઑગસ્ટ, ૧૯૪૫

ભારતની આઝાદી માટે પ્રજા પાસે લોહી માંગનાર સુભાષચંદ્ર બોઝ ખૂબ સારા વક્તા મનાતા હતા. બ્રિટિશરોના લશ્કર સામે ઝઝૂમવા માટે તેમણે ઇન્ડિયન નેશનલ આર્મીની સ્થાપના કરી હતી. બોઝ દેશને સ્વતંત્ર કરાવવા છેક જાપાનની મદદ લેવા ત્યાં પણ ગયા હતા. અહીં આપેલાં બંને વક્તવ્યો બોઝે પોતાની આર્મીનો જુસ્સો વધારવા આપ્યાં છે.

૫ જુલાઈ, ૧૯૪૩ના દિવસે ઇન્ડિયન નેશનલ
આર્મીની મુલાકાત સમયે આપેલું વક્તવ્ય :

ચલો દિલ્હી ! ચલો દિલ્હી !

આઝાદ હિંદ ફોજના સૈનિકો,

મને ગર્વ છે કે આજે હું અહીં તમારી સાથે છું. વિધાતાએ મને દુનિયા સામે એ જાહેર કરવાનું બહુમાન આપ્યું છે કે આઝાદ હિંદ ફોજ તેના નક્કર સ્વરૂપમાં આવી ગઈ છે. આજે યુદ્ધભૂમિ સિંગાપુરમાં જ સેનાની રચના થઈ રહી છે.

આ સેના ભારતને બ્રિટિશરોના શાસનમાંથી આઝાદ કરાવવામાં તો મદદ કરશે, પણ સાથે તે સ્વતંત્ર ભારતની પ્રથમ રાષ્ટ્રીય સેના પણ બની રહેશે. દરેક ભારતીયે એ હકીકતનું ગૌરવ લેવું જોઈએ કે ભારતીયોની સેના તેમના પોતાના જ નેતાઓના નેતૃત્વ હેઠળ સંગઠિત થઈ રહી છે અને જ્યારે તેઓ યુદ્ધમોરચે જશે, તે પળ ખરેખર ઐતિહાસિક ક્ષણ હશે.

એક સમય હતો જ્યારે બ્રિટન વિષે કહેવાતું હતું કે જે ભૂમિનો સૂરજ કદી આથમતો નથી તે ભૂમિ અજેય છે. પણ મેં ક્યારેય આ રીતે વિચાર્યું નથી. હું ઇતિહાસથી શીખ્યો છું કે દરેક સામ્રાજ્યનું પતન થાય છે અને તે પડી ભાંગે છે. મેં એ પણ જોયું છે કે રાષ્ટ્રની સુરક્ષા માટે કેવી રીતે શહેરોની સ્થાપના થતી હતી, જે હવે ખતમ થઈને કબ્રસ્તાનમાં તબદીલ થઈ ચૂક્યાં છે. આજે જ્યારે આપણે બ્રિટિશ રાજની કબર પર ઊભા છીએ ત્યારે કોઈ બાળક પણ તે વાતે સંમત થઈ જશે કે બ્રિટિશ સામ્રાજ્યનો સૂરજ હવે આથમી રહ્યો છે.

વર્ષ ૧૯૩૯માં જ્યારે ફ્રાન્સે જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું હતું ત્યારે બધાને હોઠે એક જ વાત ગુંજતી હતી, 'ચલો પેરિસ, ચલો પેરિસ' !.૧૯૪૧માં જ્યારે જાપાનના બહાદુર સૈનિકોએ તેમની ઐતિહાસિક કૂચ શરૂ કરી હતી ત્યારે તેમની ગુંજ હતી, 'ચલો સિંગાપુર, ચલો સિંગાપુર'.

સાથીઓ, સૈનિકો, તમારે યુદ્ધમાં 'ચલો દિલ્હી, ચલો દિલ્હી'નો અવાજ બુલંદ કરવાનો છે. હવે આપણી આંખો દિલ્હી તરફ જ મંડાવી જોઈએ. હું નથી જાણતો કે આઝાદીની લડતમાં આપણામાંથી કેટલા લોકો જીવતા રહેશે, પરંતુ હું એ જરૂર જાણું છું કે અંતે જીત આપણી જ છે. જૂની દિલ્હીના લાલ કિલ્લા પર બ્રિટિશ રાજના કબ્રસ્તાન પર જ્યાં સુધી આપણે જીતનો ઉત્સવ નહીં મનાવીએ ત્યાં સુધી આરામ કરવાનો નથી.

મારા અત્યાર સુધીના જાહેર જીવનના અનુભવે, હું વિચારતો હતો કે આઝાદી માટે ભારત પરિપક્વ છે, પણ બસ, ભારત પાસે એક વસ્તુ નહોતી, આઝાદ સેના. તમારામાંથી દરેક વ્યક્તિને ભારતની રાષ્ટ્રીય સેનાનો ભાગ બનવાથી જે પ્રતિષ્ઠા અને પદ મળવાનાં છે તેનો ગર્વ થવો જોઈએ. સૈન્યને ગઠિત કરવામાં તમે પ્રથમ છો. આ ઉમદા કાર્યની મોખરાની ટુકડી બનવાનો તમને ગર્વ થવો જોઈએ.

હું તમને ફરીવાર કહેવા માંગું છું કે તમારી સામે બે પડકાર છે. આઝાદી મેળવવા માટે તમારે સેનાના કાફલાની સાથે લોહીની કિંમત પણ ચૂકવવી પડશે. અને જ્યારે આપણી માતૃભૂમિ આઝાદ થશે ત્યારે તમારે દેશની કાયમી સેના

બનીને આઝાદીનું રક્ષણ કરવાનું છે. આપણે આપણા દેશને એટલો મજબૂત બનાવવાનો છે જેથી ફરી ક્યારેય તે કોઈ વિદેશી શક્તિનો ગુલામ ન બને.

તમે સૈનિક છો અને તમારે નિષ્ઠા, ફરજ અને બલિદાનના આદર્શને અનુસરીને તેનો આનંદ માણવો જોઈએ. જે સૈનિકો તેમના દેશને વફાદાર રહે છે અને માતૃભૂમિ માટે બલિદાન આપવા તત્પર રહે છે તેઓ ક્યારેય મૃત્યુ પામતા નથી, તેઓ અજેય રહે છે. આ ત્રણ આદર્શને સ્વીકારીને તમે પણ અજેય બની શકો છો. આ ત્રણેય આદર્શ તમારા હૃદયમાં બરાબર કોતરી દો.

સૈનિકો માટે સૈન્ય અને આધ્યાત્મિક તાલીમ જરૂરી છે. તમારી પોતાની જાત અને તમારા સાથીઓને તમે એવી રીતે તૈયાર કરો જેથી તમને તમારી ક્ષમતાઓમાં વિશ્વાસ જાગે, મૃત્યુનો ભય દૂર કરો, અને વિપરીત પરિસ્થિતિમાં પણ તમે નક્કર લડી શકો તેવી હિંમત કેળવો. શૌર્ય, હિંમત, જુસ્સો અને કુશળતાના સમન્વયથી તમને મળેલાં શ્રેષ્ઠ પરિણામ જોઈ શકશો. આ બધામાંથી તમારે સબક લઈને માતૃભૂમિ માટે પ્રથમ દરજ્જાની સેના ગઠિત કરવાની છે.

મારે તમને એ કહેવું છે કે તમારામાંના જે અધિકારીઓ છે તેમની જવાબદારી ખૂબ વિશાળ છે. આ જવાબદારી વિશ્વમાં બીજી સેનાઓના જે અધિકારીઓ છે તેમના કરતાં અનેકગણી વધુ છે. બ્રિટિશરોએ આપણને જે શીખવ્યું છે તે ભૂલી જવાનું છે અને આપણને જે નથી શીખવેલું તે શીખવાનું છે. તેમ છતાં, મને વિશ્વાસ છે કે દેશવાસીઓએ જે જવાબદારી અને પડકાર તમારા પર લાદ્યો છે તે તમે પૂરો કરી શકશો. એ વાત હંમેશા યાદ રાખજો કે અધિકારીઓ સેના બનાવી પણ શકે છે, અને બગાડી પણ શકે છે. અને એ પણ ન ભૂલો કે બ્રિટિશરોના અનેક મોરચે પરાસ્ત થવાનું મહત્ત્વનું કારણ તેમના અસમર્થ અધિકારીઓ જ હતા. અને એ ન ભૂલતા કે આઝાદ હિંદની સેના તમારામાંથી નિર્મિત થવાની છે.

મારે દરેક જણને એ પણ કહેવું છે કે, આ યુદ્ધ દરમિયાન મળનારો અનુભવ અને સફળતાથી જ તમે ભવિષ્યમાં તૈયાર થનારી રાષ્ટ્રીય સેનાની પરંપરાનું નિર્માણ કરી શકશો. સાહસ, બહાદુરી અને અજેયતા સિવાય કોઈ સેના મજબૂત દુશ્મન સામે લડી શકતી નથી.

સાથીઓ ! તમે જે જીવનધ્યેય સ્વીકાર્યું છે, તે ખરેખર મહાન છે. આ મહાન કાર્ય પૂર્ણ કરવા કોઈ બલિદાન મોટું નથી, તમારા જીવનનું બલિદાન પણ નહીં. આજે તમે દેશના ગૌરવના રક્ષક બનીને ઊભા છો અને દેશની આકાંક્ષાઓ અને આશાઓને તમારે સાકાર કરવાની છે. માટે એવી રીતે કાર્યો કરો જેથી

દેશવાસીઓ તમને આશીર્વાદ આપે અને આવનારી પેઢી તમારા પર ગર્વ કરે.

હું નિવેદન કરું છું કે આજે મારા જીવનનો ગૌરવાન્વિત દિન છે. બ્રિટિશ ભારતમાં આઝાદ હિંદ ફૌજના પ્રથમ સૈનિક બનવા જેટલું બહેતર સન્માન, ગૌરવ કોઈ નથી. જોકે આ સન્માન સાથે જવાબદારી પણ જોડાયેલી છે અને હું તેનાથી સારી પેઠે માહિતગાર છું. હું તમને વચન આપું છું કે હું દરેક પળે તમારી સાથે હોઈશ. પ્રકાશ હોય કે અંધકાર, ખુશી હોય કે દુઃખ અને પરાજય હોય કે જીત, આપણામાંથી કોણ આઝાદ ભારતને જોવા જીવતું રહેશે તેની અસર આપણા પર નહિ પડે. મહત્ત્વનું માત્ર એટલું જ છે કે ભારત કોઈ પણ રીતે સ્વતંત્ર થવું જોઈએ અને તે માટે આપણે આપણું શ્રેષ્ઠ આપવાનું છે. ભાગ્ય આપણને સાથ આપશે અને આઝાદી મેળવવા આપણી સેનાને મદદરૂપ થશે.

ઈન્કલાબ ઝિંદાબાદ ! આઝાદ હિંદ ઝિંદાબાદ !

*

બર્મામાં ભારતીયોને ૪, જુલાઈ ૧૯૪૪ના
દિને આપેલું વક્તવ્ય

તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા !

મિત્રો !

બાર મહિના અગાઉ પૂર્વ એશિયામાં ભારતીયો સામે 'પૂર્ણ સૈન્ય જમાવટ' અથવા 'વ્યાપક બલિદાન' નામનો એક કાર્યક્રમ મૂકવામાં આવ્યો હતો. ગત વર્ષે મળેલી સફળતાનું ટૂંકું વર્ણન કરીને, આવનાર વર્ષ માટેની માંગણીઓ હું તમારી સામે મૂકીશ. આગળ વધતા પહેલાં કહેવા માંગું છું કે દેશને બ્રિટિશરોથી આઝાદ કરાવવાની ઉત્તમ તકનો આ અવસર છે. બ્રિટિશરો અત્યારે ઘણા મોરચે લડી રહ્યાં છે અને મોટાભાગના મોરચે તેમને હાર મળી રહી છે. દુશ્મનો કમજોર થવાથી આઝાદી મેળવવાની તક ઝડપથી વધી છે. પાંચ વર્ષ પહેલાં કરતાં અત્યારે આપણો પડકાર વધુ સરળ થઈ ચૂક્યો છે. દુશ્મનોને હાંકી કાઢવાની આ સુવર્ણ તક જતી કરવા જેવી નથી. આપણે કસમ લઈએ કે આ તકનો પૂરેપૂરો ઉપયોગ કરીને દેશને બ્રિટિશ અંકુશમાંથી મુક્તિ અપાવીએ.

મારો આશાવાદ પૂર્વ એશિયામાંથી આ ચળવળને મળી રહેલા ૩૦ લાખ ભારતીયોના સહકાર પર જ આધારિત નથી. બલ્કે બ્રિટિશ શાસનથી આઝાદ થવા

દેશમાં પણ લાખો ભારતીયો મોટા આંદોલનને સમર્થન આપી રહ્યાં છે અને તે માટે કોઈ પણ ભોગે બલિદાન આપવા તૈયાર થઈ રહ્યાં છે.

કમનસીબીની વાત એ છે કે ૧૮૫૭ના બળવા પછી, આપણા દેશવાસીઓનાં તમામ શસ્ત્ર આંચકી લેવામાં આવ્યાં હતાં, જ્યારે દુશ્મનોએ શસ્ત્રોના ખડકલા કર્યા હતા. આ સમયમાં, હથિયાર અને શસ્ત્રો વિના યુદ્ધ જીતવું અશક્ય બની ચૂક્યું છે. ઈશ્વરકૃપાથી, પૂર્વ એશિયામાં ભારતીયો આધુનિક સૈન્ય માટે શસ્ત્રો મેળવવામાં સફળ રહ્યાં છે. ઉપરાંત, પૂર્વ એશિયામાં કોઈ જ ધાર્મિક ભેદભાવ નથી, જેના કારણે બ્રિટિશરો આ ચળવળને નુકસાન પહોંચાડી શકે. હવે, આ સ્થિતિમાં આપણું આદર્શ સંધાન થઈ ચૂક્યું છે જેના કારણે આ સાહસમાં સફળતા આપણા તરફી જ છે. હવે, દેશવાસીઓએ આગળ આવીને તેમણે આઝાદી માટે પોતાની જાતને હોમવાની છે. ‘પૂર્ણ સૈન્ય જમાવટ’ માટે માણસો, નાણાં અને બીજી મહત્ત્વની ચીજો જોઈશે અને માણસોની ભરતીની બાબતમાં તો અત્યાર સુધી સૈન્યમાં પૂરતી સંખ્યા થઈ ચૂકી છે. પુરવઠા અને પરિવહનની મુશ્કેલી તો આપણે દૂર કરવી જ પડશે. સૈન્ય જમાવટ માટે માણસો, નાણાં અને બીજી જરૂરી ચીજવસ્તુઓ તમારે અવિરત ચાલુ રાખવાની છે.

હા, ગૃહમોરચે લડતા સ્વયંસેવકોએ ક્યારેય પૂર્વ એશિયાને ભૂલવું ન જોઈએ. તેમાંય ખાસ કરીને બર્માને તો નહિ જ, જ્યાં આઝાદી માટેના યુદ્ધનો પાયો નંખાયો છે. અહીંયાં યુદ્ધ સૈન્ય વચ્ચે નથી બલ્કે પૂર્ણ યુદ્ધ છે એટલે આપણી કોઈ નબળાઈ પોસાય તેમ નથી.

મિત્રો, વર્ષ પૂર્વે મેં તમને ખાતરી આપી હતી કે તમે જો પૂર્ણ સૈન્ય જમાવટ માટે તૈયાર હશો તો યુદ્ધ માટે બીજો મોરચો ખોલી આપીશ. હવે એક ડગલું હું આગળ વધવા માંગું છું. યુદ્ધનું પ્રથમ ચરણ પૂરું થઈ ચૂક્યું છે. આપણા હિંમતવાન સૈન્યએ દુશ્મનોને પાછળ ખદેડ્યા છે અને હવે આપણા માતૃભૂમિના પવિત્ર સ્થળે બહાદુરીથી લડવાનું છે.

હવે સમય આવી ગયો છે કે આપણે ફરી કમર કસવાની છે. તમે છૂટા હાથે માણસો, નાણાં અને ચીજવસ્તુઓ આપી છે. પરંતુ મારી માંગ અહીંયાં જ પૂરી નથી થતી. આઝાદી માત્ર માણસો, નાણાં અને ચીજવસ્તુઓથી નથી મળતી. આપણે બધાએ વીરતા અને શૌર્યથી ધ્યેયના જોમને પ્રજ્વલિત રાખવાનું છે.

અત્યારે જીત મેળવીને જો તમે એમ માનવા લાગ્યા હોવ કે હવે ભારતને આઝાદ થતાં તમે જોઈ શકશો તો તે મૂર્ખામી છે. તમારામાંથી કોઈને પણ

સ્વતંત્રતાનો આનંદ લેવા માટે જીવતા રહેવાની ઇચ્છા ન થવી જોઈએ. આપણે લાંબી લડત આપવાની છે. દેશ આઝાદીનો શ્વાસ લઈ શકે તે માટે મરી ફીટવાનો એક માત્ર ધ્યેય આપણા બધાનો હોવો જોઈએ. આપણે શહીદના મોતને આલિંગન કરી આત્મસાત્ કરી લેવું જોઈએ. આઝાદીનો માર્ગ શહીદોના ખૂનથી બને છે.

મિત્રો ! આજે હું તમારા બધા સામે એક મહત્ત્વની માંગણી મૂકું છું. આજે, હું તમારું ખૂન માંગું છું. માત્ર આ જ ખૂનથી આપણે બ્રિટિશરો દ્વારા આપણી માતૃભૂમિ પર વહેલા ખૂનનો બદલો લઈ શકીશું. માત્ર ખૂન જ આઝાદીની કિંમત ચૂકવી શકે છે.

તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા !

❖

મેડમ ભીખાઈજી કામા

રાષ્ટ્રવાદી અને ક્રાંતિકારી

જન્મ : ૨૪ સપ્ટેમ્બર, ૧૮૬૧ મૃત્યુ : ૧૩ ઑગસ્ટ, ૧૯૩૬

મેડમ ભીખાઈજી કામાએ ભારત બહાર આઝાદી વિશે જાગૃતિ લાવવાની જવાબદારી ઉપાડી હતી. તેમણે પૂરાં ૩૫ વર્ષ સુધી સમગ્ર યુરોપમાં બ્રિટિશરોના અત્યાચાર અને દમન વિશે લોકોને માહિતગાર કરવાનું કાર્ય કર્યું હતું. તેમણે ભારતનો એ કાળે બનાવેલો રાષ્ટ્રધ્વજ વર્તમાન રાષ્ટ્રધ્વજને મળતો આવે છે. પ્રસ્તુત વક્તવ્ય તેમણે જર્મનીના સ્ટુટગાર્ટ ખાતે યોજાયેલી ઇન્ટરનેશનલ સોશિયાલિસ્ટ કૉંગ્રેસમાં આપ્યું હતું.

ભારતમાં બ્રિટિશરોની આપખુદશાહી

મિત્રો, સાથીઓ અને સમાજવાદીઓ, હું અહીંયાં બ્રિટિશ સરકારના જુલમી શાસનમાં પીડાઈ રહેલા લાખો ભારતીઓ માટે બોલવા આવી છું. તમે દૂર અહીં બેઠા-બેઠા આવેલા એ દેશની ગરીબીની કલ્પના સુધ્ધાં નહીં કરી શકો, જ્યાં રોજની સરેરાશ આવક માત્ર બાર આના જેટલી છે. દિવસના માત્ર બાર આના ! બોલો, બીજા કયા દેશની સરખામણી આની સાથે થઈ શકે ? દુનિયાના બીજા કોઈ

ખૂણે આવી સ્થિતિ તમને નહીં જોવા મળે. સ્વાભાવિક રીતે તમે મને પૂછી શકો છો કે આવી ગરીબીનું કારણ શું હોઈ શકે ? મારો જવાબ છે કે ભારતમાંથી દર વર્ષે પાંત્રીસ મિલિયન પાઉન્ડ જેટલાં નાણાં બહાર લઈ જવાય છે. હા, તમામ રકમ એ માટે લઈ જવામાં આવે છે કારણ કે ઇંગ્લૅન્ડ જેવા સમૃદ્ધ દેશને વધુ સમૃદ્ધ બનાવી શકાય. જ્યારે ભારતમાં ગરીબીમાં સબડવાને કારણે દર મહિને પાંચ લાખ જેટલા લોકો મોતને ભેટે છે, અને ભારત એટલે દુનિયાના પાંચમા ભાગની વસતી. માનવતા ખાતર હું તમને આ બધું જણાવું છું અને વિનંતી કરી રહી છું.

ભાઈઓ અને બહેનો, ભારતને ન્યાય અપાવવાની આહલેક જગાવો અને સોશિયલિસ્ટ કૉંગ્રેસ સુધી ભારતની સ્થિતિને પહોંચાડો. ભારતનું પ્રતિનિધિત્વ કરવામાં જરા પણ વિલંબ ન કરો. ભારતીયો આ વર્ગ માટે કશું કરી નથી શકતા, જેના કારણે આ લોકો પર વધુ ને વધુ જુલમ થઈ રહ્યા છે. તેઓ કેવી રીતે લોકોનું પ્રતિનિધિત્વ કરે જ્યાં આઝાદીનું નામોનિશાન નથી ? પાંત્રીસ મિલિયન પાઉન્ડ દેશમાંથી લઈ જઈને ઇંગ્લૅન્ડે આ લોકોને ચૂસી લીધા છે. મિત્રો, ભારતીયો અહીની કૉંગ્રેસ સામે ઉપસ્થિત હોય કે ન હોય, પણ તમે આ ચળવળમાં સાથ આપો.

મને એ સચ્ચાઈ કહેવા દો કે ભારત ખૂબ મોટા દુઃખમાંથી પસાર થઈ રહ્યું છે. તમારે ભારત માટે દરેક કૉંગ્રેસમાં ઠરાવ પારિત કરવો જ પડશે. હું તમને માત્ર નૈતિક ટેકા માટે જ કહી રહી છું. અમારા અધિકાર માટે તો અમે જાતે લડી લઈશું. તમારે એટલું તો કહેવું પડશે કે તમે જુલ્મી અને મૂડીવાદી ઇંગ્લેડના ખિલાફ છો. કહો કે તમે શોષિત લાખો ભારતીયો તરફથી છો.

આ ધ્વજ ફરકાવતાં પહેલાં મિત્રો, ભારત દેશ વતી હું તમને ન્યાય માટે લડત આપવાનું કહી રહી છું. આ ધ્વજ ફરકાવતાં અને મારું વક્તવ્ય પૂર્ણ કરતાં પહેલાં, હું તમને ફરી કહી રહી છું કે મને આશા છે કે મારા જીવનકાળ દરમિયાન પ્રજાસત્તાક ભારતની સ્થાપના થઈને રહેશે.

❖



સરદાર વલ્લભભાઈ પટેલ

ભારતના લોખંડી પુરુષ

જન્મ : ૩૧ ઑક્ટોબર, ૧૮૭૫   મૃત્યુ : ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦

ભારતની લડાઈના મુખ્ય નાયક અને સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે ભારતની અખંડિતતા અને એકતા બચાવવા આપેલા યોગદાનને, ન તો કદી ઇતિહાસ ભૂલી શકશે ન વર્તમાન, ન ભવિષ્ય ! લોખંડી પુરુષ તરીકે જાણીતા થયેલા સરદાર વલ્લભભાઈ પટેલે ભારતનાં રજવાડાંઓને એકત્રિત કરવા અથાગ પ્રયત્નો કર્યા હતા. ૩જી જુલાઈ, ૧૯૪૭ના રોજ સરદારે એકત્રીકરણ માટે સ્થપાયેલા ખાસ વિભાગમાં 'અતૂટ ભારત' ભાષણ આપ્યું હતું...

અતૂટ ભારત

થોડા દિવસો પહેલાં એવી જાહેરાત કરવામાં આવી હતી કે ભારત સરકાર એક એવું ખાતું બનાવાશે જે દેશનાં દરેક રાજ્યો સાથે આંતરિક સંબંધો સ્થાપશે. આ ખાતું હવે તૈયાર થઈ ચૂક્યું છે અને રાજ્યોને પણ તે વિશે ખબર છે. આ મહત્ત્વના દિવસે, હું આ દેશને ચલાવનારા મારા મિત્રો સમક્ષ કેટલાક મુદ્દાઓ રજૂ

કરવા માગું છું.

આપણે ઇતિહાસમાંથી શીખવું પડશે. સદીઓથી ભારત વિભાજિત થતું રહ્યું છે, આપણી વચ્ચે ક્યારેય એકતા હતી જ નહીં. એટલે જ આક્રમણખોરો આપણા પર હુમલા કરતા રહ્યા અને આપણી ભૂમિ કબજે કરી આપણા પર રાજ કર્યું. આપણા અંદરોઅંદરના મતભેદો અને લડાઈઓએ વખતોવખત વિદેશી તાકાતોને આપણી ભૂમિ કબજે કરવા માર્ગ મોકળો કરી આપ્યો છે. પણ હવે આપણે આપણી ભુલોનું પુનરાવર્તન કરીને ફરી આઝાદી ગુમાવવી નથી.

આપણે હજુ પણ આપણી આઝાદીથી એક કદમ દૂર છીએ. અને મને એ બાબત સ્વીકારતાં દુઃખ થાય છે કે આપણે સ્વતંત્રતા સંગ્રામના છેલ્લા ચરણમાં આપણી એકતાને અંકબંધ નથી રાખી શક્યા. ઘણા બધા એ બાબતથી દુઃખી છે કે આપણો જ કેટલોક હિસ્સો હવે આપણો નથી રહ્યો. આમ છતાં એ પણ સાચું છે કે સમાન સંસ્કૃતિ અને પરંપરાઓ આપણે અલગ પડ્યા પછી પણ જળવાઈ રહી છે.

અંગ્રેજોએ જ્યારે ભારતમાં પોતાનું શાસન સ્થાપ્યું ત્યારે તેમણે સર્વોપરિતાનો સિદ્ધાંત અમલમાં મૂક્યો હતો. જેથી અંગ્રેજોનાં હિત સર્વોપરી બન્યાં. પણ તેનો અમલ સહકાર કરતાં વધુ તો તાબેદારીને ધોરણે કરવામાં આવ્યો હતો. સર્વોપરિતાના ક્ષેત્રની બહાર પણ બ્રિટિશ ભારત તથા દેશી રાજ્યો વચ્ચેના સંબંધો સમજપૂર્વક જાળવવાનો અવકાશ રહેતો આવ્યો છે. હવે જ્યારે બ્રિટિશ શાસનનો અંત આવવા જઈ રહ્યો છે, ત્યારે દેશી રાજ્યોને તેમની સ્વતંત્રતા પરત મળવી જોઈએ તેવી માંગણી થાય તે સહજ છે. દેશી રજવાડાંઓએ વિદેશી શાસનને તાબેદાર થવું પડ્યું હતું, એથી મને તેમની આ માંગણી બાબતે સહાનૂભૂતિ છે. પણ હું માનું છું કે ભારતની એકતા અને હિત જોખમાય તે રીતે તેઓએ સ્વતંત્રતાની ભલામણ કરવી જોઈએ નહિ. દેશી રાજ્યો જે મોટી સંખ્યામાં બંધારણ સભા સાથે જોડાઈ ચૂક્યાં છે, તેઓ એ દર્શાવે છે કે તેઓ ચોક્કસ રીતે ભારતની એકતા અને ભલું ઇચ્છે છે. હું અન્ય બાકી રહેલાં રાજ્યોને પણ અપીલ કરીશ કે તેઓ પણ આ રાજ્યોને અનુસરે અને ભારતના સંવિધાનનો સ્વીકાર કરે.

ભારત અને તેનું સંવિધાન તેના નાગરિકો માટેનું છે. તેમના કલ્યાણ માટે છે. આપણે સૌ એક છીએ કારણ કે આપણે સૌ એક જ લોહી અને લાગણીથી જોડાયેલા છીએ. આપણને કોઈ ટુકડાઓમાં વહેંચી શકે નહીં અને આપણી વચ્ચે

અવરોધો ઊભા કરી શકે નહિ. એટલે જ હું માનું છું કે આપણે મિત્રોની માફક સાથે બેસીને સહકારની ભાવનાથી કાયદા ઘડવા જોઈએ, નહીં કે અલગ પડીને સંધિઓ કરવી જોઈએ. હું દરેક રાજ્યના વડાઓ અને તેમની જનતાને આમંત્રણ આપું છું કે આગળ આવો અને ભારતના સંવિધાનમાં ભળી ભારતને એક કરો.

મારી જાણમાં એ પણ એક બાબત આવી છે કે ઘણાં રાજ્યોમાં કૉંગ્રેસ પક્ષને લઈને કેટલીક ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. હું અહીંયાં ફરી એકવાર એ બાબત સ્પષ્ટ કરી દઉં કે કૉંગ્રેસ દરેક રાજ્યોના આંતરિક માળખામાં કોઈ દખલ નહીં કરે. ખરેખર તો કૉંગ્રેસનો ઉદ્દેશ દરેક રાજ્યોની સુખાકારી અને સમૃદ્ધિનો છે. હું આ નવા ખાતા હેઠળ એવી કોઈ નીતિની પણ ભલામણ નથી કરતો કે જેના થકી એક રાજ્ય પર કોઈ અન્ય રાજ્યનું નિયંત્રણ હોય. જો કોઈ પણ પ્રકારનાં નિયંત્રણો હશે, તો એ રાજ્ય અને કેન્દ્રની સુખાકારી અને વિકાસ માટે હશે. આથી હું આપને સૂચન કરું છું કે આ નવા ખાતાના વહીવટી વિભાગમાં જોડાવાનો વિકલ્પ પસંદ કરો.

હાલ, આપણે ભારતીય ઇતિહાસના એક મહત્ત્વપૂર્ણ પડાવ પર છીએ. જો આપણે એકબીજાની સાથે હાથમાં હાથ મિલાવી આગળ વધીશું, તો એમાં કોઈ જ શંકા નથી કે આપણે વ્યક્તિત્વની અને રાષ્ટ્રીયતાની નવી ઊંચાઈઓને આંબીશું, પણ જો આપણી વચ્ચે એકતા નહીં હોય, તો વળી પાછા એ જ ખાઈમાં આપણે ઊંધા માથે પટકાતા રહીશું. જો સહકારની બાબતમાં રાજ્યો વિરોધી વલણ અપનાવતાં રહેશે તો તેનાથી અરાજકતા જ સર્જાશે. જો આપણે ભેગા મળી સૌહાર્દપૂર્વક આ પરિસ્થિતિનો સામનો નહીં કરીએ, તો આપણી આગામી પેઢીના આપણે દુશ્મન ગણાઈશું. તો ચાલો સાથે મળી, ભય પામેલી આપણી માતૃભૂમિને આપણા સપના સાથ થકી શાંતિ અને વિકાસના રાહ પર લઈ જઈએ.

❖

ડૉ. ભીમરાવ આંબેડકર

બંધારણના ઘડવૈયા

જન્મ : ૧૪, એપ્રિલ, ૧૮૯૧ મૃત્યુ : ૬ ડિસેમ્બર, ૧૯૫૬

ભારતના સંવિધાનના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકરે અનેક સારાં વક્તવ્યો આપ્યાં છે. દલિતોની સમસ્યા, ધર્મ પરિવર્તન વગેરે મુદ્દે તેમણે આપેલાં ભાષણોમાં તેમની દીર્ઘદૃષ્ટિ જોવા મળે છે. અહીં આપેલું વક્તવ્ય બંધારણ સભાએ પોતાનું તમામ ઔપચારિક કાર્ય પૂર્ણ કરી લીધું એના એક દિવસ અગાઉ બાબા સાહેબ આંબેડકરે આપ્યું હતું, જેમાં તેમણે લોકતંત્રની મર્યાદા, સમાનતા તથા સ્વતંત્રતા વિશે ઊંડાણથી રજૂઆત કરી છે. અહીં તેના સંકલિત અંશો રજૂ કર્યા છે.

ભારતની પહેલી સંવિધાન સભાનું સમાપન ભાષણ

૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે ભારત એક આઝાદ રાષ્ટ્ર હશે, પરંતુ આ સ્વતંત્રતાનું ભવિષ્ય શું હશે ? શું ભારત આ સ્વતંત્રતા ટકાવી રાખશે કે પછી ફરી ગુમાવી દેશે ? મારા મનમાં આવનારો આ પ્રથમ વિચાર છે. વાત એ નથી કે ભારત ક્યારેય સ્વતંત્ર રાષ્ટ્ર ન હતું. કેન્દ્રવર્તી વિચાર એ છે કે સ્વતંત્રતા ભારત પાસે હતી જ, પણ તેણે એક વાર તે ગુમાવી દીધી હતી. શું તેને બીજી વાર પણ

ગુમાવી દેશે ? આ જ વિચાર છે, જેના કારણે ભવિષ્યને લઈને મને ખૂબ ચિંતા થાય છે. આ તથ્ય મને વધુ ચિંતિત કરે છે કે ભારતે એક વાર પહેલાં ન માત્ર સ્વતંત્રતા ગુમાવી હતી બલ્કે પોતાના જ કેટલાક લોકોના વિશ્વાસઘાતના કારણે આવું થયું હતું. સિંધ પર થયેલા મોહમ્મદ-બિન-કાસિમના હુમલામાં રાજા દાહિરના સૈન્ય અધિકારીઓએ મોહમ્મદ-બિન-કાસિમના દલાલો પાસેથી લાંચ લઈને પોતાના રાજના વતી લડવાનો ઇન્કાર કર્યો હતો. એ જયચંદ જ હતો જેણે ભારત પર હુમલો કરવા માટે અને પૃથ્વીરાજ સાથે યુદ્ધ કરવા મોહમ્મદ ઘોરીને આમંત્રિત કર્યો હતો અને પોતાની સાથે સોલંકી રાજાઓની મદદનું પણ ઘોરીને આશ્વાસન આપ્યું હતું. જ્યારે શિવાજી હિંદુઓની મુક્તિ ખાતર લડતા હતા, ત્યારે કેટલાય મરાઠા સેનાપતિઓ અને રાજપૂત રાજા મુઘલ શહેનશાહો વતી લડી રહ્યા હતા. અને જ્યારે બ્રિટિશરો શીખ શાસનને મિટાવવા જઈ રહ્યા હતા, ત્યારે તેમનો જ મુખ્ય સેનાપતિ ગુલાબસિંહ મૌન બેસી રહ્યો અને શીખ રાજ્યને બચાવવા માટે કોઈ મદદ ન કરી. સન ૧૮૫૭માં જ્યારે ભારતના મોટાભાગના વિસ્તારોમાં બ્રિટિશ શાસન સામે આઝાદીના જંગની ઘોષણા કરવામાં આવી ત્યારે શીખો આ ઘટનાને મૂક દર્શકની જેમ જોતા જ રહ્યા હતા.

શું ઇતિહાસ આ ઘટનાઓનું પુનરાવર્તન કરશે ? આ જ વિચાર છે, જે મને ચિંતામાં લાવી મૂકે છે. આ તથ્યોનો અનુભવ થયા પછી ચિંતા વધુ ગંભીર થઈ જાય છે કે જાતિ અને ધર્મના રૂપમાં આપણા જુના દુશ્મનો ઉપરાંત આપણે ત્યાં વિવિધ અને વિરોધી વિચારધારા ધરાવનારા રાજકીય પક્ષો હશે. શું ભારતીયો દેશને પોતાના મતાગ્રહોથી વધુ મહત્ત્વ આપશે કે પછી પોતાને જ દેશથી વધુ સર્વોપરી સમજશે ? હું આ જાણતો નથી. પરંતુ એ નિશ્ચિત છે કે જો પક્ષો તેમના મતાગ્રહોને દેશથી વધુ મહત્ત્વ આપશે તો આપણી સ્વતંત્રતા જોખમાઈ શકે છે અને સંભવતઃ તે આપણે ફરી ગુમાવી દઈશું. આપણે બધાએ દૃઢ સંકલ્પ સાથે આનાથી સાવધ રહેવાનું છે. આપણે લોહીના છેલ્લાં ટીપા સુધી આપણી સ્વતંત્રતાની રક્ષા કરવાની છે.

૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે ભારત પ્રજાતંત્ર દેશ બની જશે, તે દિવસથી ભારતમાં પ્રજાની, પ્રજા દ્વારા અને પ્રજા માટે બનેલી સરકાર હશે. ત્યારે આ જ વિચાર મારા મનમાં આવે છે કે પ્રજાતાંત્રિક સંવિધાનનું શું થશે ? શું તેને યથાસ્થિતિ ટકાવી રાખશે કે તેને ફરી ગુમાવી દેશે ? મારા મનમાં આવનારો આ બીજો વિચાર છે જે પ્રથમ આવેલા વિચાર જેટલો જ ચિંતાજનક છે.

પ્રશ્ન એ નથી કે ભારતે ક્યારેય પ્રજાતંત્ર વિશે જાણ્યું નથી. એક સમય હતો, જ્યારે ભારત ગણતંત્રથી છવાયેલો હતો અને જ્યાં રાજસત્તાઓ હતી તે કાં તો ચૂંટાયેલી હતી અથવા સીમિત હતી. તે ક્યારેય નિરંકુશ નહોતી. વાત એ પણ નથી કે ભારતને સંસદ અને સંસંદીય પ્રણાલીનો પરિચય નહોતો. બુદ્ધ ભિક્ષુક સંઘ દ્વારા થયેલા અભ્યાસમાં એ માલૂમ પડે છે કે, માત્ર સંસદ જ નહીં બલ્કે સંઘ સંસદીય પ્રક્રિયાના તમામ નિયમોથી ભારતીયો માહિતગાર હતા ને તેનું પાલન પણ કરતા હતા, જે આધુનિક યુગમાં સર્વસામાન્ય લાગે છે. સભ્યોની બેઠક વ્યવસ્થા, ખરડો પસાર કરવો, કોરમ, વ્હિપ, મતોની ગણતરી, મતપત્રક દ્વારા ચૂંટણી, નિંદા પ્રસ્તાવ, નિયમિતકરણ જેવા નિયમો ચલણમાં હતા. સંસદીય પ્રક્રિયા સંબંધી આ નિયમો બુદ્ધે સંઘની બેઠકો પર લાગુ કર્યા હતા. તેમણે આ નિયમોને પોતાના સમયમાં ચાલતી રાજનીતિક સભાઓથી મેળવ્યું હશે.

ભારતે આ પ્રજાતાંત્રિક પ્રણાલી ગુમાવી દીધી છે. શું તે બીજી વાર પણ તેને ગુમાવી દેશે ? હું નથી જાણતો, પરંતુ ભારત જેવા દેશમાં આની શક્યતા વધુ છે - જ્યાં લાંબા ગાળા સુધી તેનો ઉપયોગ ન કરવાથી તેને બિલકુલ નવી જ વાત તરીકે સમજવામાં આવશે - જ્યાં સરમુખત્યારશાહી પ્રજાતંત્રનું સ્થાન લઈ લે. આ નવા પ્રજાતંત્ર માટે એની શક્યતા નકારી શકાય નહીં જ્યાં પ્રજાતંત્રના આવરણ હેઠળ, વાસ્તવમાં સરમુખત્યારશાહી લાદી દેવામાં આવે. ચૂંટણીમાં જંગી વિજયની સ્થિતિમાં બીજી શક્યતાઓ યથાર્થ બને તેવું જોખમ વધુ છે.

પ્રજાતંત્રને માત્ર બાહ્ય સ્વરૂપમાં નહીં, પણ વાસ્તવમાં બનાવી રાખવા આપણે શું કરવું જોઈએ ? મારી સમજ મુજબ આપણે પ્રથમ કામ એ કરવું જોઈએ કે આપણા સામાજિક અને આર્થિક ઉદ્દેશને મેળવવા માટે નિષ્ઠાપૂર્વક સંવિધાને આપેલાં સૂચનોની મદદ લેવી જોઈએ. આનો અર્થ છે કે, આપણે ક્રાંતિનો હિંસક માર્ગ છોડવો પડશે. તથા આપણે સવિનય ભંગ આંદોલન, અસહયોગ અને સત્યાગ્રહની રીતો પણ છોડવી પડશે. જ્યારે આર્થિક અને સામાજિક ઉદ્દેશને પ્રાપ્ત કરવા માટે કોઈ બંધારણીય ઉકેલ ન રહ્યો ત્યારે ગેરબંધારણીય ઉકેલ યોગ્ય લાગવા લાગે છે. પરંતુ જ્યાં બંધારણીય ઉપાય મોજૂદ છે ત્યાં ગેરબંધારણીય ઉપાયનું કોઈ જ મહત્ત્વ નથી. આ રીતે અરાજકતાના સિવાય કશું જ નથી અને બને એટલું વહેલાસર તેને છોડી દેવું તે આપણા માટે યોગ્ય રહેશે.

બીજી વાત જે આપણે કરવી જોઈએ, તે કે જ્હોન સ્ટુઅર્ટ મિલની ચેતવણી ધ્યાનમાં રાખવી, જે તેમણે પ્રજાતંત્ર ટકાવી રાખવા ઇચ્છતા લોકોને ઉદ્દેશીને કહી

છે, કે, "પોતાની સ્વતંત્રતાને કોઈ મહાનાયકના ચરણોમાં ધરશો નહીં અથવા તેના પર વિશ્વાસ રાખીને તેને એટલી શક્તિ ન આપી દો કે તે સંસ્થાઓને નષ્ટ કરવા માટે સમર્થ બની જાય." જેમણે પૂરા જીવન દરમિયાન દેશની સેવા કરી હોય એવા મહાન વ્યક્તિઓના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવો તેમાં કશું જ ખોટું નથી, પરંતુ કૃતજ્ઞ થવાની પણ કેટલીક મર્યાદાઓ છે, જેમ કે આયરીશ દેશભક્ત ડેનિયલ ઓ કૉમેલે તે વિશે ખૂબ સરસ વાત કહી છે, "કોઈ પણ પુરુષ પોતાના સન્માનના ભોગે કૃતજ્ઞ નથી થતો, કોઈ સ્ત્રી તેના સતીત્વના ભોગે કૃતજ્ઞ નથી થતી તેમ જ કોઈ પણ રાષ્ટ્ર પોતાની સ્વતંત્રતાના ભોગે કૃતજ્ઞ નથી થઈ શકતો." આ જોખમ બીજા દેશના મુકાબલે ભારતમાં વધુ જરૂરી લાગે છે, કારણ ભારતમાં ભક્તિ અથવા નાયકપૂજા તેની રાજનીતિમાં જે ભૂમિકા ભજવે છે, તે ભૂમિકાના પરિણામના મુદ્દે વિશ્વનો કોઈ દેશ ભારતની તોલે આવી શકે તેમ નથી. ધર્મના ક્ષેત્રમાં ભક્તિ આત્માની મુક્તિનો માર્ગ હોઈ શકે છે, પરંતુ રાજનીતિમાં ભક્તિ કે નાયકપૂજા પતન અને છેવટે સરમુખત્યારશાહીનો સીધો માર્ગ છે.

ત્રીજી વાત જે આપણે કરવી જોઈએ, કે માત્ર રાજનીતિક પ્રજાતંત્ર પર સંતોષ ન માનવો. આપણું રાજનીતિક પ્રજાતંત્ર એક સામાજિક પ્રજાતંત્ર પણ બનવું જોઈએ. જ્યાં સુધી સામાજિક પ્રજાતંત્રને આધાર ન મળે ત્યાં સુધી રાજનીતિક પ્રજાતંત્ર ન ચાલી શકે. સામાજિક પ્રજાતંત્રનો અર્થ શું છે ? તે એક એવી જીવનશૈલી છે જે સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાને જીવનના સિદ્ધાંતોના રૂપમાં સ્વીકાર કરે છે. સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાના સિદ્ધાંતોને જુદી રીતે સમજવા ન જોઈએ. એ અર્થમાં આ એવી રીતે એકરૂપ બને છે કે એક સિદ્ધાંતથી પણ વિમુખ થઈએ ને બીજાનું પાલન કરવા જઈએ તો તેનાથી પ્રજાતંત્રનો ઉદ્દેશ મેળવી નથી શકાતો. સ્વતંત્રતાને સમાનતાથી અલગ ન કરી શકાય, તેમ જ સમાનતાને સ્વતંત્રતાથી. એવી જ રીતે સ્વતંત્રતા અને સમાનતાને ભાઈચારાથી અલગ ન કરી શકાય. સમાનતા વિના સ્વતંત્રતા બહુમતી પર જૂજ લોકોનું જ પ્રભુત્વ બનાવી દેશે. સ્વતંત્રતા વિનાની સમાનતા વ્યક્તિગત ભૂમિકાને મિટાવી દેશે. ભાઈચારા વિનાની સ્વતંત્રતા અને સમાનતા સહજ નહીં લાગે. તેને અમલમાં લાવવા માટે હંમેશા એક કૉન્સ્ટેબલની જરૂર પડશે. આપણે આ તથ્યની સ્વીકૃતિથી શરૂઆત કરવી જોઈએ કે ભારતીય સમાજમાં બે બાબતનો બિલકુલ અભાવ જોવા મળે છે. તેમાંથી એક છે સમાનતા. સામાજિક સ્તરે ભારતમાં બહુસ્તરીય અસમાનતા છે-એટલે કે કેટલાકને વિકાસનો

અવસર મળે છે અને અન્યને પતનનો. આર્થિક સ્તરે આપણા સમાજમાં કેટલાક લોકો છે, જેમની પાસે અખૂટ સંપત્તિ છે અને ઘણાં લોકો ગરીબીમાં જીવન વીતાવી રહ્યાં છે. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિને આપણે એક વિરોધાભાસી જીવનમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છીએ. જ્યાં આપણી રાજનીતિમાં તો સમાનતા હશે પણ સામાજિક અને આર્થિક જીવનમાં અસમાનતા હશે. રાજનીતિમાં આપણે એક વ્યક્તિને એક વોટ અને દરેક વોટનું સમાન મૂલ્યના સિદ્ધાંત પર ચાલતાં હોઈશું. પરંતુ આપણા સામાજિક અને આર્થિક જીવનમાં રહેલા સામાજિક અને આર્થિક અસમાનતાના ઢાંચાના કારણે દરેક વ્યક્તિ એક મૂલ્યના સિદ્ધાંતનો અસ્વીકાર્ય કરતો હશે. આવા વિરોધાભાસી જીવનને આપણે ક્યાં સુધી જીવતા રહી શકીશું ? ક્યાં સુધી આપણે આપણા સામાજિક અને આર્થિક જીવનમાં સમાનતાને અસ્વીકાર્ય કરતા રહીશું ? જો આપણે આનો અસ્વીકાર કરતા રહીશું તો માત્ર આપણા રાજનીતિક પ્રજાતંત્રને મુશ્કેલીમાં મૂકીશું. આપણે જેટલા જલદી થઈ શકે આ વિરોધાભાસનો અંત લાવવાનો રહેશે. નહીં તો જે લોકો અસમાનતાથી પીડાય છે, તે લોકો આ રાજનીતિક પ્રજાતંત્રને ઉખાડીને ફેંકી દેશે, જેને આ સભાએ આટલા પરિશ્રમથી નિર્માણ કરી છે.

બીજી વાત જે આપણે ઇચ્છીએ છીએ કે બંધુત્વના સિદ્ધાંત પર ચાલવું. બંધુત્વનો અર્થ શું છે ? બંધુત્વનો અર્થ છે કે – બધા જ ભારતીયોમાં સામાન્ય ભાઈચારાની લાગણી. આ એક એવો સિદ્ધાંત છે, જે આપણા સામાજિક જીવનમાં એકતા પ્રદાન કરે છે. આને હાંસલ કરવું એક મુશ્કેલ કાર્ય છે. આ કેટલું મુશ્કેલ છે, તે જેમ્સ બ્રાયન દ્વારા સંયુક્ત રાજ્ય અમેરિકાના સંબંધિત અમેરિકન રાષ્ટ્રમંડળ પર લિખિત પુસ્તકમાં આપેલી વાતથી સમજી શકાય છે.

એ વાત એમ છે કે – હું આને સ્વયં બ્રાયનના જ શબ્દોમાં સંભળાવીશ- કેટલાંક વર્ષો પહેલાં અમેરિકન પ્રોટેસ્ટંટ ઍપિસ્કોપલ ચર્ચ તેના ત્રિવાર્ષિક સંમેલનમાં પોતાની ઉપાસના પદ્ધતિ સંશોધિત કરી રહ્યું હતું. નાની પંક્તિઓની પ્રાર્થનામાં સમસ્ત નાગરિકો માટેની એક પ્રાર્થના સમ્મલિત કરવા યોગ્ય લાગી અને એક પ્રતિષ્ઠિત મૉડર્ન ઇંગ્લૅન્ડના એક ધર્મગુરુએ આ શબ્દો સૂચવ્યા : 'હે ઈશ્વર ! અમારા રાષ્ટ્ર પર કૃપા કર.' બપોરે એ જ ક્ષણે સ્વીકાર કરવામાં આવેલું આ વાક્ય પછીના દિવસે પુનર્વિચાર માટે રજૂ કરવામાં આવ્યું ત્યારે જનસાધારણ દ્વારા 'રાષ્ટ્ર' શબ્દ પર એ આધારે એટલા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા કે આ શબ્દ રાષ્ટ્રીય એકતા પર જરૂરથી વધુ ભાર મૂકે છે, જેના કારણે પડતો મૂકવો પડ્યો

અને તેના સ્થાન આ શબ્દ સ્વીકારવામાં આવ્યા કે – 'હે ઈશ્વર – આ સંયુક્ત રાજ્ય પર કૃપા કર.'

જ્યારે આ ઘટના બની ત્યારે યુ.એસ.એ.માં એકતાની લાગણી એટલી નહિવત્ હતી કે અમેરિકાની પ્રજા તેઓ એક રાષ્ટ્ર છે એવું માનતી નહોતી. જો અમેરિકાની પ્રજા એ અનુભવ નહોતી કરી શકતી કે તેઓ એક રાષ્ટ્ર છે, તો પછી ભારતીયો માટે એ વિચારવું કેટલું અઘરું છે કે તેઓ એક રાષ્ટ્ર છે. મને એ દિવસો યાદ છે, જ્યારે રાજનીતિક રૂપમાં જાગ્રત ભારતીય 'ભારતની પ્રજા' – એ અભિવ્યક્તિને લઈને નારાજગી વ્યક્ત કરતા હતા. તેમને 'ભારતીય રાષ્ટ્ર' કહેવું જ વધુ પસંદ પડતું હતું. મારા વિચારથી, એ વિચારવું કે આપણે એક રાષ્ટ્ર છે તે બહુ મોટો ભ્રમ છે. હજારો જાતિઓથી વિભાજિત થયેલા લોકો કેવી રીતે એક રાષ્ટ્ર ગણાઈ શકે ? જેટલા જલદી આપણે એ સમજી લઈશું કે આ શબ્દના સામાજિક અને મનોવૈજ્ઞાનિક અર્થમાં હજુ સુધી આપણે રાષ્ટ્ર નથી બની શક્યા, તો તે આપણા માટે સારું જ રહેશે, કેમ કે ત્યારે જ આપણે એક રાષ્ટ્રની યોગ્ય જરૂરિયાતને સમજી શકીશું અને તે લક્ષ્યને મેળવવા માટેનાં સાધનો એકઠાં કરી શકીશું. આ લક્ષ્યની પ્રાપ્તિ ખૂબ જ કઠિન સાબિત થવાની છે – અમેરિકાથી પણ વધુ કઠિન. અમેરિકામાં જાતિના પ્રશ્નો નથી. ભારતમાં જાતિઓ છે. જાતિ રાષ્ટ્ર વિરોધી છે. પહેલી બાબત તો એ કે તેના કારણે સામાજિક જીવનમાં વિભાજન આવે છે. તે એના માટે પણ રાષ્ટ્રવિરોધી છે કે તે જાતિજાતિ વચ્ચે દ્વેષ અને વેરભાવ જન્માવે છે. પરંતુ જો આપણે વાસ્તવમાં એક રાષ્ટ્રનિર્માણ કરવું હશે તો આ પડકાર સામે વિજય મેળવવો પડશે, કારણ કે બંધુત્વ ત્યારે જ સ્થાપિત થઈ શકે છે, જ્યારે આપણું રાષ્ટ્ર એક હોય. બંધુત્વ વિના સ્વતંત્રતા અને સમાનતાનો રંગ ઉપરછલ્લો જ રહેશે.

જે કાર્ય આપણી સામે છે, તે અંગે આ મારા વિચાર છે. ઘણાં લોકોને તે યોગ્ય નહીં લાગે, પણ એ વાતને કોઈ નકારી નહીં શકે કે આ દેશમાં રાજનીતિક સત્તામાં કેટલાક લોકોનો એકાધિકાર રહ્યો છે અને બહુમતી લોકો ન માત્ર બોજો ઉપાડે છે પરંતુ તેઓ શિકાર થનારા જાનવરો સમાન છે. આ એકાધિકારે ન માત્ર તેમની વિકાસની તક છીનવી લીધી છે, પરંતુ તેમના જીવનના કોઈ પણ અર્થ અને આનંદથી વંચિત કરી દીધા છે. શોષિત વર્ગ શાસિત રહીને થાકી ગયો છે. હવે તેઓ સ્વયં શાસન કરવા માટે આતુર છે. દબાયેલા વર્ગોમાં આત્મ-સાક્ષાત્કારની આ ઇચ્છાને વર્ગસંઘર્ષ અથવા વર્ગયુદ્ધનું રૂપ લેવાની પરવાનગી આપવી ન

જોઈએ. આ આપણા ઘરને વિભાજિત કરી દેશે. એ દિવસ અનર્થકારી હશે, કારણ કે અબ્રાહમ લિંકને બહુ સારી રીતે કહ્યું હતું કે, "અંદરથી વિભાજિત થયેલું ઘર બહુ દિવસ સુધી ઊભું નથી રહી શકતું." એટલે તેમની આંકાક્ષાઓ પૂરી થાય તે માટે વહેલાસર અલ્પસંખ્યકો માટે યોગ્ય સ્થિતિ નિર્માણ કરવી જોઈએ. દેશ માટે, દેશની સ્વતંત્રતા અને પ્રજાતાંત્રિક ઢાંચો ટકી રહે તે એટલું જ સારું રહેશે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં સમાનતા અને બંધુત્વ સ્થાપિત કરીને જ આમ કરી શકાય.

સદનમાં બેઠેલા સૌ કોઈને વધુ કંટાળો આવે તેવું હું નથી ઇચ્છતો. બેશક, સ્વતંત્રતા એક આનંદનો વિષય છે. પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે.આ સ્વતંત્રતાએ આપણી પર બહુ બધી જવાબદારીઓ લાદી દીધી છે. સ્વતંત્રતા પછી કોઈ પણ બાબત ખોટી ઠરશે ત્યારે બ્રિટિશ લોકોને દોષ દેવાનો સમય પૂર્ણ થઈ ચૂક્યો છે. હવે જો કંઈ પણ ભૂલ થઈ તો કોઈ બીજાને નહીં, પણ પોતાને જ દોષી ગણવા પડશે. આપણાથી ભૂલો થવાનું જોખમ મોટું છે. સમય ઝડપથી બદલાઈ રહ્યો છે. આપણી સાથે વિશ્વના લોકો નવી વિચારધારાથી પ્રેરણા લઈ રહ્યા છે. લોકો પ્રજા દ્વારા બનેલી સરકારથી કંટાળી ચૂક્યા છે. તેઓ પ્રજા માટે સરકાર બનાવવાની તૈયારી કરી રહ્યા છે અને એ બાબતે ઉદાસીન છે કે તે સરકાર પ્રજા દ્વારા બનેલી પ્રજાની સરકાર છે. જેમાં પ્રજાની, પ્રજા માટે અને પ્રજા દ્વારા બનેલી સરકારનો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે તે બંધારણને સુરક્ષિત રાખવા માંગતા હોય તો આપણે એ પ્રતિજ્ઞા કરવી જોઈએ કે અમે અમારા માર્ગમાં આવતી ખરાબીને, જેના કારણે લોકો પ્રજા દ્વારા બનાવેલી સરકારના બદલે પ્રજા માટે બનેલી સરકારને પ્રાથમિકતા આપે છે, કે ઓળખવામાં અને તેને મિટાવી દેવામાં ઢીલાશ નહી કરીએ. દેશની સેવા કરવાનો આ જ રસ્તો છે. હું આનાથી શ્રેષ્ઠ માર્ગ નથી જાણતો.

❖



રવીન્દ્રનાથ ટાગોર

સાહિત્યકાર-કવિ

જન્મ : ૭ મે, ૧૮૬૧ મૃત્યુ : ૭ ઑગસ્ટ, ૧૯૪૧

ભારતના રાષ્ટ્રીય ગીતના રચયિતા કવિવર રવીન્દ્રનાથ ટાગોરે અનેક સાહિત્યિક વક્તવ્યો આપ્યાં છે. વર્ષ ૧૯૧૩માં 'ગીતાંજલિ' માટે કવિવરને સાહિત્ય માટેનું નોબલ પારિતોષક એનાયત કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વક્તવ્ય તેમણે અંગ્રેજોની સભ્યતા તરફ થયેલા તેમના મોહભંગ વિશે આપ્યું હતું. રવીન્દ્રનાથ ટાગોરનું આ અંતિમ ભાષણ છે.

સભ્યતાનો મોહભંગ

હું મારા જીવનનાં ૮૦ વર્ષ પૂરાં કરી ચૂક્યો છું. આજે જ્યારે હું આટલાં લાંબાં વર્ષો પર નજર કરુ છું અને મારા પ્રારંભના વિકાસને સ્પષ્ટ પરિપ્રેક્ષ્યમાં જોઉ છું તો મારા પોતાના જીવન અને મારા દેશવાસીઓની માનસિકતામાં આવેલા પરિવર્તનને જોઈને નવાઈ પામું છું. આ એક એવું પરિવર્તન છે, જેના પોતાનામાં એક ઊંડો ઇતિહાસ સમાયેલો છે.

બહારની વિશાળ દુનિયાના લોકો સાથે આપણો સીધો સંપર્ક અંગ્રેજોના

સમકાલીન ઇતિહાસ સાથે જોડાયેલો છે. અંગ્રેજોના એ સમૃદ્ધ સાહિત્યના કારણે જ આપણે આપણી ભૂમિ પર આવેલા અજાણ્યા લોકો વિશે મંતવ્યો ઘડી શક્યા હતા. અને હા, આપણને એ સમયે જે શિક્ષા આપવામાં આવતી હતી, તે ન તો વિપુલ હતી, ન વૈવિધ્યપૂર્ણ હતી કે ન તો વૈજ્ઞાનિક ઢબની પદ્ધતિ હતી. પરિણામે, શિક્ષાનું ક્ષેત્ર સીમિત હોવાના કારણે એ દિવસોમાં શિક્ષિત લોકો અંગ્રેજોના સાહિત્યનો જ આધાર લેતા હતા. તેમના દિવસો મેકોલેનાં લાંબાં-લાંબાં વાક્યો, શેક્સપિયરનાં નાટકો અને બાયરનની કવિતા વચ્ચે જ વીતતા અને બ્રિટિશરોની રાજનીતિના ઉદારવાદથી તેઓ પ્રભાવિત થતા.

એ સમયે સ્વતંત્રતા માટેની આપણી ચળવળ શરૂ થઈ ચૂકી હોવા છતાં અંગ્રેજોની આ ઉદારતા ઉપરથી આપણો વિશ્વાસ ડગ્યો ન હતો. આપણા નેતાઓને પણ તેમની ઉદારતામાં અઢળક વિશ્વાસ હતો. આ વિશ્વાસ પાછળનું કારણ એ હતું કે અંગ્રેજોએ પોતાના દેશમાં એવા લોકોને સંરક્ષણ આપ્યું હતું કે જેઓ પોતાના દેશમાં થતા અત્યાચારોથી આહત થઈને તેમના શરણે ગયા હતા. વળી, પોતાના વતન માટે શહીદી વહોરનારા શહીદોનું પણ તેમણે અભિવાદન કર્યું હતું. અંગ્રેજોના આ ઉદારમતવાદી વલણથી આપણા નેતાઓને તેમનામાં વિશ્વાસ હતો. હું પણ અંગ્રેજોની આ માનવતાવાદી ઉદારતાથી પ્રભાવિત થયો હતો અને તેમને ઉચ્ચ આદર આપતો હતો.

અંગ્રેજોના જીવનમાં રહેલી આ ઉદારતા સામ્રાજ્યવાદની જ્વાળાઓથી અભડાઈ નહોતી. વળી, આ જ સમયગાળામાં મેં જૉન બ્રાઈટનાં કેટલાંક ભાષણો સાંભળ્યાં હતાં, જેમાં છલકતી ઉદારતાએ મારા પર એટલો મજબૂત પ્રભાવ પાડ્યો હતો કે આજે આ મોહભંગના સમયમાં પણ એ ભાષણના કેટલાક અંશો મને હજુય યાદ આવે છે.

સૌથી મહત્ત્વની વાત એ કે માનવીય ઉદારતાનો આપણે સૌએ ખુલ્લા હૃદયથી સ્વીકાર કર્યો હતો, ભલેને તે અંગ્રેજો જેવી વિદેશી સત્તા દ્વારા પ્રદર્શિત થઈ હોય. મનુષ્યને મળેલી ઉદારતાની સર્વોત્તમ ભેટ પર ન તો કોઈ એક કોમનો અધિકાર છે ન કોઈ સીમા પૂરતી તે સીમિત છે. માટે જ જે અંગ્રેજી સાહિત્યે ભૂતકાળમાં આપણા મનને પોષ્યું હતું, એના પડઘા હજુ આજે પણ આપણા મનના ઊંડાણમાં પડે છે.

અંગ્રેજી શબ્દ સિવિલાઈઝેશનનો યોગ્ય સમાનાર્થી શબ્દ બંગાળીમાં મળવો મુશ્કેલ છે. આપણે સભ્યતાના જે અર્થથી પરિચિત હતા, તેને મનુએ સદાચાર

તરીકે ઓળખાવ્યો છે, જેનો અર્થ છે, કોઈપણ જાતિ દ્વારા નક્કી કરેલ પરંપરાઓનું આચરણ. પાછળથી આ સામાજિક પરંપરાઓ એક સીમિત ભૌગોલિક વિસ્તારમાં સતત વિકસિત ગઈ અને આ નિર્ધારિત આચરણ, સદાચારના વિચારો ધીમે-ધીમે જડ રૂઢિઓ બનવા માંડી. જેણે આગળ જતાં સામાજિક તાનાશાહીનું સ્વરૂપ ધારણ કર્યું.

મારા બાલ્યકાળ દરમિયાન બંગાળામાં જે શિક્ષિત પેઢી અંગ્રેજી સાહિત્યને વાંચીને ઊછરી, તેમના મનમાં તો આ સામાજિક રૂઢિઓ તરફ રીતસરની વિદ્રોહની લાગણી જ ભરી હતી. અને અમે આ બધા કહેવાતી નિર્ધારિત રૂઢિઓને બદલે એ સભ્યતાનું આચરણ અપનાવ્યું, જે અંગ્રેજી સાહિત્યમાં આલેખાયેલું હતું. અંગ્રેજી સાહિત્યના બુદ્ધિવાદી તથા નૈતિક અભિગમનો અમારા પરિવારો દ્વારા પણ સ્વીકાર કરવામાં આવ્યો અને જીવનના દરેક ક્ષેત્રમાં તેની અસર વર્તાવા માંડી.

આ સમયે સ્વાભાવિક રીતે જ મેં પણ અંગ્રેજી સાહિત્યને મારા મનમાં ઊંચા પદે બેસાડ્યું હતું. આ છે મારા જીવનના પ્રારંભનો અધ્યાય. અને એ પછી મોહભંગનો અનુભવ થતાં અમારા અને તેમના રસ્તા બદલાતા ગયા અને છેવટે એવું થયું કે જે લોકો સભ્યતા અને ઉદારતાની ઊંચાઈને અનુસરતા હતા, તેઓ તો તેને રાષ્ટ્રહિત માટે થઈને બહુ સરળતાથી છોડી પણ દેતા હતા.

જ્યારે મેં જીવનની આ વાસ્તવિકતા તથા ભારતની પ્રજાની દરિદ્રતા જોઈને મારું મન ભાંગી પડ્યું. મને લાગવા માંડ્યું કે ભાગ્યે જ દુનિયાના કોઈ દેશમાં જીવનજરૂરિયાતોનો આટલો અભાવ હશે. આ દેશનાં પોતાનાં સંસાધનો તો વિદેશીઓની સમૃદ્ધિ પાછળ ખર્ચાઈ રહ્યાં હતાં. મારા માટે આ આઘાત જેવું હતું. માનવામાં નહોતું આવતું કે માનવતાનો એ શ્રેષ્ઠ આદર્શ સાવ આવી નિષ્ઠુર રીતે બદલાઈ જશે. એ કહેવાતા સભ્ય સમાજે કરેલી કરોડો ભારતીયોની બેહાલી આજે મારી સામે છે.

આપણે આપણી આંખો સામે જોઈએ છીએ કે જાપાન પોતાને શક્તિશાળી અને સમૃદ્ધ બનાવવામાં લાગી ગયું છે. મેં નજરે જોયું છે કે જાપાને કેવી રીતે પોતાની પ્રગતિના લાભો પોતાના દેશના વિકાસમાં વાપર્યા છે. જ્યારે હું મોસ્કો ગયો હતો ત્યારે મેં ત્યાં પણ જોયું કે કેવી રીતે રશિયા અપાર શક્તિ દ્વારા પોતાના દેશમાં ફેલાયેલી બીમારી અને અજ્ઞાનતા સામે ટક્કર આપી રહ્યું છે અને ગરીબી દૂર કરવામાં સફળ રહ્યું છે. રશિયાની સભ્યતા એક વર્ગથી બીજા વર્ગના

વિભાજનથી પર છે. તેની પ્રગતિથી મને આનંદ પણ થયો અને ઈર્ષા પણ થઈ. રશિયાની સૌથી મોટી ખૂબી તો એ છે કે ધાર્મિક વિવિધતાના જોરે ત્યાં પરસ્પર આક્રમણો કરવાની છૂટ નથી કે ન તો કોઈ રાજકીય-સામાજિક શક્તિના જોરે પરસ્પર ભેદભાવ છે. ખરેખર તો હું આને જ સાચી સભ્યતા માનું છું. એક તરફ હું હજુ થોડાં વર્ષો પહેલાં જે ૨૦૦ જેટલી રાષ્ટ્રીયતા વિકાસના શરૂઆતના તબક્કામાં હતી તેને હું આજે શાંતિથી વિકાસના માર્ગે આગળ વધતી જોઉં છું અને બીજી તરફ આપણા દેશને જોઉં છું જ્યાં બુદ્ધિશાળીઓ પણ વિનાશ તરફ ફંટાઈ રહ્યા છે. હું આ બંને દેશો વચ્ચેની તુલના કર્યા વિના નથી રહી શકતો – એક સહકાર આધારિત છે અને બીજાનું શોષણ થઈ રહ્યું છે.

મેં યુરોપીય દેશોના સકંજામાંથી મુક્ત થઈને નવા આત્મનિર્ભરના માર્ગે ચાલતા ઈરાનને પણ જોયું છે, જે અત્યારે પોતાનું ભાવિ સ્વયં રચવાના પ્રયત્નો કરી રહ્યું છે. મને આનંદ છે કે લઘુમતીમાં રહેલા પારસીઓ જેમના માથે એક સમયે અત્યાચારો અને પાબંદીઓ હતી તેઓ હવે આ સદીઓ જૂના દમનથી સ્વતંત્ર થઈ ગયા છે. તેઓ યુરોપીય શાસનની નાગચૂડમાંથી મુક્ત થયા એ સાથે તેમનો સારો સમય શરૂ થઈ હતો. હું ઈરાનને શુભેચ્છા પાઠવું છું. આપણા પાડોશી રાજ્ય અફઘાનિસ્તાનને જુઓ, હા, એ માન્યું કે ત્યાં હજુ વિકાસ બાકી છે, પણ તેઓ એ બાબતમાં ભાગ્યશાળી છે કે તેઓ પર પોતાની સભ્યતાનો અહમ્ રાખનારા યુરોપીય દેશો કબજો જમાવવામાં સફળ નથી થયા.

આમ, જ્યાં બીજા દેશો પોતાની પ્રગતિ કરી રહ્યા હતા, ભારત ત્યારે બ્રિટિશરોના અત્યાચાર હેઠળ પીસાઈને નિઃસહાય બની ગયું હતું. ચીનની સભ્યતાને રગદોળી દેવાની જવાબદારીમાંથી પણ બ્રિટન છટકી નહિ શકે. માત્ર પોતાના સ્વાર્થ માટે તેમણે ચીનના લોકોને અફીણના નશામાં ડુબાડી દીધા હતા અને તેમની ભૂમિ પર પોતાનો કબજો કરી લીધો હતો. વળી, સ્પેન પર થયેલી ચઢાઈને પણ બ્રિટિશરો દ્વારા બહુ સરળતાથી સ્વીકૃતિ મળી ગઈ હતી. જોકે બીજી બાજુ આપણે એ પણ જોયું કે કેટલાક અંગ્રેજ સૈનિકોએ સ્પેનને બચાવવા પોતાનો જીવ પણ ગુમાવ્યો હતો. આવા તેમનાં ભલાં કાર્યો આપણને અંગ્રેજોના એ ઉમદા ચરિત્રની યાદ અપાવે છે, જેનાથી આપણે શરૂઆતમાં પ્રભાવિત થયા હતા અને મને એટલે જ નવાઈ લાગે છે કે આટલા ઉચ્ચ વિચારોવાળા લોકોને સામ્રાજ્યવાદ કેવી રીતે વટલાઈ શકે છે !

યુરોપીય રોષ્ટ્રોની કહેવાતી સભ્યતા પરથી મારો વિશ્વાસ આ જ કારણે

ડગી ગયો છે. તેઓ ભારતના લોકોની તેમને ભોજન, કપડાં, શિક્ષણ જેવી જરૂરિયાત નહિ પોષીને જ નહિ, પણ સતત કોમી ભાગલા થકી પણ ઉપેક્ષા કરી રહ્યા છે. અને વળી, તેનો આરોપ પણ તેઓ આપણા ઉપર નાંખે છે.

ભારત જાપાન કરતાં બૌદ્ધિક ક્ષમતામાં જરાય ઊતરતું નથી, પરંતુ આ બંને દેશો વચ્ચે ફરક એ છે જાપાન પર વિદેશી હકૂમત નથી, જ્યારે ભારત વિદેશીઓની હકૂમતને આધીન છે. આપણે અનેક બાબતોથી વંચિત છીએ. જાપાનની સભ્યતામાં માનવતાની જે ગરિમા છે, તેનું ભારતમાં બ્રિટિશ શાસનકાળ દરમિયાન કોઈ મહત્ત્વ નથી. બ્રિટિશરોએ હાથમાં દંડો લઈને કાનૂન વ્યવસ્થા મતલબ કે પોલીસરાજ ઊભું કર્યું છે, જેને સભ્યતાના નામ પર કદી માન-સન્માન ન આપી શકાય. સભ્યતાનો મૂળ હેતુ તો લોકોમાં એકતા સ્થાપવાનો છે, પરંતુ તેમના આધીન આ દેશમાં તો આ બધું છિન્ન-ભિન્ન થઈ રહ્યું છે.

આ બધું છતાં મારું નસીબ છે કે હું ઘણા એવા ઉમદા અંગ્રેજોને પણ મળ્યો છું. અને સાચું કહું તો તેમના જેવી સભ્યતા કે શ્રેષ્ઠ લોકો મને આજ સુધી બીજા કોઈ દેશમાં મળ્યા નથી. એન્ડ્રૂઝ જેવા સારા માણસ અને સાચા ઈસાઈ મને મિત્ર તરીકે મળ્યા હતા તે મારા માટે ધન્ય બાબત છે. પ્રેમ અને સમર્પણ ભાવથી તેમણે કરેલાં અસંખ્ય કાર્યોને કારણે ભારત તેમનું ઋણી રહેશે. પરંતુ હું વ્યક્તિગત તેમનો ખાસ આભારી છું, કારણ કે ભૂતકાળમાં અંગ્રેજી સાહિત્યના કારણે અંગ્રેજો તરફ પેદા થયેલી આદરભાવના આજે વૃદ્ધાવસ્થામાં મોહભંગ થયા પછી પણ તેમના જેવા માણસના કારણે ટકી શકી છે. જો હું તેમને ઓળખતો ન હોત તો પશ્ચિમી સભ્યતા તરફ મારી નિરાશા કાયમ રહેત.

આ દરમિયાન વિનાશ નામના રાક્ષસે બધી જ મર્યાદાઓ ત્યાગીને માનવજાતિના સંહાર માટે તાંડવ શરૂ કરી દીધું છે. દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાયેલો નફરતનો ઝેરીલો વાયુ સમગ્ર વાતાવરણને અંધકારમાં ધકેલી રહ્યો છે. હિંસાની આ વૃત્તિ જે પશ્ચિમના લોકોમાં અત્યાર સુધી સુષુપ્ત અવસ્થામાં હતી, તે હવે જાગી ગઈ છે.

ભાગ્યનું ચક્ર એક દિવસ અંગ્રેજોને ભારત છોડવા જરૂર મજબૂર કરી દેશે. પરંતુ સવાલ એ છે કે તેઓ કેવા પ્રકારનું ભારત તેમની પાછળ છોડી જશે ? અને કેવી ઘાતક દુર્દશા હશે ?

એક સમય મને વિશ્વાસ હતો કે સભ્યતાનો ઉદ્ભવ યુરોપના હૃદયમાંથી

થયો છે. આજે જ્યારે હું સંસારમાંથી વિદાય લેવાના આરે ઊભો છું, ત્યારે આ વિશ્વાસ સંપૂર્ણ રીતે નકામો સાબિત થયો છે. જ્યારે હું મારી ચારે બાજુ જોઉં છું, ત્યારે આજે મને એ ગૌરવશાળી સભ્યતા ભાંગ્યાતૂટ્યા અવશેષોમાં વિખરાયેલી જોવા મળે છે. આમ છતાં, હું મનુષ્ય પરથી વિશ્વાસ ગુમાવી દેવાનું પાપ નહિ કરું, પરંતુ આ તબાહી બાદ મનુષ્યના જીવનમાં એક નવા અધ્યાયનો ઉદય થશે તેની રાહ જોઈશ. કદાચ આ નવો અધ્યાય જ્યાં સૂરજ ઊગે છે, એ પૂર્વમાંથી જ જન્મશે. એક દિવસ આવશે, જ્યારે અપરાજિત મનુષ્ય તમામ સંકટો છતાં ફરી બેઠો થશે અને માનવતાના વારસાને ફરી પ્રાપ્ત કરી લેશે.

❖



ડો. એ.પી.જે. અબ્દુલ કલામ

ભારતના મિસાઈલ મેન અને પૂર્વ રાષ્ટ્રપતિ

જન્મ ૧૫ ઑક્ટોબર, ૧૯૩૧

ભારતને આધુનિક વિજ્ઞાન ક્ષેત્રે નવી ઊંચાઈ બક્ષનાર ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ ૨૦૦૩થી ૨૦૦૭ સુધી ભારતનું રાષ્ટ્રપતિ પદ પણ શોભાવી ચૂક્યા છે. ઈસરો તથા ડીઆરડીઓ જેવી સંસ્થાઓમાં સેવા આપવા ઉપરાંત કલામના ફાળે પોખરણ ખાતે સફળતાપૂર્વક કરેલા પરમાણુ પરીક્ષણનું શ્રેય પણ જાય છે. યુવાનો તથા બાળકોને સતત આગળ વધવાની પ્રેરણા આપતા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે આ ભાષણ દરેક ભારતીયને ઉદ્દેશીને આપ્યું છે, જેમાં ૨૦૨૦માં ભારત કેવું વિકસિત રાષ્ટ્ર હશે તેનું 'વિઝન' તેમણે દર્શાવ્યું છે...

ભારતના લક્ષ્યાંકો

ભારત માટે મારા મનમાં ત્રણ લક્ષ્યાંકો છે. આપણા ૩૦૦૦ વર્ષોના ઈતિહાસમાં દુનિયાભરમાંથી લોકો અહીં આવ્યા છે, અને આપણા પર આક્રમણો કર્યાં છે. આપણી જમીનો છીનવી લીધી છે, આપણા ઉપર રાજ્ય કર્યું છે.

એલેકઝાન્ડરથી લઈને ગ્રીકો, તુર્કીઓ, મુઘલો, પોર્ટુગીઝો, બ્રિટિશો, ફ્રેન્ચો, ડચો, વગેરે બધા અહીંયાં આવ્યા છે અને આપણને લૂંટતા રહ્યા છે. છતાંયે આપણે કોઈ બીજા દેશ સાથે આવું નથી કર્યું. આપણે તેમના ઉપર ચઢાઈ નથી કરી. તેમની જમીનો, સંસ્કૃતિ, ઈતિહાસને પચાવી નથી પાડ્યાં. શા માટે ? કારણ કે આપણે હંમેશા અન્યોની સ્વતંત્રતાનો આદર કર્યો છે. એટલે જ મારું ભારતને લઈને પહેલું લક્ષ્યાંક સ્વતંત્રતાનું છે. હું માનું છું ૧૮૫૭ના બળવાની સાથે જ ભારતે પોતાનું આ લક્ષ્યાંક સિદ્ધ કરવા કમર કસી લીધી હતી. હવે આપણી સામેનો સૌથી મોટો પડકાર આપણી આઝાદીને હંમેશા માટે અંકબધ રાખવાનો છે. આપણી આઝાદી જ આપણને વિકાસની રાહ પર લઈ જશે. જો આપણે આઝાદ નહીં હોઈએ તો કોઈને આપણા માટે આદર પણ નહીં હોય.

ભારત માટેનું મારું બીજું લક્ષ્યાંક એ વિકાસ છે. આપણે છેલ્લાં ૫૦થી પણ વધારે વર્ષોથી વિકાસશીલ રાષ્ટ્ર છીએ. અને હવે એ સમય પાકી ગયો છે કે આપણે આપણી જાતને વિકસિત રાષ્ટ્રની હરોળમાં મૂકીએ. આપણે જીડીપીના આધારે દુનિયાના ટોચના પાંચ દેશોમાં છીએ. આપણે મોટા ભાગનાં ક્ષેત્રોમાં ૧૦ ટકા જેટલો વિકાસ દર હાંસલ કરી શક્યા છીએ. આપણી ગરીબીનું સ્તર પણ નીચે જઈ રહ્યું છે અને આપણી સિદ્ધિઓની નોંધ આખું વિશ્વ લઈ રહ્યું છે. છતાંય આપણામાં આપણને પોતાને વિકસિત, સ્વ-નિર્ભર રાષ્ટ્ર તરીકે જોવાના આત્મવિશ્વાસની કમી છે. શું આ ખોટું નથી ?

ભારતને લઈને મારું ત્રીજું સપનું એ છે કે આપણે દુનિયાના દરેક દેશો સમક્ષ ટટ્ટાર અને આંખોમાં આંખ મિલાવી ઊભા રહીએ. જ્યાં સુધી આપણે દુનિયાનો આપણા પોતાના બળે સામનો નહીં કરીએ ત્યાં સુધી દુનિયા આપણી કદર કદી નહીં કરે. ખરેખર તો તાકાતથી વૈશ્વિક ક્ષેત્રે આપણો આદર થતો હોય છે. આપણે માત્ર લશ્કરી ક્ષેત્રે જ નહીં, પણ આર્થિક ક્ષેત્રે પણ મજબૂત બનીને ઊભરવું પડશે. આ આર્થિક અને લશ્કરી એમ બંને ક્ષેત્રોએ આપણે મજબૂત બનીએ તો જ આપણે આપણું આ લક્ષ્ય સિદ્ધ કરી શકીશું.

હું મારી કારકિર્દીનાં ચાર સીમાચિહ્નો જોઉં છું.

૧. મેં મારા જીવનનાં ૨૦ વર્ષો ઈસરોમાં ગુજાર્યાં છે. મને ભારતના પહેલા ઉપગ્રહ પ્રક્ષેપણ યાન(એસએલવી-થ્રી) પ્રોજેક્ટના ડાયરેક્ટરની

જવાબદારી સોંપવામાં આવી હતી, જેના મારફતે 'રોહિણી' ઉપગ્રહ લોન્ચ કરાયો હતો. મારા જીવનમાં એક વૈજ્ઞાનિક તરીકે આ વર્ષોએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો.

૨. ઈસરો પછી હું ડિઆરડીઓમાં જોડાયો અને ત્યાં મને ભારતના પહેલા મિસાઈલ પ્રોગ્રામમાં જોડાવાનો મોકો મળ્યો. ૧૯૯૪માં જ્યારે અગ્નિ મિસાઈલનું મિશન સફળ રહ્યું ત્યારે એ મારા માટે ભગવાનના બીજા આશીર્વાદ સમાન હતું.

૩. એટોમિક એનર્જી ડિપાર્ટમેન્ટ અને ડિઆરડીઓની ભાગીદારીથી ભારતને ૧૯૯૮માં મે ૧૧ અને ૧૩ના રોજ તેના પરમાણુ પરીક્ષણમાં મહત્ત્વની સફળતા મળી. મારા માટે ઈશ્વરના આ ત્રીજા આશીર્વાદ હતા. પરમાણુ પરીક્ષણની ટીમ સાથે કામ કરવાથી જે ખુશી મને મળી અને જેનાથી ભારતે પણ એ સિદ્ધ કર્યું કે હવે એ પણ કોઈ વિકસિત દેશથી કમ નથી, એ દિવસે મને એક ભારતીય હોવાનો ખૂબ જ ગર્વ થયો હતો. હવે હકીકત એ છે કે આપણે અગ્નિ મિસાઈલનું રીએન્ટ્રી સ્ટ્રક્ચર તૈયાર કરી દીધું છે જે માટે જરૂરી કાર્બન-કાર્બન નામનું અત્યંત હળવું મટીરિયલ આપણે તૈયાર કર્યું છે.

૪. એક દિવસ નિઝામ ઇંન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સના ઓર્થોપેડિક સર્જન મારી લૅબોરેટરીમાં આવ્યા. તેમણે આ સામગ્રી (કાર્બન-કાર્બન)ને હાથમાં પકડીને જોઈ અને તેમને એ એકદમ હલકી લાગી. તેઓ મને તેમની હૉસ્પિટલમાં લઈ ગયા અને દર્દીઓ સાથે મુલાકાત કરાવી. ત્યાં નાનાં નાનાં બાળકો પણ હતાં. આ બધા જ દર્દીઓના હાથે પગે ત્રણ-ત્રણ કિલોના વજનવાળા મેટાલીક ક્લીપરોથી પાટાપિંડી કરવામાં આવી હતી, જેના કારણે તેમને એક જગ્યાએથી બીજે જવા ખૂબ જ પરેશાની થતી હતી. તેમણે મને અરજ કરી કે અમે તેમના દર્દીઓની પીડા ઓછી થાય તેવું કંઈક કરી આપીએ. અમે માત્ર ત્રણ જ અઠવાડિયાંમાં ૩૦૦ ગ્રામ વજનવાળા ક્લીપર્સ તેમને બનાવી આપ્યા. બાળકોને વિશ્વાસ નહોતો થતો કે તેઓ હવે પાટા સાથે પણ આસાનીથી હરીફરી શકતાં હતાં. તેમનાં માતા-પિતાની આંખોમાં પણ હર્ષાશ્રુ આવી ગયાં. મારા માટે આ સિદ્ધિ મારા પર કુદરતના ચોથા આશીર્વાદ સમાન છે.

હવે મારે પૂછવું જોઈએ કે, આપણા ત્યાં મિડીયા આટલું નેગેટિવ કેમ છે ? આપણને ભારતીયો તરીકે આપણી સિદ્ધિઓને અને તાકાતને વધાવતાં કેમ આટલી પરેશાની કે સંકોચ થાય છે ? આપણે ખરેખર તો એક મહાન રાષ્ટ્ર છીએ. આપણી પાસે સફળતાઓની અઢળક ગાથાઓ છે, પણ આપણે તેમને સ્વીકારવાની ના પાડીએ છે. શા માટે ? આપણે દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં નંબર વન છીએ. રિમોટ સેનસીંગ સેટેલાઈટનું પ્રક્ષેપણ કરવામાં આપણે નંબર વન છીએ. આપણે ઘઉં ઉત્પાદનમાં વિશ્વમાં બીજા નંબરે છીએ. ચોખાના ઉત્પાદનમાં પણ આપણે બીજા નંબરે છીએ. જરા ડૉ. સુદર્શનની સિદ્ધિઓ તરફ જુઓ. તેમણે ભારતનાં આદિવાસી ગામોને આજે સ્વનિર્ભર અને સ્વંય આધારિત બનાવી દીધાં છે. આવી આપણી હજારો સિદ્ધિઓ છે, પણ આપણું મિડીયા માત્ર નકારાત્મક બાબતો અને આપણી નિષ્ફળતાઓ તરફ જ આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે.

હું એક વખત ઈઝરાયલના તેલ અવીવની મુલાકાતે હતો અને ત્યાંનાં ઈઝરાયલી છાપાંઓ હું વાંચતો હતો. એ દિવસે ત્યાં ઘણા બોમ્બધડાકા થયા હતા અને ઘણા લોકોનાં મૃત્યુ થયાં હતાં. હું બીજા દિવસે છાપામાં તેના વિશે સમાચારો વાંચવાની અપેક્ષા રાખતો હતો, પણ મારા આશ્ચર્ય વચ્ચે બીજા દિવસે છાપાના પહેલા પાના પર એક યહૂદી વ્યક્તિએ પાંચ વર્ષોની સખત મહેનત પછી એક ડુંગરાળ જમીનને મબલખ પાક ઉત્પાદન કરતી જમીનમાં રૂપાંતરિત કરી હતી તે વિશેના સમાચારો હતા. બોમ્બ બ્લાસ્ટના અને ખૂનખરાબાના એ સમાચાર તો ક્યાંય બીજા અન્ય સમાચારો સાથે અંદરનાં પાનાંઓમાં ખોવાઈ ગયા હતા. ઈઝરાયલમાં આવી પ્રેરણાદાયી વાતો સાથે તેમની સવાર ઊઘડે છે, નહીં કે લોહીથી ખરડાયેલી ગોઝારી તસવીરો અને નકારાત્મક સમાચારો સાથે ! આપણે ત્યાં આપણે માત્ર મૃત્યુ, માંદગી, આતંકવાદ, હત્યા વગેરે સમાચારોને જ વાંચતા આવ્યા છીએ. શા માટે આપણે આટલા નકારાત્મક છીએ ?

બીજો પ્રશ્ન; આપણો આખો દેશ વિદેશી વસ્તુ પાછળ આટલો ઘેલો કેમ છે ? આપણને વિદેશી કપડાં, વિદેશી ટેલિવિઝન, વિદેશી ટેક્નોલૉજી, વિદેશી ખોરાક આ બધાંથી આટલું વળગણ કેમ છે ? શા માટે દરેક આયાતી વસ્તુ પાછળ આપણે આટલા બધા પાગલ હોઈએ છીએ ? શું આપણે એ નથી જાણતા કે સ્વ-નિર્ભરતામાંથી જ સ્વ-આદર પ્રગટે છે ?

હું હૈદરાબાદમાં એક લેકચર આપવા ગયો હતો, ત્યાં એક ૧૪ વર્ષની છોકરી મારી પાસે આવી અને મારો ઓટોગ્રાફ માંગ્યો. મે એને એના જીવનનું ધ્યેય શું છે તે પૂછ્યું. એનો જવાબ હતો; હું મોટી થઈને વિકસિત ભારતમાં જીવવા માંગું છું. હવે એ આપણી જવાબદારી છે કે હું અને તમે, આપણે બંને ભેગા મળી આ છોકરી માટે વિકસિત ભારતની રચના કરીએ. આપણે હવે છાતી ઠોકીને કહેવાનું છે કે આપણે વિકાસશીલ નહીં, પણ એક વિકસિત રાષ્ટ્ર છીએ.

હું થોડું વધારે કહીશ, શું તમારી પાસે દેશ માટે ૧૦ મિનિટ છે ?

તમે કહો છો કે આપણી સરકાર નબળી છે. તમે કહો છો કે આપણા કાયદાઓ જૂના થઈ ગયા છે. તમે ફરિયાદ કરો છો કે મ્યુનિસિપાલિટીવાળાઓ કચરો નથી લઈ જતા. તમે ફરિયાદ કરો છો કે ટેલિફોન કામ નથી કરતા. તમને રેલવેની કામગીરી મજાક જેવી લાગે છે. આપણા દેશની એરલાઈન્સ આખી દુનિયામાં સૌથી રેઢિયાળ છે. ટપાલ પણ ક્યારેય સમયસર સરનામે પહોંચતી નથી. આપણો દેશ તો કૂતરાઓના હવાલે છે અને સાવ ખાડે ગયો છે...

તમે કહો છો... કહો છો... અને બસ કહેતા જ રહો છો... તમે આના માટે કરો છો શું... ?

ધારો કે તમે સિંગાપુર જાઓ છો. ત્યાંના એરપોર્ટની બહાર નીકળતાં જ તમે પણ તમારી આંતરરાષ્ટ્રીયતા જાળવવા લાગશો. તમે સિંગાપુરમાં કદી સિગારેટનાં ઠૂંઠાંઓ રસ્તા પર ફેંકી આગળ ચાલતા નહીં નીકળો. તમે ગમે ત્યાં ખાતા નહીં ફરો. તેઓ જેમ તમને પણ તેમની અન્ડરગ્રાઉન્ડ રેલવે માટે માન થવા લાગશે. તમને સવારના ૫થી સાંજના ૮ વાગ્યા દરમિયાન ઓર્ચાડ રોડ પર વાહન ચલાવવા ૫ ડોલર આપવામાં કોઈ પરેશાની નહીં હોય. પાર્કિંગમાં પાર્ક કરેલી તમારી કાર માટે શોપિંગમાં વિતાવેલા વધારે સમયના કારણે પાર્કિંગના વધારે રૂપિયા આપવામાં તમે કોઈ આનાકાની નહીં કરો. ત્યાં કંઈ તમે તમારી કોઈ ઓળખાણ બતાડવા નહીં જાવ.

એવી જ રીતે તમે દુબઈમાં રમઝાન માસ દરમિયાન જાહેરમાં ખાવાની હિંમત નહીં કરો. તમે જેદાહમાં માથા પર ઓઢ્યા વિના ફરવાની કોશિશ પણ નહીં કરો. તમે લંડનના ટેલિફોન કર્મચારીને તમારા એસટીડી અને આઈએસડી કોલ કોઈ બીજાના બિલમાં ભેળવી દેવા ૧૦ ડૉલરની લાંચ આપવાની હિંમત પણ

નહીં કરો. તમે વૉશિંગ્ટનના રસ્તાઓ પર ૮૮ કિમીથી વધારે ઝડપે ગાડી ચલાવી ત્યાંના પોલીસવાળાને એમ કહેવાની હિંમત નહીં કરો કે 'તમને ખબર છે હું કોણ છું ?' કે પછી 'શું તું જાણે છે મારો બાપ કોણ છે ?' તમે નારિયેળના ખાલી કોચલાઓને ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડના દરિયાકિનારાઓ પર ફેંકવાની હિંમત નહીં કરો, ત્યાં તમે કચરાપેટી શોધવાની તસ્દી જરૂર લેશો. તમે ટોકિયોની ગલીઓમાં કદી પાનની પિચકારી મારતા નહીં ફરો. તમે બોસ્ટનમાં જઈ નકલી પ્રમાણપત્રો નહીં બનાવડાવો.

આ એ જ વ્યક્તિની વાત છે જેના મનમાં ભારતને લઈને પ્રશ્નો હતા. હા, આ વાત મારી અને તમારી જ છે. આપણે વિદેશમાં રહીને ત્યાંના નિયમો મુજબ રહેવા લાગીએ છીએ, પણ ભારતમાં તેમ નથી કરતા. આપણે જેવા ભારતની ધરતી પર પગ મૂકીએ છીએ કે તરત જ રસ્તા પર કાગળિયાં અને સિગારેટનાં ઠૂંઠાં નાખતા થઈ જઈએ છીએ. જો આપણે સાવ અજાણ્યા દેશ માટે એક સારા અને શિસ્તબદ્ધ નાગરિક બની શકીએ તો ભારત જે આપણો દેશ છે, જેના માટે આપણને ગર્વ છે, ત્યાં રહીને આપણે કેમ આમ ના કરી શકીએ ?

મુંબઈના પૂર્વ મ્યુનિસિપલ કમિશનર, શ્રી તીનાઈકરે મને એક વખત બહુ માર્મિક વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે કહેવાતા ઉચ્ચ ઘરના સારા લોકો રોજ સવારે તેમના કૂતરાઓને રસ્તા પર હાજત કરાવવા લઈ આવે છે અને પછી આ જ લોકો ફૂટપાથ પર ગંદકી બદલ સત્તાવાળાઓ સામે ફરિયાદ કરે છે. તેઓ મ્યુનિસિપાલિટીના અધિકારીઓ પાસેથી શું અપેક્ષા રાખે છે, શું તેઓ રોજ સવારે રસ્તાઓ પર આવીને ઝાડુ ઉપાડી તેમના પાલતું જાનવરોનાં મળ-મૂત્રો સાફ કરે ? અમેરિકા અને જાપાનમાં કૂતરાઓ જાહેર જગ્યાઓએ મળ-મૂત્ર કરે તો તેમના માલિકોએ તેને સાફ કરવું પડે છે. શું ભારતમાં લોકો આવું કામ કરવા તૈયાર થશે ?

આપણે મતકેન્દ્રો પર જઈ, મત આપી, સરકારને ચૂંટી લઈને એક ઉપકાર કરી દઈએ છીએ, અને પછી આપણે આપણી જવાબદારીમાંથી ખસી જતા હોઈએ છીએ. આપણે ઘરે આરામથી બેસી રહેતા હોઈએ છીએ અને સરકાર પાસેથી અપેક્ષા રાખતા હોઈએ છીએ કે તેઓ આપણી બધી જ જવાબદારી ઉપાડી લે. આપણે સરકાર પાસે રસ્તા સાફ રહે તેની અપેક્ષા રાખતા હોઈએ છીએ, પણ

આપણે કચરો ફેંકતાં જરાય અચકાતા નથી. આપણે રેલવે પાસેથી સ્વચ્છ બાથરૂમની અપેક્ષા રાખીએ છીએ, પણ તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં નથી માનતા. આપણે એર ઇન્ડિયા અને ઇન્ડિયન એરલાઇન્સ પાસેથી સારા ખોરાક અને સ્વચ્છ બાથરૂમની માંગ કરીએ છીએ પણ ક્યારેય નાની નાની ચોરી કરવાની એકેય તક છોડતા નથી. આ વાત ત્યાં કામ કરતા સ્ટાફના કર્મચારીઓને પણ એટલી જ લાગુ પડે છે, જેઓ તેમને કહેવામાં આવેલી તેમની ફરજ અને સેવાને પૂર્ણ નિષ્ઠા સાથે નથી નિભાવતા.

સ્ત્રીઓના અધિકારો, દહેજપ્રથા, સ્ત્રી ભ્રૂણહત્યા જેવા સામાજિક મુદ્દાઓમાંના સંદર્ભો પણ આપણે ડ્રોઇંગરૂમમાં બેઠાં-બેઠાં ઊછળી ઊછળીને ઊંચા સાદે વિરોધ નોધાવીશું, પણ આપણે આપણી જાત સાથે હંમેશા તેનાથી ઊલટું જ કરીશું. વળી આપણી પાસે તૈયાર મજાનું બહાનું હોય જ ! આપણે કહીશું, પહેલાં આખા સમાજે બદલાવું પડે, તો જ બદલાવ આવી શકે. હું એકલો જ મારા છોકરાના લગ્નમાં દહેજ ના લઉં તો તેનાથી કંઈ નહીં થાય, બધાએ આવું કરવું પડશે. પણ હું કહું છું કે કોઈકે તો આની શરૂઆત કરવી પડશેને ! જો આપણે આગળ જ નહીં આવીએ, અને શરૂઆત જ નહીં કરીએ તો પછી આ સમાજને, આ પરિસ્થિતિને બદલશે કોણ ? અને આ સમાજ એટલે શું ? તેમાં કોનો કોનો સમાવેશ થાય ? આપણી સરળતા ખાતર તેમાં આપણા પાડોશીઓ, અન્ય લોકો, બીજા શહેરોના લોકો, અન્ય કોમના લોકો અને સરકારને આપણે તેમાં સમાવીશું, પણ કદી તેમાં આપણે આપણી જાતને નહીં સમાવીએ.

જ્યારે ક્યારેય પણ દેશ માટે કે સમાજ માટે કોઈ હકારાત્મક કામ કરવાનું હોય ત્યારે આપણે આપણી જાતને અને આપણા પરિવારને સૌથી પહેલાં તો રેશમના કોચલામાં પૂરી દઈએ છીએ અને પછી દૂર બીજા કોઈ દેશ તરફ નજર દોડાવીએ છીએ કે પછી આશા રાખીએ છીએ કે કોઈ મિસ્ટર ક્લીન આવશે અને તેના જાદુથી બધું બરાબર કરી દેશે. અથવા તો છેવટે આપણે દેશ છોડી ભાગી જઈએ છીએ. આપણે કોઈ આળસુ કાયરની જેમ અમેરિકા ભાગી જઈએ છીએ અને ત્યાં જઈ ત્યાંની નીતિ-રીતિઓની વખાણ કરવામાં લાગીએ છીએ. જ્યારે ન્યૂયોર્કમાં અસલામતી થવા લાગે છે ત્યારે આપણે ઇંગ્લૅન્ડ તરફ નજર દોડાવીએ છીએ. જ્યારે ઇંગ્લૅન્ડમાં રોજગારની તકો ઓછી થવા લાગે છે, ત્યારે આપણે

ખાડીના દેશો તરફ રુખ કરીએ છીએ. જ્યારે ખાડીના પ્રદેશોમાં યુદ્ધનો માહોલ સર્જાય છે, ત્યારે આપણે ભારતીય સરકાર પાસે મદદની માંગ કરીએ છીએ અને વતનને વહાલું કરીએ છીએ. બસ, આ જ થતું રહે છે. દરેકને દેશને બેહાલ કરવો છે, અને ગાળો ભાંડવી છે, ખોદણી કરવી છે, પણ કોઈનેય આ પરિસ્થિતિમાં બદલાવ લાવવા કંઈ કરવું નથી. આપણે આપણા આત્માને ભૌતિકતા આગળ અને પૈસા કમાવાની આંધળી દોટ આગળ ગીરવે મૂકી દીધા છે.

❖

વિભાગ : ૨
વિદેશી વક્તાઓનાં ભાષણ



સૉક્રેટિસ

ગ્રીકનો મહાન તત્ત્વચિંતક

જન્મ : ઈ.સ. પૂ.૪૭૦ મૃત્યુ : ઈ.સ. પૂ. ૩૯૯

મહાન વિચારકો, વ્યાખ્યાતાઓની ભૂમિ ગણાતા ગ્રીકે આ જગતને સૉક્રેટિસ, પ્લેટો, એરિસ્ટોટલ જેવા વિચારકોની ભેટ આપી છે. એમાંય સૉક્રેટિસના વિચારો અને લોકોને સચ્ચાઈ તરફ વાળવાના તેમના પ્રયત્નો આજે પણ તેમની પ્રતિભાને ઉચ્ચ વિચારક તરીકે ટોચે બેસાડે છે.

જોકે ગ્રીકના સત્તાધીશોને લાગ્યું કે સૉક્રેટિસ આવા વિચારોથી યુવાનોને ભ્રષ્ટ કરે છે અને તેમણે માત્ર પોતાના અંગત સ્વાર્થ અને માન્યતા માટે થઈને સૉક્રેટિસ પર રાજદ્રોહનો મુકદમો ચલાવ્યો અને ઈ.સ. પૂર્વ ૩૯૯માં સૉક્રેટિસને દેહાંત દંડની સજા ફરમાવી. આ મુકદમાના ચુકાદા બાદ સૉક્રેટિસે આપેલા ભાષણ 'માફીનામું' આજે પણ તેમની મહાનતા સિદ્ધ કરે છે. પાછળથી તેમના શિષ્ય પ્લેટોએ આ ભાષણનું શબ્દશઃ લેખન કર્યું હતું...

માફીનામું !

મારા વ્હાલા એથેન્સવાસીઓ, હું શરૂઆતથી વાત માંડવા માગું છું. હું જણાવવા માગું છું કે મારા ઉપર એવા કયા કયા આરોપો મૂકવામાં આવ્યા છે જેના કારણે મારી બદનામી થઈ છે અને મારી વિરુદ્ધ અભિયોગ ચલાવવામાં આવી રહ્યો છે. તો જોઈએ, મારી બદનામી કરનારાઓનું શું કહેવું છે. મારા પર જેના આધારે અભિયોગ ચલાવાયો છે, એ સોગંદનામાંના શબ્દો કંઈક આ મુજબ છે : "સૉક્રેટિસ એ દુષ્ટ માણસ છે, અને પારકી પચાંત કરનારો છે, જે હંમેશા જમીન અને આસમાનના અનુસંધાનની જ વાતો કરે રાખે છે. જે અસત્ય વાતોને ખોટા તર્ક આપીને સત્ય સાબિત કરી નાંખે છે અને અન્યને પણ આ શીખવતો ફરે છે." મારી પાછળ જે અભિયોગ ચલાવવામાં આવ્યો તે કંઈક આ જ પ્રકારનો છે. એરીસ્ટોફેન્સના રમૂજી નાટકમાં પણ એક સૉક્રેટિસ નામનું પાત્ર છે, જે હવામાં ચાલે છે અને વ્યર્થ વાતો કરે છે. હું આવી બધી વાતો વિશે થોડું-ઘણું પણ જાણતો નથી. હું આવી પ્રાકૃતિક વિદ્યાના જાણકારની નિંદા નથી કરતો, પણ સત્ય એ છે કે હે એથેન્સવાસીઓ, તમે એમ કેમ સમજતા નથી કે મારે આવી બધી ચર્ચા સાથે કોઈ સંબંધ નથી. અને તમારામાંના ઘણા આ બધાના સાક્ષી પણ છે.

મારા પર બીજો આરોપ એ મૂકવામાં આવ્યો છે કે હું એક શિક્ષક થઈને ભણાવવા બદલ નાણાં લઉં છું. એ વાતમાં લેશમાત્ર પણ સત્ય નથી. આમ છતાં જો કોઈ શિક્ષક તેણે આપેલી વિદ્યાના બદલામાં નાણાં લેતો હોય તો એ મારા મતે ખુશીની વાત કહેવાય. એથેન્સવાસીઓ, કદાચ તમારામાંથી કેટલાક તો મને એવું પણ પૂછશે, "સૉક્રેટિસ, તું એવું તો કંઈક વિચિત્ર કરતો જ હશે કે તારા વિરુદ્ધ આ બધી અફવાઓ ઊડી છે. જો તું એવું કંઈ કરતો જ ન હોય તો આવી વિચિત્ર વાતો થોડી ફેલાત ? તેમાં કંઈક તો તથ્ય હશે જ ને ! જો તું બીજા માણસો જેવો જ હોત તો તારી વિરુદ્ધ આવી કોઈ જ અફવા ફેલાત નહિ. માટે, સૉક્રેટિસ, તું અમને સાચી વાત જણાવ, તું એવાં કયાં કાર્યો કરે છે ? સાચી વાત જાણ્યા વિના અમે ન્યાય નહિ કરી શકીએ." હું તમારા આ પ્રશ્નોને ઉચિત સમજું છું અને આપની સામે આવી અફવાઓ ફેલાવવાનું કારણ રજૂ કરું છું.

તમારામાંથી કેટલાક લોકો હસી રહ્યાં હોવા છતાં હું તમારી સામે સમગ્ર સત્ય વર્ણવીશ. ઓહ, મારા એથેન્સવાસીઓ, મારી આ ખરાબ છાપ મારી ચોક્કસ પ્રકારની બુદ્ધિમત્તામાંથી જન્મી છે. જો તમે પૂછશો કે કયા પ્રકારની

બુદ્ધિમત્તા, તો મારી પાસે તેનો પણ જવાબ છે, "એ બુદ્ધિમત્તા જે દરેક માણસ પાસે હોવી ખૂબ અનિવાર્ય છે. તેમાં તો હું નિપુણ છું જ. પરંતુ તમે જે પ્રાકૃતિક બુદ્ધિમતાની વાત કરો છો તે અંગે મેં આગળ પણ કહ્યું હતું તેમ, આ અંગે હું કંઈપણ કહેવામાં નિષ્ફળ જઉં છું. મને આ બાબતનું કંઈ જ્ઞાન નથી. આમ છતાં તમારામાંથી કોઈ આ બાબતો ખોટી છે તેમ કહે તો તે માણસ જુઠ્ઠું બોલી રહ્યો છે. અને મારા વિશે તે અપ્રતિષ્ઠા ઊભી કરી રહ્યો છે."

આ સિવાય એક બીજી બાબત પણ છે; ધનવાનોના જવાન છોકરાઓ કે જેમની પાસે ખાસ કશું કરવા માટે નથી હોતું તેઓ મારી પાસે આવે છે, તેઓ મારી વાતો સાંભળે છે અને પછી તેનું આંધળું અનુકરણ કરવા જાય છે. તેઓ મને બીજાની પરીક્ષા કરતા જુએ છે, અને તેમને તેનો આનંદ આવે છે. પછી તેઓ પણ મારી માફક અન્યની પરીક્ષા લે છે અને આ દરમિયાન તેમને પણ અનેક લોકો એવા મળે છે, જે પોતાને જ્ઞાની કહેતા હોય, પણ હકીકતમાં તો તેઓ અજ્ઞાની જ હોય છે. એ પછી તે અજ્ઞાની લોકો પોતાની જાત પર ગુસ્સો કરવાને બદલે મારા ઉપર ગુસ્સે થાય છે અને કહે છે, 'આ નરાધમ સૉક્રેટિસ, યુવાનોને પણ બગાડે છે.' પણ જ્યારે તેઓને પૂછવામાં આવે છે કે સૉક્રેટિસે તમારી સાથે શું ખોટું કર્યું તો તેમની પાસે આનો કોઈ યોગ્ય જવાબ નથી હોતો. અને તેઓ પોતાનો દોષ છુપાવવા ચિંતકોને બદનામ કરવાના બનાવેલા આરોપો આગળ ધરી દે છે, અને આવા આરોપો તેઓ મારા પર પણ લગાવે છે. તેઓ કહે છે કે સૉક્રેટિસ નાસ્તિક છે, અને અસત્ય વાતોને ઉલટાવી-સુલટાવીને સત્ય સાબિત કરી દે છે. તેઓ પોતાની અજ્ઞાનતા જાહેર નથી કરી શકતા, એટલે તેઓ મારા વિરોધી બનીને તેમની વાક્પટુતાથી તમારા કાનોમાં અફવાઓ રેડે છે. અને આ જ કારણ છે કે મારા વિરોધીઓ મારા ઉપર અભિયોગ ચલાવી રહ્યા છે. ઓ એથેન્સવાસીઓ, આ જ સત્ય છે, તેમાં મેં કોઈ અતિશયોક્તિ નથી કરી. આ જ પૂર્ણ સત્ય છે. વળી, મને એ પણ ખાતરી છે કે મારા આવા સ્પષ્ટ ભાષણથી જ તેઓ મારા શત્રુ બને છે અને મારી સામે પૂર્વગ્રહો ઊભા કરે છે.

કદાચ તમારામાંથી કોઈ મને પૂછી શકે છે, સૉક્રેટિસ, તને એવાં કાર્યો કરવામાં શરમ નથી આવતી જેનાથી તારા મૃત્યુની સંભાવના થાય છે ? તો હું એ વ્યક્તિને બહુ સહજતાથી કહીશ કે મારા દોસ્ત, તમે અહીંયાં ભૂલ કરો છો. જે માણસ સારો છે, એને મરવા કે જીવવા વિશેની ગણતરીઓ ના હોય. તેણે તો બસ એ જ ચિંતા કરવાની હોય કે એ જે પણ કંઈ કરી રહ્યો છે એ સારું છે કે ખરાબ

અને એ કરવાની રીત ખોટી છે કે સાચી. તમારા આવા મતથી તો એ સાબિત થાય છે કે ટ્રોયમાં શહીદ થયેલા આપણા જવાનો અને થીટીસના પુત્ર જેમણે બૂરાઈ સામે મૃત્યુનો સ્વીકાર કર્યો હતો તે ખોટો હતો. જ્યારે તે હેકટરને મારવા આતુર હતો, ત્યારે તેની સમજદાર અને શુભચિંતક માતાએ તેને સમજાવ્યો કે "આ બદલો લેવામાં આખરે તું જ હોમાઈ જઈશ, આના કરતાં તો દીકરા, થોડી ધીરજ રાખ." તેણે માતાની આ વાત સાંભળી તો હતી, પણ અપમાનભરી જિંદગી કરતાં તેણે બદલો લઈ મૃત્યુને ભેટવાનું વધુ મુનાસિબ માન્યું. તેણે કહ્યું, "મા, મારા મિત્રો ખાતર મને બદલો લેવા દે અને મોતને ભેટવા દે. નહીંતર હું આ પૃથ્વી પર બોજ બનીને રહી જઈશ." શું એચીલેઝએ ત્યારે મૃત્યુ કે ભયનો વિચાર કર્યો હશે ? જ્યારે પણ માણસને કોઈ જવાબદારી સોંપવામાં આવે છે ત્યારે એણે મોત કે ભયની ચિંતા કર્યા વિના તે જવાબદારી અદા કરવાની હોય છે. તેણે આ સમયે મૃત્યુ કે અન્ય વિશે નહિ, પણ અપમાન વિશે વિચારવું જોઈએ. ઓ એથેન્સવાસીઓ, આ જ સત્ય છે.

એથેન્સવાસીઓ હું તમારો આદર કરું છું અને મને તમારા પ્રત્યે પ્રેમ છે, પણ હું તમારા કરતાં ઈશ્વરનો હુકમ માનવાનું વધારે પસંદ કરીશ. જ્યાં સુધી મારામાં પ્રાણ હશે અને તાકાત હશે ત્યાં સુધી હું જે માનું છું, મારી જે વિચારસરણી છે તેને બીજા સુધી પહોંચાડતો રહીશ. અને જેને પણ મળતો રહીશ તેને સત્ય કહેતો રહીશ. હે મારા એથેન્સવાસીઓ, તમે એક મહાન અને બૌદ્ધિક વારસો ધરાવતા શહેરના નાગરિક છો, તો શું તમને શરમ નથી આવતી કે તમે જ્ઞાન અને બુદ્ધિના બદલે નાણાં, પ્રશંસા અને નામનો જ ખડકલો કરી રહ્યાં છો ? તમને નથી લાગતું કે તમે જ્ઞાન, શિક્ષણ અને બુદ્ધિ ઉપર ધ્યાન નથી આપી રહ્યાં ? તમે તમારા આત્માને શુદ્ધ કરવાનો કદી સમય જ નથી કાઢતા ? જો મારી પાસે કોઈ આવે અને કહે કે તેઓ આ બધા ઉપર ધ્યાન આપે છે, તો હું માત્ર તે સાંભળીને તેને જવા નહિ દઉં, હું તેની પરીક્ષા કરીશ. અને જો તેમાં તે વ્યક્તિ સાચો નહિ ઠરે, તો હું તેને ખરી-ખોટી સંભળાવીશ કે તું બહુમૂલ્ય વસ્તુઓની કદર નથી કરતો અને ભૌતિક - નિરર્થક વાતો પાછળ દોડે રાખે છે. અને આ વ્યવહાર હું યુવાન અને વૃદ્ધો, જાણીતા અને અજાણ્યા - એ દરેક વ્યક્તિ કે જે મને મળશે તે બધા સાથે કરીશ, અને એમાંય જે આ શહેરના નાગરિક છે તેમની સાથે તો ખાસ આવું કરીશ; કારણ કે તેઓ મારા ઘનિષ્ઠ છે. મારા માટે આ ઈશ્વરનો હુકમ છે, જેમ શ્વાસ લેવા જરૂરી છે તેવી રીતે મારા માટે આના પર

અમલ કરવો જરૂરી છે.

અને હું માનું છું કે ઈશ્વરની મારી આ સેવા કરવા જેટલું સારું કાર્ય આ રાજ્યમાં એકેય નથી. હું લોકોને એ મનાવતો ફરું છું કે તમે પહેલાં તમારી સંપત્તિ કે નાણાંની નહીં તમારા આત્માની શિક્ષાની ચિન્તા કરો. તમારાં નાણાં થકી તમે સદ્‌ગુણો નહીં મેળવી શકો, પણ તમારા સદ્‌ગુણો થકી તમે ઘણી બધી સંપત્તિ એકઠી કરી શકશો, જેનું મૂલ્ય ઘણું ઊંચું હશે. મારા આ શબ્દો જ મારી શિખામણ છે. જો મારી આ શીખથી યુવાનો અવળા માર્ગે જઈ શકતા હોય, ભોળવાતા હોય, તો બેશક હું બદમાશ છું, પણ જો કોઈ એમ કહે કે હું આ બધું નથી શીખવતો, તો એ વ્યક્તિ ખોટી છે.

ઘણાને એ વાતની નવાઈ લાગશે કે હું ખાનગી અને અંગત રાહે લોકોને સલાહ આપું છું, પણ અહીં જાહેરમાં આવું સાહસ ખેડતો નથી. હું તમને એનું કારણ જણાવું છું, મેં ઘણી બધી વખત મારાં પ્રવચનોમાં મને ભવિષ્યવાણી કે પછી એવી કોઈ સંકેત મળતા હોય છે તે વિશે કહ્યું છે, જે ઈશ્વરનો આપેલો એક દૈવીય ભાવ (આંતરિક અવાજ) છે, જેના કારણે જ આજે મારા ઉપર મુકદ્દમો ચાલી રહ્યો છે. આવું મારી સાથે બાળપણથી થાય છે, જે મને અધમ કાર્ય કરતાં રોકે છે, પણ મને ક્યારેય કોઈ કાર્ય જે હું કરવા જઈ રહ્યો હોઉં છું તે કરવાનો હુકમ નથી આપતો. આ જ ભાવે (આંતરિક અવાજે)મને સાર્વજનિક કાર્યો અને રાજકારણમાં આવતાં અટકાવ્યો છે. અને હે એથેન્સવાસીઓ, એ પણ સાચું જ છે કે, જો હું રાજકારણમાં આવ્યો હોત તો મારું પતન બહુ પહેલાં થઈ ગયું હોત. જો હું રાજકારણમાં આવ્યો હોત તો હું મારા પોતાના માટે કે સમાજ માટે કશું સારું કાર્ય ના કરી શક્યો હોત. અને એથેન્સવાસીઓ, મારા સત્યથી મન દુઃખી ન કરશો. વળી, આ જગતમાં કોઈપણ માણસ એવો નથી કે જે બધા લોકો અને રાજનીતિનો વિરોધ કરવા છતાં લાંબા સમય સુધી પોતાના પ્રાણ બચાવી શકે.

એથેન્સવાસીઓ, મારે બચાવમાં આનાથી વધારે કશું કહેવાનું નથી. હજુ બે શબ્દો કહેવા હોય તો હું એ કહીશ કે આમાંથી કેટલાક મારાથી નારાજ પણ થયા હશે, તેઓ વિચારતા હશે કે, તેઓ મારા જેવી સ્થિતિમાં કે આનાથી ઓછી ગંભીર સ્થિતિમાં જ્યારે પણ આવ્યા ત્યારે ન્યાયાધીશ સામે રડતાં રડતાં આજીજી અને વિનવણી કરીને આવતા હતા. ન્યાયાલયમાં તેમના પુત્રને પેશ કરતા હતા અને સંબંધીઓ અને મિત્રોનું ધાડું લઈને દેખાવ કરતા હતા, જ્યારે મારો જીવ જોખમમાં હોવા છતાં મેં આમાંથી કશું જ કર્યું નથી. તેમના દિમાગમાં મારા વિરુદ્ધ

ભેદ ઊભો થતો હશે અને આ કારણે તેઓ મારાથી નાખુશ થઈને મારા પર ગુસ્સે થતા હશે અને કદાચ મને કઠોર ગણીને મારી વિરુદ્ધમાં પણ જાય.

પરંતુ, પ્રજાના અભિપ્રાયનો પ્રશ્ન એક બાજુ મૂકીએ તો પણ હું રોકકળ કરીને ન્યાયાધીશ પાસે મારી મુક્તિ માટે અરજ કરું તે યોગ્ય ગણાય નહિ. ન્યાયાધીશની ફરજ તો એ છે કે તે ચુકાદો આપે, નહિ કે પોતાના મિત્રો પર કૃપા વરસાવે. તેમણે એ માટે સોગંદ પણ લીધા છે કે તે અયોગ્ય દયા દાખવ્યા વિના ન્યાય મુજબ કાર્ય કરે. અને માટે જ અમારે તે પ્રતિજ્ઞા તોડવાનો આગ્રહ ન કરવો જોઈએ તથા તમારે પણ અમને તેમ ન કરવા દેવું જોઈએ. અને આવું કરીને જો હું તમારો કૃપાપાત્ર બની પણ ગયો તો પણ, તે દેવોનો તિરસ્કાર થશે, કારણ કે જે શપથ દેવતાઓ સામે લીધા છે, તેને જ તોડવા પડશે. આનાથી તો સિદ્ધ થઈ જશે કે હું દેવોની અવગણના કરું છું અને તેવો જ આરોપ મારા પર લાગેલો છે. પરંતુ હકીકતમાં તો હું મારા વિરોધીઓ રાખે તેનાથી વધુ હું ઈશ્વરમાં શ્રદ્ધા રાખું છું. માટે ઈશ્વરના નામ પર હું ન્યાયને તમારા પર છોડું છું, જેથી તમારું અને મારું બંનેનું કલ્યાણ થાય.

ચાલો, હવે થોડી મૃત્યુ વિશે વાત કરી લઈએ, એક રીતે જોઈએ તો મૃત્યુ ખરેખર ઉમદા છે, કારણ કે મૃત્યુ બે બાબતોને દર્શાવે છે, કાં તો મૃત્યુ પ્રાપ્ત મનુષ્ય સુષુપ્ત અવસ્થાની દશામાં જઈને અન્ય જન્મ લેવામાંથી બચી જાય છે, અથવા જે રીતે લોકો કહે છે તેમ જીવ બીજી જગ્યાએ જઈને નવું શરીર ધારણ કરી લે છે. જો મૃત્યુ સુષુપ્ત અવસ્થા છે, જેમાં માણસ સ્વપ્ન જોયા વિના ગાઢ નિદ્રામાં સૂવે છે, તો વર્ણવી ન શકાય તેવી બાબત છે, કારણ કે આવું સુખ ભાગ્યે જ કોઈના જીવનમાં આવે છે. જો કોઈ માણસોને પૂછવામાં આવે કે વર્ષની કેટલી રાત્રિઓ તેં સ્વપ્ન પણ જોયા વિનાની ગાઢ નિદ્રામાં વિતાવી તો મારા મતે, એક સામાન્ય મનુષ્ય તો શું એક રાજાના જીવનમાં પણ બહુ ગણતરીના દિવસો આવા આવ્યા હશે. જો મૃત્યુની પ્રકૃતિ આવી હોય તો હું તેને એક લાભ ગણું છું. પરંતુ જો મૃત્યુ એક સ્થળેથી બીજે જવાની યાત્રા હોય તો મિત્રો, તેનાથી મહાન કઈ બાબત છે ? એક એવી યાત્રા જેની સમાપ્તિ બાદ જીવ એક બીજી દુનિયામાં જતો રહે છે.અને ઑર્ફેસ, સુઝાઉસ અને હેસોઈડ જેવા દેવો સાથે વાત કરવા માટે કયો માણસ તૈયાર નહિ થાય ? અને આ સત્ય છે, તો હું એકવાર નહિ પરંતુ વારંવાર મરવા તૈયાર છું.

ઓ ન્યાયાધીશો, મૃત્યુનો સામનો આનંદથી કરો. ભલા માણસોની સાથે

ન તો તેમના જીવન દરમિયાન કંઈ ખરાબ થાય છે, ન મૃત્યુ પછી. ઈશ્વર તેને અને તેની ભલાઈઓને ભૂલતો નથી. પણ હવે સમય આવી ગયો છે કે જ્યારે મારા માટે મૃત્યુ સારું બની રહે અને હું આ મુશ્કેલીઓમાંથી મુક્ત થાઉં.

સમય આવી ગયો છે કે હું મરવા માટે જાઉં અને તમે સંસારમાં રહેવા માટે. આમાંથી શું સારું છે, તે તો ભગવાન જ જાણે.

❖

વિન્સ્ટન ચર્ચિલ

ઈંગ્લૅન્ડના પૂર્વ રાષ્ટ્રપતિ

જન્મ : ૩૦ નવેમ્બર, ૧૮૭૪ મૃત્યુ : ૨૪ જાન્યુઆરી, ૧૯૬૫

બીજા વિશ્વયુદ્ધના અત્યંત કપરા સમયમાં ઇંગ્લેન્ડના વડા પ્રધાનપદે રહીને બખૂબી જવાબદારી નિભાવનાર વિન્સ્ટન ચર્ચિલ આક્રમક અને બુલંદ ભાષણો આપવા માટે જાણીતા હતા. નીવડેલા લેખક ઉપરાંત પ્રભાવી વ્યક્તિત્વના માલિક ચર્ચિલને ૧૯૫૩માં સાહિત્ય માટેનું નોબલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું.

૧૦ મે ૧૯૪૦ના રોજ ઇંગ્લેન્ડના વડા પ્રધાન પદે ચુંટાયાના ચોથા દિવસે તેમણે 'લોહી, આંસુ, મહેનત અને પરસેવો'ના યાદગાર ભાષણથી સંસદ ગજવી હતી, અને વિશ્વયુદ્ધના પડકારોને પહોંચી વળવાની મક્કમતા પ્રદર્શિત કરી હતી...

લોહી, આંસુ, મહેનત અને પરસેવો

મને આશા છે કે નવી રચાયેલી સરકાર કે જે જર્મની સામેના યુદ્ધમાં કોઈ પણ જાતની બાંધછોડના વિકલ્પ વગર માત્ર ને માત્ર વિજયના મજબૂત ઇરાદા

સાથે રચાઈ છે તેનું આપ સૌ સાંસદો સ્વાગત કરશે. મેં આ કાર્યનો એક મહત્ત્વનો ભાગ પૂર્ણ કરી લીધો છે. ઓપોઝિશન લિબરલ સહિત પાંચ સભ્યોને સમાવતી યુદ્ધ કેબિનેટની રચના કરી દેવામાં આવી છે. પક્ષના જ ત્રણ સભ્યોએ યુદ્ધ કેબિનેટ અથવા ઉચ્ચ કાર્યકારી ઑફિસમાં સેવા બજાવવાની જવાબદારી ઉપાડી છે. આ સિવાય વાયુસેનાની પણ ત્રણ જવાબદારીઓ માટે યોગ્ય વ્યક્તિની પસંદગી થઈ ગઈ છે. યુદ્ધની તીવ્રતા અને આવનારા પડકારોનો સામનો કરવા આ બધું એક દિવસની અંદર કરી દેવું જરૂરી હતું. આ સિવાયના પણ ઘણા બધા મહત્ત્વના હોદ્દાઓ પર જવાબદાર વ્યક્તિઓની નિમણૂક પણ ગઈ કાલે જ પતાવી દેવાઈ છે અને તે અંગેની તેમની યાદી માનનીય સ્પીકર મહોદયને આજે રાત્રે સોંપી દઈશ.

મને આશા છે નવી સરકારના મહત્ત્વના મંત્રીઓની નિમણૂક પણ આવતી કાલ સુધીમાં થઈ જશે. મને ખ્યાલ છે કે મંત્રીઓની નિમણૂકમાં થોડો વધુ સમય લાગ્યો છે, પણ હું તમને વચન આપું છું કે હવે પછી જ્યારે સંસદ મળશે ત્યાં સમગ્ર મંત્રીમંડળ તૈયાર હશે અને પોતાની કામગીરીમાં વ્યસ્ત હશે.

હું હવે સમગ્ર સંસદને આમંત્રું છું. તેઓ આગળ આવે અને અત્યાર સુધીની પસંદગી પ્રક્રિયા પર મંજૂરીની મહોર મારે અને એ રીતે તેઓ સૌ નવી રચાયેલી સરકારમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કરે. આટલા મોટા પ્રમાણમાં અને આટલા વિશાળ દેશ માટે સરકારની રચના કરવી અને તેને તુરંત કાર્યાન્વિત કરવી એ એક મોટા પડકાર જેવું છે, પણ એ ના ભૂલવું જોઈએ કે આપણે ઇતિહાસના સૌથી ભયાનક યુદ્ધના પ્રારંભિક તબક્કામાં પહોંચી ચૂક્યા છીએ અને આપણે નોર્વે અને હોલેન્ડમાં ઘણા બધા મોરચે લડી રહ્યા છીએ, ભૂમધ્ય ભાગમાં યુદ્ધનાં પડઘમ સંભળાઈ રહ્યાં છે, જેના માટે આપણે તૈયાર રહેવું અનિવાર્ય છે. કટોકટીના આવા કપરા સમયમાં જો હું આજે સંસદ સમક્ષનું મારું પ્રવચન ટૂંકાવી દઉં, તો આપ સૌ મને માફ કરજો.

મારા મિત્રો, મારી સાથે કામ કરતા મારા મંત્રીઓ અને અન્ય બધા જ પાસેથી હું અપેક્ષા રાખું છું કે આપ સૌ કોઈ જાતની ઉજવણીમાં પડ્યા વગર સીધા જ તમને સોંપાયેલા કામે લાગી જશો. મેં મારી સાથે સરકારમાં જોડાયેલા સાથી મિત્રોને જે કહ્યું હતું, તે જ વાત હું સંસદ સમક્ષ પણ સૌને કહેવા માગું છું કે, "મારી પાસે લોહી, આંસુ, મહેનત અને પરસેવા સિવાય આ દેશને આપવા માટે બીજું કશું નથી."

આપણી સમક્ષની આ પરિસ્થિતિ એ આપણી ગંભીર અગ્નિપરીક્ષા સમાન છે. મહિનાઓ સુધીનો સંઘર્ષ અને યાતનાઓ આપણી રાહ જોઈ રહી છે. તમે પૂછો છો કે આ બાબતમાં આપણી રણનીતિ શું રહેશે ? હું કહીશ કે આપણી રણનીતિ એ જ હોઈ શકે કે આપણે યુદ્ધમાં ઈશ્વરે આપણને આપેલી તાકાતને પૂરેપૂરી નિચોવીને દુશ્મનને ભૂમિ, હવા અને પાણી બધા જ માર્ગે ધૂળ ચાટતા કરીએ. આપણે આપણી બધી જ તાકાત માનવતા સામેના ભયંકર અત્યાચારો ઉપર કાબૂ મેળવવામાં લગાવી દઈએ. આ જ આપણી રણનીતિ રહેશે. તો તેનો એક શબ્દમાં જવાબ છે વિજય ! હર કિંમતે ફતેહ ! ગમે તેવી આફત અને આંતક ભોગવીને પણ આપણું લક્ષ્ય માત્ર ને માત્ર વિજય જ રહેશે. ભલે ગમે તેટલો સમય લાગે પણ શત્રુઓ સામે વિજય સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી.

જીત સિવાય આપણું કોઈ અસ્તિત્વ નથી. એ વાતને આપણે ઝડપથી સ્વીકારી લઈએ કે બ્રિટિશ સામ્રાજ્યનું કે તેની મહાન જનતાનું આ વિશ્વયુદ્ધમાં વિજય વગર કોઈ અસ્તિત્વ જ નથી. આપણી વિચારધારાનું જેનું જતન આપણે સદીઓથી કરતા આવ્યા છીએ તેનું પણ અસ્તિત્વ આપણા વિજય સાથે જોડાયેલું છે. હું મને સોંપવામાં આવેલી જવાબદારીને એકદમ ઉત્સાહ અને ઉમંગ સાથે સ્વીકારું છું. મને ખાતરી છે કે આપણા દેશના જવાનો આપણે ધારેલું લક્ષ્યાંક મેળવીને જ જંપશે. હું આ સમયે આપ સૌને નમ્ર વિનંતી કરું છું કે આપણી વચ્ચેના બધા જ મતમતાંતરો ભુલાવી આપણા રાષ્ટ્ર માટે સૌ એક થઈ આપણી શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરીને આગળ વધીએ.

❖



અબ્રાહમ લિંકન

ગુલામોના મુક્તિદાતા અને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ

જન્મ : ૧૨ ફેબ્રુઆરી, ૧૮૦૯ **મૃત્યુ : ૧૫ એપ્રિલ, ૧૮૬૫**

દીર્ઘદ્રષ્ટા રાજકીય નેતા ઉપરાંત હોનહાર વક્તા ગણાતા અબ્રાહમ લિંકને અમેરિકાને આંતરવિગ્રહના કપરા કાળમાં ઉગારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. લિંકન બે-બે વખત અમેરિકાના પ્રમુખપદે બેસી ચૂક્યા છે. જોકે તેઓ તેમની બીજી ટર્મ પૂરી કરી શક્યા નહોતા. બીજી વખત પ્રમુખ બન્યાના થોડા સમયમાં જ તેમની હત્યા થઈ હતી. આંતરવિગ્રહમાં મૃત્યુ પામેલા ૪૫,૦૦૦થી વધુ મૃતકોને શ્રદ્ધાંજલિ આપતા લિંકને ૧૯ નવેમ્બર, ૧૮૬૩ના રોજ આ ભાષણ આપ્યું હતું...

લોકોની, લોકો દ્વારા અને લોકો માટે ચાલતી સરકાર

૮૭ વર્ષ અગાઉ આપણા પૂર્વજો આ ધરતી પર આવ્યા હતા. તેમણે અહીંયાં આવી એક નવા દેશની સ્થાપના કરી, જેમાં તેમણે સ્વતંત્રતાનાં બીજ રોપ્યાં અને દરેક મનુષ્યને એક ગણી એકતાથી રહેવાની શરૂઆત કરી હતી.

જ્યારે અત્યારે... અત્યારે આપણે અંદરોઅંદરના આંતરવિગ્રહમાં

એકબીજાના જીવના દુશ્મન બની બેઠા છીએ. શું આપણે આપણા જ દેશની પરીક્ષા લઈ રહ્યા છીએ કે આપણામાં હવે એકતા અને સ્વતંત્રતાનું મૂલ્ય રહ્યું છે કે નહીં ? આપણે આજે આપણા જ ભાઈબંધુઓ સામે યુદ્ધે ચઢ્યા છીએ. આ રીતે જીવ આપીને આખરે આપણે સાબિત શું કરવા માંગીએ છીએ ? શું આપણે એમ માનીએ છીએ કે આપણે આ રીતે દેશ માટે કંઈક કરી રહ્યા છીએ ?

ના... એકબીજાના જીવ લઈને આપણે દેશ માટે કશું ના કરી શકીએ. આ રીતે આપણે આપણી જિંદગીને ના હોમી શકીએ. આપણા બહાદુર પૂર્વજોએ આ ભૂમિને તેમના લોહી અને પરસેવાથી સીંચી છે. જેના માટે તેમણે પોતાની જાન ન્યોછાવર કરી છે, જેના માટે તેમણે આટલી મહેનત કરી છે, તે જ ભૂમિ પર આપણે અંદરોઅંદર લડીને, આપણા જ ભાઈબંધુઓની કતલ કરીને કેવી રીતે જીવી શકીએ ?

આપણે જે કહીએ છીએ એ તો દુનિયા થોડા સમયમાં ભુલાવી દે છે, પણ તેઓ અહીં જે કરીને ગયા છે તે કદી નહિ ભુલાય. આપણે આપણા જીવનને આપણી માતૃભૂમિની રક્ષા અને સેવા માટે ન્યોછાવર કરવાનું છે અને આપણા પૂર્વજોએ જોયેલાં સપનાંઓ અને તેમના અધૂરાં કાર્યોને પૂરાં કરવાનાં છે. હવે આપણે આપણા અત્યાર સુધી મૃત્યુ પામેલા ભાઈબંધુઓના મૃત્યુના મૃત્યુઆંકને આગળ નથી વધારવાનો. આ આખીયે ઘટના પરથી સબક મેળવી આપણી ભૂલો હવે આપણે ફરી વખત નથી દોહરાવવાની. આ રીતે એ બાબતને સુનિશ્ચિત કરવાની છે કે લોકોની, લોકો દ્વારા અને લોકો માટે ચાલતી આપણી સરકારનો નાશ ના થાય અને આપણી સ્વતંત્રતા હંમેશાં રક્ષાયેલી રહે.

❖



જહોન એફ. કેનેડી

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, અમેરિકા

જન્મ : ૨૯ મે, ૧૯૧૭ મૃત્યુ : ૨૨ નવેમ્બર, ૧૯૬૩

અમેરિકાની પ્રજાને દેશ માટે આગળ આવવાની હાકલ સાથે કરેલું આ ભાષણ જહોન એફ. કેનેડીનાં સૌથી યાદગાર વક્તવ્યોમાંનું એક છે. વર્ષ ૧૯૬૧માં અમેરિકાના પ્રમુખ બન્યા પછી પોતાના દેશવાસીઓને પહેલીવાર સંબોધિત કરતી વખતે કેનેડીએ કહેલું "તમારો દેશ તમારા માટે શું કરશે તેમ નહીં, પણ તમે દેશ માટે શું કરશો તેમ પૂછો." અને કેનેડીના આ ભાષણે તેમના પ્રત્યે પ્રજામાં અજબનો આદર, પ્રેમ અને લગાવ જન્માવ્યો હતો.

તમારો દેશ તમારા માટે શું કરશે તેમ નહીં, તમે દેશ માટે શું કરશો તેમ પૂછો :

નાયબ વડાપ્રધાનશ્રી જહોનસન, સ્પીકર મહોદય, શ્રીમાન ચીફ જસ્ટીસ, રાષ્ટ્રપતિ આઈઝન હોવર, નાયબ રાષ્ટ્રપતિ નિક્સન, રાષ્ટ્રપતિ ટ્રુમેન, આદરણીય પાદરીઓ અને મારા વહાલા દેશબંધુઓ...

આપણે આજે એક પક્ષના વિજયની નહિ, પણ સ્વતંત્રતાની ઉજવણી

કરવાની છે. આજનો દિવસ નવી જાગૃતિ અને પરિવર્તનની નવી લહેર લઈને આવ્યો છે. મારા માટે એ સૌભાગ્યની વાત છે કે પોણા બસ્સો વર્ષ પહેલાં આપણા પૂર્વજો જે શપથ નક્કી કરીને ગયા હતા, તે હું આજે સર્વશક્તિમાન ઈશ્વર અને આપ સૌ સમક્ષ પદગ્રહણ કરતી વેળાએ લઈ રહ્યો છું.

આજનું વિશ્વ બદલાઈ ચૂક્યું છે. હવે માણસ પાસે એટલી તાકાત છે કે તે તેના હાથો થકી દરેક પ્રકારની ગરીબી મિટાવી શકે છે અને માનવતાને એક નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે. આમ છતાં આપણા પૂર્વજો જે ક્રાંતિકારી માન્યતાઓ માટે લડ્યા હતા તે અંગે હજુ વિશ્વમાં સવાલો છે - માનવહકો અને સુખાકારી એ સરકારની નહીં, ઈશ્વરની દેન છે.

આપણું સારું-ખરાબ ઇચ્છતા દરેક દેશો એ જાણી લે કે અમેરિકા હવે તેની સ્વતંત્રતાની જાળવણી માટે કોઈ પણ કિંમત ચૂકવવા અને ગમે તેટલી હાડમારી વેઠવા પણ તૈયાર છે. ચાલો, આપણે એ પ્રતિજ્ઞા લઈએ કે આપણે આપણા મિત્રોને આવકારીએ અને સ્વતંત્રતાના દુશ્મનોનો પ્રતિકાર કરવા સજ્જ થઈએ.

આપણા જૂના સાથી દેશો જેમની સાથે આપણો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઘરોબો રહેલો છે, તેમની તરફ હંમેશા વફાદાર રહેવાની આપણે પ્રતિજ્ઞા લઈએ છીએ. આપણે સૌ એક થઈને જ મોટાં મોટાં સાહસનાં કાર્યો પાર પાડી શકીશું. જો અંદરોઅંદર ફાટફૂટ પડતી રહેશે, તો આપણે વિરોધી તાકાતો સામે હારનો સામનો કરવો પડશે. એટલે આપણી પરસ્પરની એકતા જરૂરી છે.

હજુ આજે પણ દુનિયાભરના અડધાથી વધારે લોકો ઝૂંપડીઓ અને ગામડાંઓમાં રહીને અસહનીય ગરીબીમાં ભીંસાઈ રહ્યા છે. ચાલો, તેમની નિઃસ્વાર્થભાવે અને પૂર્ણ નિષ્ઠાથી મદદ કરવાના શપથ લઈએ. આવું આપણે કરીશું – ન તો સામ્યવાદીઓ કરવાનું કહે છે એટલે કે ન તો મતોની લાલચથી, પણ આપણે આમ કરીશું, કારણકે આ તેમનો હક્ક છે, જે તેમને મળવો જોઈએ. જો આપણો મુક્ત સમાજ વિશાળ ગરીબ વર્ગને મદદ નહિ કરી શકે તો તેનાથી થોડા ધનવાનો પણ બચી નહિ શકે.

ચાલો, આપણે એ બંને બાબતનો નવેસરથી સ્વીકાર કરીએ કે સજ્જનતા એ કોઈ કમજોરી નથી તથા પ્રામાણિકતા હંમેશા કસોટીને આધીન છે. આપણે ક્યારેય કોઈ સમાધાન ભયથી ન કરીએ, અને સમાધાન કરવામાં કોઈ ભય ન રાખીએ. બે પક્ષોને કયા પ્રશ્નો જુદા પાડે છે તે નહીં, પણ કંઈ બાબતો એક કરે છે તે અંગે વિચારીને આગળ વધીએ.

ચાલો પહેલીવાર આપણે સૌ ભેગા મળીને દરેક દેશોનાં ભયાનક શસ્ત્રોની ચકાસણી અને નિયંત્રણ માટે સમજૂતી કરાર કરીએ અને જો કોઈ ભયંકર અને ખતરારૂપ દેશ હોય તો બધા દેશો એક થઈને તેમનો સફાયો કરીએ.

ચાલો, ભેગા મળી વિજ્ઞાનની અજાયબીઓનો ઉપયોગ માનવજાતના વિકાસ માટે કરીએ, નહીં કે ફેલાવવા ! ચાલો, ચંદ્ર અને તારાઓનું સંશોધન કરીએ, રણ અને સમુદ્રને આંબીએ, ભયંકર રોગોને જડમૂળથી ઉખાડી ફેંકીએ તથા કળા અને સાહિત્યને પ્રોત્સાહન આપીએ.

ચાલો, દુનિયાના દરેક ખૂણાની દેખભાળ રાખીએ અને સ્વતંત્રતા અને મુક્તિની ઈસુની આજ્ઞાનું પાલન કરીએ. ચાલો, બંને પક્ષો ભેગા મળી નવાં સાહસોની શરૂઆત કરીએ, જેમાં ન્યાય એ થોડા શક્તિશાળીઓને નહીં, પણ કાયદાને આધીન હોય. જ્યાં નબળાને રક્ષણ મળે અને શાંતિ બની રહે.

આ બધું આવનારા ૧૦૦ દિવસોમાં નહીં થઈ જાય. ન તો આ બધું આવનારા એક હજાર દિવસોમાં પૂરું થઈ જશે. આ બધું આ સરકારના કાર્યકાળ દરમિયાન પણ નહીં પૂરું થાય. કદાચ આ બધી જ બાબતો પૃથ્વી પર જીવનની સમાપ્તિ સુધી પણ પૂર્ણ નહીં થાય. ...પણ ચાલો, આપણે આની શરૂઆત તો કરીએ !

મારા દેશબંધુઓ, મારા બે હાથ નહીં, પણ આપ સૌના હાથ મળીને જ એ બાબત નક્કી કરશે કે આપણે આપણા આ હેતુમાં સફળ થઈશું કે નિષ્ફળ ! જ્યારથી અમેરિકાની સ્થાપના થઈ છે ત્યારથી જ આપણી દરેક પેઢીઓ દેશ પ્રત્યે વફાદારીની ગવાહી આપતી આવી છે, મારી આપ સૌ પાસેથી પણ એ જ અપેક્ષા છે. જો શક્તિ, અને સમર્પણ સાથે દુનિયાની સેવા કરીશું તો આપણા આ કાર્યોની રોશનીથી આખું વિશ્વ ઝગમગી ઊઠશે.

વિશ્વના લાંબા ઈતિહાસમાં બહુ ઓછા લોકોને સ્વતંત્રતાના રક્ષણની જવાબદારી સોંપાઈ છે. હું આમ કહીને મારી જવાબદારીઓમાંથી છટકી નથી રહ્યો, હું તેને આવકારું છું. હું નથી માનતો કે આપણામાંથી કોઈ અન્ય લોકો કે પેઢી સાથે આ જવાબદારીઓની અદલા-બદલી કરી શકે. આપણે આણેલી ઊર્જા, વિશ્વાસ અને સમર્પણ આ દેશ તથા તેની સેવા કરનારને પ્રકાશિત કરશે. અને આમાંથી ઉત્પન્ન થયેલ તેજ, પ્રકાશ આખા વિશ્વને પણ સાચી રીતે પ્રકાશિત કરશે.

ને એટલે જ મારા દેશબંધુઓ, તમારો દેશ તમારા માટે શું કરશે તેમ નહીં,

તમે દેશ માટે શું કરશો તેમ પૂછો. અને હે ! મારા વિશ્વબંધુઓ, અમેરિકા તમારા માટે શું કરશે તે નહીં, આપણે સૌ ભેગા મળી માણસની સ્વતંત્રતા માટે શું કરીશું તે પૂછો. આમ કહીને હું મારી જવાબદારીઓમાંથી છટકી નથી રહ્યો, હું દરેક જવાબદારીઓ માટે તૈયાર છું, પણ જ્યાં સુધી અમેરિકાનો દરેક નાગરિક આ રીતે વિચારતો નહીં થાય ત્યાં સુધી આપણે આપણા હેતુની સિદ્ધિ સુધી નહીં પહોંચી શકીએ.

ચાલો, આપણે અંતરઆત્માનો અવાજ સાંભળી, આપણા કાર્યની મુલવણી ઈતિહાસ પર છોડી દઈ, ઈશ્વરના આશીર્વાદ અને મદદથી પ્રેમની આ ધરતી પર આગેકૂચ કરીએ અને આપણાં કાર્યો થકી ઈશ્વરનું કાર્ય પાર પાડીએ.

❖

ઈમોન ડી વાલેરા

આયર્લૅન્ડના ક્રાંતિવીર

જન્મ : ૧૪ ઑક્ટોબર, ૧૮૮૨ મૃત્યુ : ૨૯ ઑગસ્ટ, ૧૯૭૫

દુનિયાના નકશામાં ખૂબ ટચૂકડા લાગતા દેશ આયર્લૅન્ડના એક મહાન દેશભક્ત ઈમોન ડી વાલેરાએ તેમના આ વક્તવ્ય દ્વારા ખૂબ મોટી વાતો અને આકાંક્ષાઓ તેમના દેશવાસીઓ સામે રજૂ કરી છે. ૧૬ વર્ષ સુધી આયર્લૅન્ડના વડા પ્રધાન પદે રહેનારા અને ૧૪ વર્ષ સુધી રાષ્ટ્રપતિ તરીકે દેશની સેવા કરનાર ઈમોન ડી વાલેરા ખૂબ સફળ વક્તા મનાય છે. ૬ ફેબ્રુઆરી, ૧૯૩૩ના રોજ વડા પ્રધાન બન્યા બાદ તેમણે સમગ્ર વિશ્વ સામે આયર્લૅન્ડની ભવ્યતા વિશે અદ્ભુત ભાષણ આપ્યું હતું...

દુનિયાની વચ્ચે આયર્લૅન્ડ

આયર્લૅન્ડે દુનિયા પાસેથી ઘણું બધું મેળવવાનું છે અને તો તેની પાસે દુનિયાને આપવા માટે પણ ઘણું છે. કેટલુંક તો એવું પણ છે, જે માત્ર તે જ આપી શકે છે ! આયર્લૅન્ડને મળેલી સૌથી કીમતી ભેટ એ તેની ભૂમિ પર જન્મેલા સુંદર મન અને અદ્ભુત વિચારોવાળા મનુષ્યો છે. આખા પશ્ચિમ યુરોપમાંથી એકલો

આયર્લૅન્ડ જ એક એવો દેશ છે, જે ક્યારેય રોમ સલ્તનતના કબજા હેઠળ નથી આવ્યો. જ્યારે બાકીના બધા દેશો પર ચઢાઈ થઈ રહી હતી, ત્યારે માત્ર આયર્લૅન્ડ જ એક એવી ભૂમિ હતી, જે અજેય હતી, પોતાની સંસ્કૃતિનું જતન કરી રહી હતી.

માનવજાત માટેની આયર્લૅન્ડની સૌથી મોટી સેવા એ તેના દેશજનોએ સ્વતંત્રતા માટે પૂર્ણ સર્મપણ સાથે કરેલી લડાઈ અને પ્રતિકાર છે. ૧૨મી સદીમાં જે આક્રમણખોરો આયર્લૅન્ડ પર ચઢાઈ કરવા આવ્યા હતા તેઓ બધા પહેલાં ઇંગ્લૅન્ડ સહિતના અન્ય દેશો ઉપર રાજ કરીને આવ્યા હતા, તેમ છતાં તેમને માત્ર આપણી ભૂમિ પર જ જબરદસ્ત પ્રતિકારનો સામનો કરવો પડ્યો હતો, જે આપણા માટે ગર્વની વાત છે. આ પ્રતિકારનો સિલસિલો આપણે ત્યાં પેઢીઓથી ચાલતો આવ્યો છે, અને એ આવી રીતે સતત ચાલુ રહેશે જ્યાં સુધી આપણી જમીનનો છેલ્લામાં છેલ્લો ટુકડો પણ આઝાદ નહીં થાય.

આપણી આઈરીશ ભાષા એ દુનિયાની સૌથી જૂનામાં જૂની ભાષાઓમાંની એક છે, અને ભાષાવિદોના કહેવા પ્રમાણે આપણી ભાષા આખા યુરોપની બધી ભાષાઓ કરતાં વધારે રસપ્રદ છે. આ ભાષા એ ઇન્ડો-યુરોપીય ભાષાઓ પરથી ઊતરી આવી છે, જે ગ્રીક, સંસ્કૃત અને લૅટિન ભાષાને ખૂબ જ મળતી આવે છે.

અંગ્રેજોના આપણા દેશ પરના શાસન દરમિયાનના સૌથી કપરા કાળમાં પણ આપણી શિક્ષણપ્રણાલી ભાંગી નહોતી પડી. આયર્લૅન્ડના જ્ઞાનનો ખજાનો રોમ, લુવેઈન, સાલામાનકા અને યુરોપની અન્ય વિદ્યાશાખાઓમાં સુરક્ષિત રીતે જળવાયો છે. આયર્લૅન્ડમાં ૧૮મી સદીની શરૂઆત સુધી કાવ્યશિક્ષણ સંસ્થા ટકી રહી, જેના થકી આયર્લૅન્ડને ઘણા વિદ્વાન કાવ્યવિદો મળ્યા છે.

અંગ્રેજી સાહિત્યની દુનિયામાં આયર્લૅન્ડે વિશ્વને ડિન સ્વિફ્ટના રૂપમાં એક મહાન વ્યંગકારની ભેટ આપી છે, તો એડમન્ડ બર્કના રૂપમાં મહાન રાજકીય લેખક આપ્યો છે. પ્રથમ શ્રેણીના નવલકથા લેખક વિલિયમ કાર્લટનની સાથે સાથે અસાધારણ પ્રતિભાના સ્વામી એવા મહાનતમ કવિ ઓલીવર ગોલ્ડસ્મિથ પણ આયર્લૅન્ડની જ દેન છે. હેનરી ગ્રેટન જેવા પ્રતિભાશાળી વક્તવ્યકારે જ તો અંગ્રેજી ભાષામાં પ્રવચનના સુવર્ણયુગની શરૂઆત કરી હતી, તો થીયોબાલ્ડની આત્મકથાએ વિશ્વસાહિત્યને અનોખું નજરાણું પૂરું પાડ્યું છે. થોડા સમય પહેલાંના કે હાલમાં જીવિત સર્જકોમાંથી ઘણા બધા સર્જકોની કૃતિઓ એવી છે જે આવનારા કાળની પરીક્ષામાં ખરી ઊતરી શકે તેવી છે. આ સિવાય આયર્લૅન્ડની

નાટ્યપ્રયોગશાળાની ક્રાંતિએ આપણને હાલના સમયની શ્રેષ્ઠ નાટ્યશાળા અને અદ્‌ભુત નાટકોનો ખજાનો આપ્યો છે.

હું મારા પ્રવચનમાં આયર્લૅન્ડના ઇતિહાસ અને તેના યુરોપનાં પ્રદાનો વિશે બાલ્યો છું, કારણ કે હું કહેવા માંગુ છું કે આયર્લૅન્ડે જે ભૂતકાળમાં કરી દેખાડ્યું છે એ આવનારા દિવસોમાં પણ કરી શકાય તેમ છે. આપણે આપણા ભૂતકાળ પરથી પ્રેરણા લઈ આપણા ભવિષ્યનું નિર્માણ કરવાનું છે. આયર્લૅન્ડના વિદ્વાનોએ પહેલેથી જ ભૌતિક મૂલ્યો કરતાં આધ્યાત્મિક અને વૈચારિક મૂલ્યોને વધારે મહત્ત્વનું આપ્યું છે. દરેક આઈરીશ નાગરિકે પણ આ બાબત યાદ રાખી આપણી સંસ્કૃતિને જાળવવાની છે અને તેનું સંવર્ધન કરતા રહેવાનું છે.

❖

થિઓડોર રુઝવેલ્ટ

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ

જન્મ : ૨૭ ઑક્ટોબર, ૧૮૫૮ મૃત્યુ : ૬ જાન્યુઆરી, ૧૯૧૯

આધુનિક અમેરિકાના ઘડવૈયાઓમાંના એક થિઓડોર રુઝવેલ્ટ અદ્ભુત અને પ્રેરણાદાયી ભાષણ આપવા માટે જાણીતા હતા. તેઓ એક શ્રેષ્ઠ લેખક પણ હતા. તેમને ૧૯૦૬માં નોબલ પારિતોષક એનાયત કરવામાં આવ્યું હતું. અમેરિકન પ્રજાને સખત પરિશ્રમ દ્વારા અમેરિકાની સેવા કરવાનું આહ્વાન કરતાં ૧૦ એપ્રિલ ૧૮૮૯ના દિવસે શિકાગોમાં હેમિલ્ટન ક્લબ ખાતે રુઝવેલ્ટે આ ભાષણ કર્યું હતું...

મહેનતભર્યું જીવન

પશ્ચિમના મહાન શહેર તથા લિંકન અને ગ્રાન્ટ જેવી મહાન વિભૂતિ આપનારા દેશના દેશવાસીઓ સમક્ષ હું આજે બોલી રહ્યો છું. હું તમને આરામ જેવી નકામી વાતો પર ઉપદેશ નહીં આપું, પણ હું મહેનતુ જીવનની વકીલાત કરવા ઊભો થયો છું. એવું જીવન જેમાં ભરપૂર પ્રયત્નો અને અતૂટ મહેનત સમાયેલી હોય, અને સતત સંઘર્ષ કરતા રહેવાનો ઉત્સાહ હોય. સફળતા તેને

નથી મળતી જે આરામથી બેસી તેની પરિકલ્પનાઓ અને સપનાંઓમાં રચ્યો રહે છે, પણ તેને મળે છે જે બધા જ ભય, મુશ્કેલીઓને વટાવી, દરેક કડવાહટને ભૂલી અને મહેનતની દરેક સીમાઓ વટાવી આગળ વધે છે. જીત પણ આખરે તેની જ થાય છે.

સ્લોથની જેમ આળસ કરતાં પડી રહેવું, કંઈ પણ કર્યા વિના શાંતિથી પોતે મજબૂત છે તેવા ભ્રમમાં રાચ્યા કરવું એ એક વ્યક્તિ માટે કે પછી તેના રાષ્ટ્ર માટે સાવ નક્કામું છે. હું માત્ર એટલું જ ઇચ્છુ છું કે દરેક સ્વમાની અમેરિકન માતા-પિતા પોતાના તથા પોતાના સંતાનો તરફ જે ફરજો રાખે છે, તેવી જ ફરજ તે પોતાના રાષ્ટ્ર તરફ રાખે. તમારામાંથી કેટલા લોકો તમારા બાળકોને એ શાંતિ, એ સરળતા શીખવશો ? શિકાગોના તમે સૌ નાગરિકોએ તમારાં શહેરને સમૃદ્ધ અને મહાન કર્યું છે, ઈલિનોઈસના નાગરિકોએ ઈલિનોઈસને આગળ લાવવામાં અપેક્ષા કરતાં ઘણો વધારે ફાળો આપ્યો છે. પણ હવે તમારે એક થઈ અમેરિકાને મહાન બનાવવામાં તમારું યોગદાન આપવાનું છે. તમે તમારી જાતે કામ કર્યું છે અને હવે તમે તમારા પુત્રોને પણ એ જ શીખવો.

જો તમે ધનવાન હશો તમે તમારાં બાળકોના મોજમજા પાછળ ઘણાં નાણાં અને સમય ખર્ચશો. મોજમજા કંઈ બૂરી ચીજ નથી, પણ સતત તેની પાછળ ઘેલછા અને સમયનો વેડફાટ એ વિચારણીય બાબત છે. આ સિવાય આપણી પાસે કરવાનાં ઘણાં બધાં કાર્યો છે. જો આપણે આપણો સમય આવતાં વિજ્ઞાન, સાહિત્ય, કળા, ઇતિહાસ અને સંશોધન પાછળ ફાળવીશું તો તેનું વળતર છેવટે આપણા દેશને અને એ રીતે આપણને જ મળવાનું છે. કળા, સાહિત્ય અને વિજ્ઞાનનો વિકાસ જ કોઈ પણ દેશને મહાન બનવા તરફ લઈ જાય છે.

ડરપોક બનીને શાંતિનાં ગાણાં ગાનારાની આપણને જરૂર નથી, આપણને જરૂર છે એવા લોકોની જેઓ સફળતા માટે હંમેશા સતત સંઘર્ષરત રહે. અમેરિકાને એવા લોકોની જરૂર છે જેઓ તેમના પાડોશીને કોઈ પણ રીતે હાનિ ના પહોંચાડે, અને મિત્રોને મદદ કરવામાં હંમેશા તત્પર હોય. અમેરિકાને એવા લોકોની જરૂર છે જેમનામાં ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ જીત મેળવાનો ઉત્સાહ બુલંદ હોય.

નિષ્ફળ થવું એ ઘણું કપરું છે, પણ કદી પ્રયત્ન જ ના કરવો એ તો શરમજનક છે. આપણે જીવનમાં પ્રયત્ન વગર કંઈ જ મેળવી શકવાના નથી.

વર્તમાનમાં પ્રયત્ન કરવામાંથી મુક્તિનો એક જ મતલબ થાય છે કે ભૂતકાળમાં તમારા માટે કોઈએ પ્રયત્નો કર્યા હોય અને જેનું ફળ તમે ભોગવી રહ્યા હોવ. એક માણસને કામ કરવાની કોઈ જરૂર ના હોય, તો તેનો મતલબ એ હોય છે ભૂતકાળમાં તેના બાપ-દાદાઓ તેના માટે મહેનત કરતા ગયા છે. જો આવા વ્યક્તિઓ હવે તેમના ફુરસદના સમયનો સારી જગ્યાએ ઉપયોગ કરે અને કામનાં કોઈક કાર્યો પણ કરે તો એ તેના અને દેશ માટે ઘણું સારું રહે છે, પણ જો વ્યક્તિ આવા સમયને માત્ર ને માત્ર આનંદ પ્રમોદ પાછળ ખર્ચી નાખે તો આ પૃથ્વી પર તેની કોઈ જરૂર નથી રહેતી. આવી વ્યક્તિને તેના પોતાના માટે પણ કોઈ કદર કે માન નથી રહેતું. આવા જીવનનો કોઈ સંતોષ નથી હોતો કે નથી તેનાથી અન્યોને કોઈ પ્રેરણા મળતી.

સારું અને સ્વસ્થ જીવન ત્યારે જ સંભવે જ્યારે વ્યક્તિનું મન સ્વચ્છ હોય અને શરીર તંદુરસ્ત. બાળકો જ્યારે સાહસો કરવા પ્રેરિત થાય છે અને અને મુશ્કેલીઓનો સામનો કરતાં શિખ છે, ત્યારે જ તેઓ સાચા અર્થમાં માનવજાત માટે નક્કી કરવામાં આવેલી તેમની ફરજોને નિભાવવા સક્ષમ બને છે. એક માણસે બીજા માણસનું કામ કરવામાં કે તેને મદદ કરવામાં ધન્યતા અનુભવવી જોઈએ. વ્યક્તિએ હંમેશા કપરામાં કપરી પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ. તેણે હરહંમેશ સંઘર્ષ માટે હિંમતભેર તૈયાર રહેવું જોઈએ. જ્યારે માણસને કોઈની ભલાઈ માટે આગળ આવતાં અને કામ કરતાં ડર લાગે છે ત્યારે... જ્યારે કોઈ માતાને મા બનતાં ડર લાગે ત્યારે... તેઓ હકીકતે મોતની કગાર ઉપર ઊભા હોય છે. આવા લોકોને આ પૃથ્વી પર જીવવાનો કોઈ હક્ક કે જરૂરિયાત નથી.

જેવી રીતે આ વાત એક વ્યક્તિ માટે સાચી ઠરે છે તેવી જ રીતે આ વાત એક દેશ માટે પણ સાચી છે. જો આપણે એમ કહેતા હોઈએ કે જે દેશનો કોઈ ઈતિહાસ નથી હોતો એ સુખી દેશ છે, તો એ હળાહળ અસત્ય હશે. આનાથી તો ત્રણ ગણો સુખી એ દેશ હોય છે જેનો એક ભવ્ય ઈતિહાસ હોય. આનાથી પણ વધારે સારું એ છે કે આપણે પછડાટ ખાધા પછી પણ લડવાની અને જીતવાની હિંમત રાખીએ અને જીતી બતાવીએ. જે દેશ કદી કોશિશ નથી કરતો, એ દેશ ના તો કદી વિજેતા થાય છે, ના તો કદી તેમનો પરાજય થાય, આવા દેશ કરતાં તો સંઘર્ષ પછી મેળવેલી હાર વધારે સારી !

હે ઈશ્વર ! તારો આભાર કે અમારા પિતૃઓના લોહીમાં તેં લોઢાનું મિશ્રણ

પણ નાખ્યું છે, એટલે જે તો આપણને લિંકન જેવા બુદ્ધિચાતુર્યવાળા રાજપુરુષ મળ્યા અને ગ્રાન્ટ જેવા ફોલાદી લશ્કરી વડા મળ્યા. ચાલો આપણે સૌ ઈશ્વરના પુત્રો એક થઈ મજબૂત બનીએ. આપણે ઈશ્વરનો આભાર માનીએ કે તેમણે આપણને સતત યાતનાઓ આપી, આપણા પર હંમેશા દુઃખનાં વાદળો છવાયેલાં રાખ્યાં અને આપણી હંમેશા પરીક્ષા લેતા રહ્યા, જેના થકી જ આપણે આટલા બધા મજબૂત થયા.

❖



ડો. માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર

માનવ હક્કોના લડવૈયા

જન્મ : ૧૫ જાન્યુઆરી, ૧૯૨૯ મૃત્યુ : ૪ એપ્રિલ, ૧૯૬૮

અમેરિકાના ગાંધી તરીકે ઓળખાતા માર્ટિન લ્યૂથર કિંગે રંગભેદ મિટાવવા તથા માનવહકો માટે મજબૂત લડત ચલાવી હતી. અહિંસક માર્ગે અમેરિકનોને અન્યાય સામે અવાજ ઉઠાવવા જગાડનાર માર્ટિન લ્યૂથર કિંગને વર્ષ ૧૯૬૪માં શાંતિ માટેનું નોબલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું.

૨૮ ઑગસ્ટ, ૧૯૬૩ના દિવસે તેમણે અશ્વેતોના હક માટે એક જંગી રેલી યોજી હતી, જેમાં બે લાખથી વધુ લોકો જોડાયા હતા. આ દિવસે માર્ટિન લ્યૂથર કિંગે 'મારું સ્વપ્ન'નું યાદગાર પ્રવચન કર્યું હતું...

મારું પણ એક સપનું છે

આપણા દેશના ઇતિહાસમાં આજનો દિવસ સ્વતંત્રતા માટે અતિ વિશાળ ચળવળ તરીકે અંકિત થવાનો છે અને હું આ પ્રસંગ જોડે જોડાતાં ખુશી અનુભવું છું.

સો વર્ષ પહેલાં, એક મહાન અમેરિકન કે જેમના પડછાયા નીચે આપણે

સૌ ઊભા છીએ તેમણે સૌ નાગરિકો માટે મુક્તિ અને સ્વતંત્રતાની ઘોષણા કરી હતી. એ ક્ષણે એ હુકમનામું અન્યાયના તાપમાં સતત બળીને મૂરઝાઈ ગયેલા લાખો નિગ્રો માટે આશાનું કિરણ હતું. એ ક્ષણ આશા અને ઉમંગની ઊજળી સવાર જેવી હતી, જે વર્ષોની અંધારી કેદ બાદ આવી હતી.

પણ આજે, ૧૦૦ વર્ષો બાદ... આ નિગ્રો સમુદાય હજુ પણ ત્યાંનો ત્યાં જ રહ્યો છે. તેઓ આજે પણ સ્વતંત્ર નથી. દુઃખ સાથે કહેવું પડે છે કે એક નિગ્રોનું જીવન આજે પણ જાતજાતના ભેદભાવો અને અલગાવના કારણે અપંગ જેવું છે. સો વર્ષો બાદ આજે પણ નિગ્રો લોકો ભૌતિકતાના દરિયાની વચ્ચોવચ ગરીબી નામના ટાપુ પર જીવન પસાર કરી રહ્યા છે. સો વર્ષો બાદ પણ અમેરિકન સમાજ નિગ્રો લોકો સાથે આભડછેટ રાખે છે અને તેઓ પોતાની જ ધરતી પર દેશવટો ભોગવતા હોય તેમ જીવી રહ્યા છે, અને એટલે જ આપણે આજે આપણી આ પરિસ્થિતિને ધરમૂળમાં બદલવા એકઠા થયા છીએ.

જ્યારે આપણા દેશના ઘડવૈયાઓએ બંધારણ તથા સ્વતંત્રતાનું જાહેરનામું એવા શબ્દો લખ્યા હતા ત્યારે તેમણે દરેક અમેરિકનને સંબોધીને એક વાયદા ચિઠ્ઠી લખી હતી, જે મુજબ દેશના સૌ નાગરિકો – ગોરા અને કાળા – સૌને જીવનનો હક, સ્વતંત્રતા અને સુખ આપવાની ખાતરી આપવામાં આવી હતી.

હવે, એ તો બહુ સ્પષ્ટ અને જગજાહેર છે કે અમેરિકાએ તેના વચનપાલનમાં બહુ મોટી, સજાને પાત્ર ભૂલ કરી છે. અત્યાર સુધી દરેક નાગરિકો સાથે તેમના ચામડીના રંગની સરખામણીથી વ્યવહાર કરવામાં આવ્યો છે. તેમને કદી સમાન તક મળી જ નથી. નિગ્રો સાથે થયેલા અન્યાયના અનેક બોલતા પુરાવા જગજાહેર છે. અમારા માટે જ્યારે પણ કંઈ કરવાની જરૂર પડે ત્યારે સરકાર દ્વારા હંમેશા નાણાંભીડનું બહાનું કરાય છે.

અમે એ માનવાનો ઇન્કાર કરીએ છીએ કે ન્યાયની બેન્ક નાદાર થઈ ગઈ છે. અમે નથી માનતા કે દેશની તિજોરીમાં અમારા માટે તકો ઓછી હોય. એટલે જ અમે અમારો ચેક વટાવીને અમેરિકા પાસેથી સ્વતંત્રતા અને સમાનતાનો હક્ક મેળવવા આવ્યા છીએ. એટલે જ અમે આ પવિત્ર સ્થળે ભેગા થયા છીએ, જેથી કરીને અમેરિકીઓને પરિસ્થિતિની ભયંકરતાનો અહેસાસ થાય. હવે સમય પાકી ગયો છે કે જ્યારે અમેરિકાએ તેના લોકશાહીનાં વચનોને પૂરાં કરવા જોઈએ. હવે

સમય પાકી ગયો છે કે જ્યારે અમેરિકાએ ભેદભાવના અંધકાર અને અન્યાયની ખીણમાંથી ઉપર ઊઠી ન્યાયના સૂર્યોદયનો સ્વીકાર કરવાનો છે. હવે સમય પાકી ગયો છે કે જ્યારે અમેરિકા રંગભેદના અન્યાયી કાદવમાંથી બહાર આવે અને બંને કોમો વચ્ચે ભાઈચારાનો પુલ બાંધે છે. હવે સમય પાકી ગયો છે કે જ્યારે અમેરિકા ઈશ્વરે બનાવેલા તેનાં દરેક બાળકો માટે સમાનતા અને ન્યાયના હક્કને હકીકતનું રૂપ આપે.

આ અંજપાભરી સ્થિતિ ત્યારે જ સૂલઝશે જ્યારે નિગ્રો લોકોની આ ન્યાયી અને કાયદેસરની માંગણીઓનો સ્વીકાર થશે. આ ૧૯૬૩ની સાલ એ અંત નહીં, પણ એક શરૂઆત છે. જ્યાં સુધી નીગ્રોને નાગરિક તરીકેના અધિકારો નહીં મળે ત્યાં સુધી ન તો અમે આરામ કરીશું ન તો શાંતિથી બેસીશું. જ્યાં સુધી ન્યાય અને સમાનતાનો સૂર્યોદય નહીં થાય ત્યાં સુધી અમારા વિરોધનું આ બવંડર અમેરિકાના પાયા હચમચાવતું રહેશે.

ન્યાય મેળવવાની આપણી લડતમાં એકઠા થયેલા આપ સૌને હું એક વાત બહુ સ્પષ્ટ રીતે કહીશ કે આપણે હક્કો મેળવવાની આ લડાઈમાં કોઈ પણ પ્રકારની ખોટી રીત અજમાવીને આપણા હાથ નથી બગાડવાના. સ્વતંત્રતા મેળવવાની આપણી તરસને આપણે કડવાશ અને નફરતના ઘૂંટડા ભરીને નથી મિટાવવાની. આપણે આપણી આ લડત શિસ્તબદ્ધ રીતે અને ગૌરવભેર આગળ વધારવાની છે. આપણે આપણા સર્જનાત્મક પ્રતિકારને હિંસાત્મક નથી બનવા દેવાનો. આપણે આ બધી બાબતોથી ઉપર ઊઠી ઉદાહરણરૂપ બનવાનું છે. આપણે શારીરિક બળ નહીં, પણ માનસિક બળ એકઠું કરી આપણા માર્ગમાં આગળ વધવાનું છે. આપણી વચ્ચે આજે ગોરા ભાઈબંધુઓની હાજરી જ સૂચવે છે કે તેઓ આપણા દુશ્મન નથી. તેમની હાજરી જ સૂચવે છે કે આપણાં નસીબ સાથે જ તેમનું પણ નસીબ જોડાયેલું છે અને તેમની સ્વતંત્રતા જ આપણી સ્વતંત્રતા સાથે અતૂટ રીતે જોડાયેલી છે. આપણે એકલા નથી, એટલે હવે આપણે એકલાએ આ રસ્તો પાર નથી કરવાનો. આપણી સાથે આપણા જ દેશબંધુઓ જોડાયા છે.

જેમ આપણે કહેતા આવ્યા છીએ તેમ આપણે હવે પાછળ વળીને નથી જોવાનું, આપણે સતત આપણા રસ્તામાં આગળ વધતા રહેવાનું છે. આપણે હવે

પાછા ફરી શકીએ તેમ નથી. આપણને પૂછવામાં આવે છે કે આપણને ક્યારે સંતોષ થશે ? હું કહું છું કે આપણને ત્યાં સુધી સંતોષ નહીં થાય જ્યાં સુધી પોલીસોનો દમન ગુજારવાનું આપણા પર બંધ નહીં થાય. આપણને ત્યાં સુધી સંતોષ નહીં થાય જ્યાં સુધી આપણને મુસાફરી દરમિયાન હાઈવેની મોટેલો અને શહેરોની હોટેલમાં રહેવાનો હક્ક નહીં મળે. આપણને ત્યાં સુધી સંતોષ નહીં થાય જ્યાં સુધી આપણાં બાળકોને દરેક જગ્યાએ 'માત્ર શ્વેતો માટે' એવી સૂચનાઓનો સામનો કરી તેમના ગૌરવને હણવાનું બંધ નહીં થાય. આપણને ત્યાં સુધી સંતોષ નહીં થાય જ્યાં સુધી મિસિસિપીના આપણા ભાઈબંધુઓને મતાધિકાર નહીં મળે, અને ન્યૂયોર્કના અશ્વેતોને તેમના મતાધિકારનું મૂલ્ય નહીં મળે. ના... અમને કોઈ પણ બાબતનો સંતોષ નથી, અને ત્યાં સુધી સંતોષ નહીં મળે જ્યાં સુધી ન્યાયની વહેંચણી પાણીની જેમ સમાન રીતે નહીં કરવામાં આવે.

તમે અહીં કેટલી મુશ્કેલીઓ વેઠીને આવ્યા છો એ અંગે હું અજાણ નથી. મને ખ્યાલ છે કે તમારામાંથી કેટલાય લોકો સત્તાવાળાઓ સામે સતત સંઘર્ષ કરતા આવ્યા છે. તમારામાંથી ઘણા બધા હાલમાં જ જેલમાંથી છૂટ્યા છો. તમારામાંથી કેટલાય એવા વિસ્તારોમાંથી આવ્યા છો, જ્યાં તેમને તેમના વિરોધ અને સંઘર્ષ બદલ પોલીસ દ્વારા ભયંકર યાતનાઓ ભોગવવી પડી છે. તમે સૌ કોઈ ને કોઈ પ્રકારની યાતનાઓ અને મુશ્કેલીઓનો સામનો કરતા કરતા અહીં સુધી આવ્યા છે. પણ આપણે આપણા કાર્યમાં સતત આગળ વધતા રહેવાનું છે, આપણે આ યાતનાઓથી ઘડાઈ ચૂક્યા છીએ. આપણને આપણી આ યાતનાઓનું વળતર આગળ જતાં જરૂર મળશે.

ચાલો, આપણે આપણાં દુ:ખોને વાગોળવાનું બંધ કરી આગળ વધીએ. મારા મિત્રો, હું તમને કહું છું કે ભલે આજે અને આવતીકાલે આપણને મુશ્કેલીઓ સહેવી પડે, તેમ છતાં હજુય મારી પાસે મારાં સપનાં છે અને મારાં દરેક સપનાં અમેરિકાનાં સપનાં સાથે ખૂબ ગાઢ રીતે જોડાયેલાં છે.

મારું સપનું છે કે એક દિવસ આપણો દેશ રંગભેદ, જાતિભેદ, અન્યાય, વગેરે તમામ બાબતોથી ઉપર ઊઠશે, અને તેની સ્થાપના સમયે કહેવાયેલો હેતુ, "અમે એ સત્યનો સ્વીકાર કરીએ છીએ કે દરેક વ્યક્તિ સમાનતા માટે સર્જાયો છે" એ સાચો ઠરશે.

મારું સપનું છે કે એક દિવસ ગુલામોનાં બાળકો અને ગુલામોના માલિકોના બાળકો સૌ ભેગાં મળી ભાઈચારાની ભાવના સાથે જ્યોર્જીયાની લાલ પર્વતમાળાઓ ઉપર ભેગાં મળી કિલ્લોલ કરશે.

મારું સપનું છે કે એક દિવસ મિસિસિપી જેવા સૌથી વધારે શોષિત અને અન્યાયી રાજ્યમાં પણ સ્વતંત્રતા અને સમાનતાની હરિયાળી ખીલી ઊઠશે.

મારું સપનું છે કે એવો એક દિવસ જરૂર આવશે કે જ્યારે મારાં ચાર બાળકો એવા દેશમાં જીવશે જ્યાં લોકો ચામડીના રંગને કારણે નહીં, પણ વ્યક્તિત્વથી ઓળખાતાં હશે.

મારું એક સપનું છે કે એક દિવસ અલાબામામાં કે જ્યાં રંગભેદ તેની પરાકાષ્ઠાએ છે, જ્યાં સરકારના મોઢેથી માત્ર દરમિયાનગીરી અને બિનઅસરકારકતા જેવા જ શબ્દો નીકળે છે, એ અલાબામામાં એક દિવસ નાનકડાં શ્વેત-અશ્વેત છોકરા-છોકરીઓ એકબીજાના હાથમાં હાથ મિલાવી ભાઈચારાની ભાવનાથી ચાલી શકશે.

મારું પણ એક સપનું છે કે એક દિવસ દરેક ઘાટી બુલંદ થશે. દરેક પર્વતો અને ગિરિમાળાઓ નીચાણ ઉપર આવી જશે. આડાઅવળા રસ્તા સીધા થઈ જશે. ઊબડ-ખાબડ માર્ગો સપાટ અને સમથળ થશે. સર્વત્ર ઈશ્વરની દિવ્યતાનો જયજયકાર થશે અને દરેક જાતિના મનુષ્યો આ બધું એક થઈને માણી શકશે.

આ આપણી આશાઓ છે. આપણી આ આશાઓ થકી જ એક દિવસ આપણે દક્ષિણ તરફ પરત જઈશું. આપણી આશાઓ થકી જ આપણે આપણી યાતનાના પર્વતોમાંથી આશાના પથ્થરોનું નિર્માણ કરી શકીશું. આપણી આ આશાના બળે જ આપણે આપણા દેશમાં ચાલી રહેલા ઝઘડાના કર્કશ સૂરને ભાઈચારાની અદ્દ્ભુત સંગીતરચનામાં ફેરવી શકીશું. આપણી આ શ્રદ્ધા દ્વારા જ આપણે એક દિવસે સૌ સાથે મળીને કામ કરીશું, સાથે મળીને પ્રાર્થના કરીશું, સાથે મળીને સંઘર્ષ કરીશું, જેલમાં પણ સૌ સાથે જઈશું અને સ્વતંત્રતા માટે સૌ સાથે ઊભા રહીશું અને આપણી એ આશામાં જ આપણે સ્વતંત્રતા માટે સતત ઝઝૂમતા રહીશું.

એવો એક દિવસ જરૂર આવશે, જ્યારે ઈશ્વરના બનાવેલા બધા જ મનુષ્યો એક સાથે એક સૂરમાં ગાઈ ઊઠશે કે "મારો દેશ સ્વતંત્રતાની ભૂમિ છે. એ ભૂમિ

જ્યાં મારા પૂર્વજો મૃત્યુ પામ્યા હતા, એ અમારી ભૂમિ શ્રદ્ધાળુઓનું ધર્મસ્થળ છે. અહીંના દરેક પર્વતો અને ગિરિમાળાઓમાંથી સ્વતંત્રતાના જ સૂર વહે છે."

ચાલો, આપણે કોલોરાડોના બરફીલા પર્વતો પર સ્વતંત્રતાના સૂર રેલાવીએ. ચાલો, આપણે કેલિફોર્નિયાના આડાઅવળા રસ્તાઓ પરથી સ્વતંત્રતાના સૂર રેલાવા દઈએ. ચાલો, આપણે જ્યોર્જિયાના પથરાળ પર્વતો પરથી પણ સ્વતંત્રતાના સૂરને વહેતા મૂકીએ. આપણે ટેનેસીના ઘેરા પર્વતો પરથી પણ સ્વતંત્રતાના સૂર રેલાવીએ. ચાલો, આપણે મિસિસિપીની પણ દરેક નાની મોટી તળેટીઓ અને પર્વતો પરથી સ્વતંત્રતાના સૂર રેલાવા દઈએ.

ચાલો સ્વતંત્રતાને વહેવા દઈએ. જ્યારે આમ થાય છે અને જ્યારે આપણે આમ થવા દઈએ છીએ ત્યારે જ પરિવર્તનની એક લહેર આવે છે. જ્યારે સ્વતંત્રતાના સૂર દરેક ગામ અને દરેક કસ્બામાં પહોંચે છે, જ્યારે સ્વતંત્રતાના સૂરો ઈશ્વરે સર્જેલા તેના દરેક પુત્રો, ભલે તે કાળા હોય કે ગોરા, યહૂદી હોય કે ઈસાઈ, કેથોલિક હોય કે પ્રોટેસ્ટન્ટ, એ બધા સુધી પહોંચે છે ત્યારે જ એક હારમાળા સર્જાય છે. ત્યારે ઈશ્વરના બધા જ પુત્રો એકબીજાની સાથે, એકબીજાના હાથમાં હાથ રાખી નિગ્રો લોકોનું પેલું ગીત ગાઈ ઊઠે છે...

'આખરે અમે આઝાદ થયા ! આખરે અમે આઝાદ થયા ! હે ઈશ્વર ! તારો આભાર કે આખરે અમે આઝાદ થયા !'

જો આપણે મહાન બનવું હશે તો આપણે દુનિયા માટે મહાન કાર્યો કરી જવાં પડશે. આપણે મહત્ત્વના મુદ્દાઓ તરફ આંખ આડા કાન ના કરી શકીએ. આપણે સૌ આપણી જાત માટે માત્ર એટલું નિર્ધારિત કરી શકીએ છીએ કે કાં તો આપણે તેનો સામનો કરીએ અથવા તો આફત નોતરીએ. આપણે સમસ્યાઓનો ઉકેલ શોધવાનો છે. હા, એ સંભવ છે કે આપણાથી એ કામમાં ભૂલ થાય, આપણે કંઈક ખોટું કરી બેસીએ, પણ જો કોઈ ભૂલ નહીં કરીએ તો આપણને આપણી મુશ્કેલીઓનો ઉપાય કેવી રીતે મળશે. જો આપણે ભૂલ કરવાથી ડરીને કોશિશ જ નહીં કરીએ તો આપણા વિશે એ માની લેવામાં આવશે કે આપણે તે કાર્યો કરવા સક્ષમ જ નથી.

જો દુનિયાના કોઈપણ દેશનો પાયો કરકસર, ઉદ્યોગ, વ્યવસાય, પરિશ્રમથી મજબૂત ન હોય તો તે દેશ લાંબુ ટકી શકતો નથી. આમ છતાં

દુનિયાનો કોઈ દેશ એવો નથી જે માત્ર ભૌતિક સમૃદ્ધિના આધારે જ મહાન બન્યો હોય. ભૌતિક સમૃદ્ધિ ઊભા કરનારા, વિશાળ ફેક્ટરીઓ તથા રેલવે-રસ્તા બનાવનાર ઉદ્યોગમાંધાતાઓ, દિમાગ તથા પરિશ્રમ દ્વારા સમૃદ્ધિ ઊભી કરનારા મજબૂત માણસો સૌનો આપણે આભાર માનવો જ રહ્યો. આવાં તો અનેક ઋણ છે, જે ચૂકવવાનાં છે. પરંતુ આપણા માથે સૌથી મોટું ઋણ લિંકન જેવા રાજપુરુષ અને ગ્રાંટ જેવા મહાન સૈનિકનું છે. તેઓ પોતાના જીવન દરમિયાન કાર્યો, લડાઈના નિયમો સ્થાપી ગયા હતા તથા પોતાની ક્ષમતા દર્શાવી ગયા છે. ઉપરાંત તેઓ એ પણ જાણી શક્યા હતા કે આ બધાથી વિશેષ તેમની ફરજો જે દેશ માટેની છે તથા જાતિવાદ-રંગભેદ મિટાવવા અંગેની છે.

આ કામ ચોક્કસ થવું જોઈએ, આપણે આપણી ફરજોથી ભાગી શકીએ નહીં. જો આપણે મીઠાનું મૂલ્ય ચૂકવવા માંગતા હોઈએ તો આપણે આ ફરજ બજાવવી જ પડે. આપણે બધાની જેમ સરખા અને એક છીએ એ સિદ્ધાંત જ આધુનિક સંસ્કૃતિનો પાયો છે. પણ આપણે આનું મહત્ત્વ ઓછુ આંકીને આપણી જાતને છેતરીએ નહીં. આ ઉપરાંત ચાલો, આપણે આપણી જાતનું સન્માન જાળવીએ, જવાબદારીઓનો યોગ્ય, ગંભીરતા, હિંમત અને ઉચ્ચ સંકલ્પ સાથે પૂર્ણ કરીએ. આપણે માણસમાં ઉચ્ચ નૈતિકતા તથા ક્ષમતાનું પ્રસ્થાપન કરીએ, જેથી તેઓ આ નવી સમસ્યાઓ સામે બાથ ભીડી શકે. ચાલો, આપણે આ સ્થિતિને ગંભીરતાથી લઈએ અને તેમનો હિંમતપૂર્વક સામનો કરીએ. આપણે નૈતિકતાનાં સૌથી ઉચ્ચ મૂલ્યોનું પ્રસ્થાપન કરીને તેનો સામનો કરવા સજજ થઈએ.

હું તમને અરજ કરું છું મારા વહાલા દેશજનો, કે આપણા દેશને તમારા વૈભવી જીવનની નહીં, પણ તમારા જોરદાર પ્રયાસોની જરૂર છે. આ ૨૦મી સદીમાં અન્ય દેશોની સાથે આપણું ભવિષ્ય પણ ધૂંધળું દેખાઈ રહ્યું છે. જો આપણે આમ હાથ પર હાથ રાખી બેસી રહીશું, જો આપણે સ્લોથની જેમ આળસ કર્યે રાખીશું, જો આપણે મહેનતથી અને અને હારના ડરથી પીછેહઠ કરીશું, તો પછી આપણાથી વધારે શક્તિશાળી લોકો આપણાથી આગળ નીકળી જશે અને આગળ જતાં તેઓ આપણા પર આધિપત્ય જમાવશે.

ચાલો, એટલે જ આપણે સંઘર્ષભરી આ જિંદગી પર પસંદગી ઉતારીએ.

આપણને સોંપવામાં આવેલા દરેક કાર્યને પૂરી મહેનત અને લગનથી પાર પાડીએ. આપણાં કર્મો અને શબ્દોથી સચ્ચાઈ અને પવિત્રતાની જાળવણી કરીએ. પ્રમાણિક અને બહાદુર બનવા સંકલ્પ કરીએ. આ બધાથી પણ વિશેષ કે આપણે કદીયે કોઈ પણ પ્રકારની શારીરિક કે માનસિક મહેનતથી કદી દૂર ના ભાગીએ નહીં. આપણી સતત અને સખત મહેનત અને ખતરનાક સાહસો થકી જ આપણે આપણા દેશને મહાન બનાવી શકીશું.

❖



પેટ્રીક હેન્રી

અમેરિકન ક્રાંતિવીર

જન્મ : ૨૯ મે, ૧૭૩૬ મૃત્યુ : ૬ જૂન, ૧૭૯૯

અમેરિકાના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં આ ક્રાંતિકારી નેતા તેમનાં જોશીલાં ભાષણો માટે ખૂબ જાણીતા બન્યા હતા. નાગરિકોના હકોના ઠરાવ પસાર કરવામાં અને અમેરિકાના સંવિધાનની રચના કરવામાં પેટ્રીક હેન્રીનો ફાળો બહુમૂલ્ય છે. વર્ષ ૧૭૭૫માં હેન્રીએ વર્જિઆની સંસદમાં સ્વતંત્રતાની માગણી બુલંદ કરતાં "મને સ્વતંત્રતા આપો અથવા મૃત્યુ આપો"ના શબ્દો સાથે આ આક્રમક ભાષણ કર્યું હતું, જે આજેય વિશ્વના ઇતિહાસમાં યાદગાર વક્તવ્ય મનાય છે.

મને સ્વાતંત્ર્ય આપો, અથવા મૃત્યુ આપો

દેશભક્તિ વિશે મારા જેટલી નિષ્ઠા અને ઉચ્ચ વિચારો આ સંસદમાં બેઠેલા સદ્‌ગૃહસ્થોમાંથી કદાચ કોઈનાં નહીં હોય. જુદા માણસો એક જ વિષયવસ્તુને પણ જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં જોઈ શકતા હોય છે, એટલે જ હું આશા રાખું છું કે મારા સાથી સાંસદોને હું તેમના કરતાં જુદો હોવાથી, મારા વિચારો અને

લાગણીઓ હું કોઈ પણ જાતના બંધન વગર, મુક્ત મને વ્યક્ત કરું તો વાંધો નહીં હોય.

આપણા માટે આ સમય કોઈ ઉજવણીનો સમય નથી. સંસદ સામેનો આ પ્રશ્ન રાષ્ટ્ર માટે ખૂબ જ ગંભીર પરિસ્થિતિ છે. મારા મતે આ પ્રશ્ન સ્વતંત્રતા અને ગુલામીમાંથી કોઈ એકની પસંદગીનો છે. આપણે આ રસ્તે જ સત્યને પામી શકીશું અને ઈશ્વરે તથા રાષ્ટ્રે આપણને સોંપેલી જવાબદારી નિભાવી શકીશું. શું કાયદાભંગના ડરથી કે રાજદ્રોહના ગુનાથી બચવા મારે મારા વિચારો વ્યક્ત કરતાં અટકી જવું જોઈએ ? ના, મારા માટે સંસારની સર્વોચ્ચ અદાલત ઈશ્વર છે, અને તેણે સોંપેલા કાર્યને જ હું સર્વોચ્ચ માનું છું.

માનનીય પ્રમુખશ્રી, માણસનું આશા અને અપેક્ષાઓની માયાજાળમાં ફસાઈ જવું સ્વાભાવિક છે. આપણે હંમેશા કડવા સત્ય તરફ તરત આંખો મીંચી દઈએ છીએ અને અસત્યનું માદક સંગીત જ્યાં સુધી આપણને પાગલ ના કરી મૂકે ત્યાં સુધી સાંભળતા રહીએ છીએ. પણ શું કોઈ મહાન અને સ્વતંત્રતા માટે લડતા ગુણીજનનું આવું લક્ષણ હોય ? શું આપણે આખરે એવી જમાતમાં બેસવા જઈ રહ્યા છીએ, જેમને આંખો છે, પણ જોવું નથી અને જેમને કાન છે, પણ સાંભળવું નથી ? શું માત્ર દુન્યવી બાબતો જ આપણું લક્ષ્ય બનીને રહી ગઈ છે ? ના, હું આમાંનો એક નથી. સત્યનો સામનો કરવાથી ભલે ગમે તેટલી મુશ્કેલીઓ અને સંતાપોનો મારે સામનો કરવો પડે, પણ સત્યને પામવા હું તૈયાર છું અને આ માટે હું ગમે તેટલી કપરી ભયંકરતાનો સામનો કરી છૂટીશ.

મારી પાસે એક માત્ર દીપક છે, જે મને તેની રોશની દ્વારા સતત માર્ગ બતાવે છે. એ દીપક એટલે મારા પોતાના અનુભવો ! હું એવો કોઈ રસ્તો નથી જાણતો જેનાથી ભવિષ્ય જાણી શકાય, પણ આપણી પાસે ભૂતકાળ તો છે ને, અને તેમાં દૃષ્ટિ કરીને તો આપણે જોઈ શકીએ ને ! હું ભૂતકાળના મારા અનુભવોથી કહું છું કે છેલ્લાં દસ વર્ષમાં અંગ્રેજોએ આપણી એ અપેક્ષાઓને ન્યાય મળે એવું કશું જ નથી કર્યું. નામદાર સાહેબ, તેમના પર વિશ્વાસ ના કરતા, નહીંતર તો એ તમારા જ પગની બેડીઓ બની જશે. તમે તમારી જ જાતને શા માટે નથી પૂછતા કે આપણી શાંતિની અરજો સામે તેમની યુદ્ધની તૈયારીઓ કઈ રીતે મેળ ખાય ? પ્રેમ અને સમાધાનના કામમાં લશ્કર અને નૌકાસૈન્યની શું જરૂર ? શું આપણે સમાધાનથી એટલા બધા દૂર ઊભા છીએ કે આપણો પ્રેમ જીતવા માટે

તેમણે આપણી સાથે બળજબરી કરવી પડે ? આપણે બીજું કશું નહીં પણ આટલું તો કરીએ કે આપણે આપણી જાતને ના છેતરીએ. યુદ્ધનો અમલ અને જીત એ જ આની અંતિમ દલીલ છે.

માનનીય સાંસદો, હું તમને પૂછું છું કે આપણા લડાયક મિજાજનો શું મતલબ જેનો ઉપયોગ આપણે લડવા નહીં, પણ તાબે થવામાં કરીએ ? શું આપ સૌ પાસે અન્ય કોઈ ઉદ્દેશ નથી ? આજના સમયમાં આ પોણા ભાગના વિશ્વમાં બ્રિટનનું દુશ્મન કોણ જેમના માટે તેમણે આટલાં બધાં શસ્ત્રો સજ્જ કરવાં પડે ? એ દુશ્મન બીજું કોઈ નહીં, આપણે ખુદ છીએ. તેઓ આપણને જ તેમના દુશ્મન માને છે ! આ બધું આપણને તાબે કરવા માટે કરાઈ રહ્યું છે. હવે, આપણે શું કરવાનું છે ? શું આપણે તેમની સાથે વાતચીત અને દલીલો રજૂ કરી સમય બગાડવો છે ? આવું તો આપણે છેલ્લાં દસ વર્ષથી કરતા આવ્યા છીએ. શું આપણી પાસે હવે કશું નવું કરવા માટે નથી ?

...ના ! આપણે તમામ વિકલ્પો અજમાવી ચૂક્યા છીએ અને એ બધા વ્યર્થ છે. આપણે આજીજીઓ કરી, ટીકાઓ કરી, નારા લગાવ્યા, આંદોલનો કર્યાં અને એમના કોરડા પણ ઝીલ્યા. પણ જવાબમાં શું મળ્યું ? આપણી અરજીઓ ફગાવી દેવાઈ. આપણી ટીકાઓનો છેદ ઉડાવી દેવાયો. નારાઓ અને આંદોલનોને દબાવી દેવાયાં અને આપણું અપમાન થયું એ વધારાનું. શું આટલા બધા વ્યર્થ પ્રયત્નો પછી પણ આપણે શાંતિ અને મંત્રણાની આશા રાખી શકીએ ? ના...હવે આ આશાવાદ માટે કોઈ જગ્યા નથી. જો હવે આપણે આઝાદ થવું હશે, આપણા અણમોલ હકો – જેના માટે આપણે આટલા લાંબા સમયથી લડી રહ્યા છીએ તેને બચાવવા હશે, અને આપણા ઉમદા હેતુઓ પૂરા કરવા માટે લાંબા સમય સુધી ચાલી રહેલી આપણી ચળવળ અટકવા ન દેવી હોય તો લડાઈ અને પ્રતિકાર જ એક માત્ર વિકલ્પ બચ્યો છે. હું ફરી બોલું છું, આપણે લડવું પડશે. ઈશ્વરને મારી પ્રાર્થના છે કે તેઓ આપણને આ કામ માટે તાકાત આપે.

એ લોકો કહે છે કે આપણે નબળા છીએ, જોરાવર શત્રુઓ સામે લડવા આપણે સક્ષમ નથી. પણ હું તમને પૂછું છું કે આપણે મજબૂત અને તાકાતવાન ક્યારે થઈશું ? આવતા અઠવાડિયે કે આવતા વર્ષ સુધીમાં ? કે પછી એ સમય ત્યારે આવશે, જ્યારે આપણે સાવ જ નિઃશસ્ત્ર અને નિર્માલ્ય થઈ જઈશું ? શું એ સમય છેક ત્યારે આવશે જ્યારે દરેક બ્રિટિશ સિપાઈ આપણા ઘરોમાં અડ્ડો જમાવી

દેશે ? શું આપણે આ રીતે નિષ્ક્રિય અને અનિર્ણિત રહીને આપણી તાકાત મેળવી શકીશું ? શું આપણે આશાના આભાસમાં પડ્યા પડ્યા પ્રતિકારની શક્તિ મેળવી શકીશું ? જો આપણે ઈશ્વરે આપેલી તાકાતનો યોગ્ય રીતે ઉપયોગ કરીએ તો આપણે કમજોર કે નબળા નથી. આપણી પાસે આપણી કરોડો જનતા છે, જે સૌ સ્વતંત્રતા નામના ઉમદા હથિયારથી સજ્જ છે, જે ગમે ત્યારે પણ ગમે તેવા શત્રુને ધૂળ ચાટતા કરી દેવા સક્ષમ છે. આપણે એકલા નથી, આપણી સાથે ઈશ્વર છે અને આપણા જેવી જ સ્થિતિનો સામનો કરી રહેલા અનેક દેશો છે. આપણે સૌ ભેગા મળી બ્રિટિશરો સામે લડવાનું છે. યુદ્ધ એ હવે અનિવાર્ય છે, માટે જ ચાલો, તેનો સ્વીકાર કરી તેના માટે સજ્જ થઈએ.

હવે પરિસ્થિતિને રોકવી એ વ્યર્થ છે. સદ્‌ગૃહસ્થો ભલે શાંતિ શાંતિનાં ગાણાં ગાય, પણ હવે શાંતિ ખરેખર તો એક અભાસી કલ્પના માત્ર બનીને રહી ગઈ છે. શાંતિ ક્યાંય નથી. યુદ્ધ તો ચાલુ થઈ ચૂક્યું છે. આપણા ભાઈબંધુઓ પહેલેથી જ યુદ્ધધરા પર ખુંપાયેલા છે. શું આપણે આમ જ એમને જોતા બેઠા રહીશું ? આપ સૌ સદ્‌ગૃહસ્થો શું વિચારો છો ? શું આપને જીવન તથા શાંતિ એટલું બધું પ્યારું લાગે છે કે તમે ગુલામ બનીને તેની કિંમત ચૂકવવા તૈયાર થયા છો ? હું નથી જાણતો કે બધા શું માને છે અને બધા શું કરશે. મારી તો હવે એટલી જ માંગણી છે કે “હવે મને સ્વતંત્રતા આપો અથવા મોતને ઘાટ ઉતારી દો !”

❖

જોસેફ સ્ટાલિન

રશિયાના સમાજવાદી નેતા

જન્મ :૧૮ ડિસેમ્બર, ૧૮૭૮ મૃત્યુ : ૫ માર્ચ, ૧૯૫૩

મોચીને ત્યાં જન્મ ધરીને છેક રશિયાના પ્રમુખપદ સુધી પહોંચનાર જોસેફ સ્ટાલિન બાળપણથી જ આક્રમક અને બળવાખોર સ્વભાવના માલિક હતા. લેનિનના વિદ્યાર્થી સ્ટાલિનના આવા ધગધગતા વિચારોથી ડરીને જ તેમને શાળામાંથી હાંકી કાઢવામાં આવેલા.

બીજા વિશ્વયુદ્ધ જેવા કપરા સમયે તેમણે રશિયાના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી. યુદ્ધખોર જર્મની રશિયાના અમુક ભાગ પર કબજો જમાવી ચૂક્યું હતું, ત્યારે જોસેફ સ્ટાલિને ૩,જુલાઈ ૧૯૪૧ના દિવસે પોતાના સૈન્યને હિટલરના આ જુલ્મી સૈન્યને ખદેડી દેવાના આહ્‌વાન સાથે આ ભાષણ કર્યું હતું.

લોહીના છેલ્લા ટીપા સુધી લડતા રહો

સાથીઓ ! દેશના નાગરિકો ! મારા ભાઈઓ તથા બહેનો ! લશ્કર અને નૌકા સેનાના જવાનો ! મારા મિત્રો, મારું આ સંબોધન આપ સૌને માટે છે. ૨૨મી જૂનથી હિટલરે આપણી માતૃભૂમિ પર ઘાતકી હુમલાની શરૂઆત કરી

દીધી છે, અને આ હુમલાઓ હજુ પણ ચાલુ છે.

આપણી રેડ આર્મી દ્વારા કરવામાં આવેલા અપ્રતિમ પ્રતિકાર છતાં દુશ્મનોની શ્રેષ્ઠ લશ્કરી પાંખ અને હવાઈ હુમલાને કારણે આપણે યુદ્ધમોરચે પીછેહઠ કરવી પડી છે. આપણા દુશ્મનો સતત આપણી ધરતી પર આગળ વધી રહ્યા છે.

અત્યાર સુધીમાં હિટલરનું લશ્કર આપણા લીથુઆનીયા, લતીવિઆનો મોટા ભાગનો ભાગ, પશ્ચિમ બાઈલો અને પશ્ચિમ યુક્રેઈન ઉપર કબજો જમાવી ચૂક્યા છે. તેઓ હાલ મુરમાન્સક, ઉર્શા, મોગીલેવ, સ્મોલેન્સક, કિવ, ઉડેસા અને સેબાસ્ટોપોલમાં બોમ્બમારો કરી રહ્યા છે. આપણા દેશને કબરમાં ફેલાવી દે તેવો ખતરો હાલ આપણી ઉપર મંડાયેલો છે.

એવું તો શું કારણ હતું કે આપણી શક્તિશાળી રેડ આર્મીએ આપણાં જ રાજ્યો અને શહેરોમાં હિટલરના ફાસીવાદી લશ્કર સામે તાબે થવું પડ્યું ? એવું શું છે કે જર્મન લશ્કર અજેય છે ? શું તેમની ઉપર ક્યારેય વિજય ના મેળવી શકાય તેટલા તેઓ શક્તિશાળી છે ? ના જરાય નહીં !

ઈતિહાસ ગવાહ છે કે કદીયે કોઈ એવું લશ્કર નથી બન્યું કે જેને હરાવી ના શકાય. નેપોલિયન અને તેનું લશ્કર પણ અજેય ગણાતું હતું, પણ રશિયા, ઇંગ્લૅન્ડ અને જર્મનીએ તેમને હરાવ્યું હતું. હિટલરના ફાસીવાદી લશ્કર માટે પણ આજે આમ જ કહી શકાય. આ લશ્કરને હજી સુધી યુરોપમાં કોઈ ખાસ મજબૂત પ્રતિકારનો સામનો નથી કર્યો. માત્ર આપણી ધરતી પર જ તેમને મજબૂત લડત મળી રહી છે. આપણા આ પ્રતિકારના કારણે જ આપણે હિટલરના લશ્કરને એક મોરચે હાર આપી ચૂક્યા છીએ. તેઓ પણ પરાજિત થઈ શકે છે અને પરાજિત થશે જ.

આપણી ભૂમિ પર તેઓ આપણને હરાવવામાં અત્યાર સુધી સફળ થઈ શક્યા તેનું એક કારણ એ છે કે તેઓએ એવી પરિસ્થિતિમાં આપણા પર આક્રમણ કર્યું હતું કે જે પરિસ્થિતિ તેમના માટે વધારે અનુકૂળ હતી અને આપણા માટે પ્રતિકૂળ હતી. તેમને શરૂઆતના તબક્કે જે લાભ મળ્યો, તે ખૂબ ટૂંકા ગાળાનો હતો. પણ હવે તેઓ તેમના લોહીતરસ્યા વલણને કારણે આખી દુનિયામાં ઉઘાડા થઈ ચૂક્યા છે.

આપણી હિંમતવાન રેડ આર્મી, શૌર્યવાન નૌકાદળ, આપણા દેશના તમામ લોકો, યુરોપ, અમેરિકા અને એશિયા ઉપરાંત ખુદ જર્મનીના સારા પુરુષો-

સ્ત્રી સૌએ જર્મન લશ્કરના આ વિશ્વાસઘાતને વખોડ્યો છે તથા તેમણે સોવિયત યુનિયન તરફ સહાનુભૂતિ દર્શાવી છે. તેઓએ આપણા કાર્યને મંજૂર રાખ્યું છે અને દુશ્મન સૈન્ય પરાજિત થશે તેઓ તેમને પણ વિશ્વાસ છે.

ટેન્ક્સ અને એરક્રાફ્ટ જેવાં મજબૂત શસ્ત્રોથી સજ્જ દુશ્મનો સામે આપણું લશ્કર વીરતાપૂર્વક લડી રહ્યું છે. અસંખ્ય મુશ્કેલીઓ ઉપર વિજય મેળવીને આપણી રેડ આર્મી અને રેડ નેવી (નૌકાદળ) સોવિયટ ભૂમિના એક-એક ઇંચ માટે જાતનું બલિદાન આપી રહ્યા છે. રેડ આર્મીનાં મુખ્ય દળો હજારો આધુનિક ટેન્કો અને એરોપ્લેન્સ સાથે કાર્યાન્વિત થઈ રહ્યાં છે. રેડ આર્મીના સૈનિકો યુદ્ધક્ષેત્રે અજોડ શૌર્ય બતાવી રહ્યાં છે. આપણો પ્રતિકાર અને આપણી શક્તિઓ વધી રહી છે. દેશના જવાનોની સાથે સાથે આ મહાન દેશની મહાન જનતા પણ દેશની રક્ષા કરવા નિર્ભય થઈને તૈયાર ઊભી છે.

દુશ્મન ખૂબ જ કઠોર છે અને ઘાતકી પણ. તેઓ આપણી જમીનો પચાવવા, આપણા ખૂન-પરસેવાથી ઉગાડેલા અનાજને જપ્ત કરવા અને તેલ ઉપર અંકુશ જમાવવા આપણી તરફ આગળ વધી રહ્યા છે. તેઓ ફરી આપણે ત્યાં શાહુકારોનું રાજ ચલાવવા, આપણી રાષ્ટ્રીય અસ્મિતાનો નાશ કરવા અને આપણા દેશનું અસ્તિત્વ ખતમ કરવા અને આપણા દેશની જનતાને તેમના ગુલામ બનાવવા આવી રહ્યા છે. રશિયાનો દરેક નાગરિક પોતે અત્યારથી સાવધ થઈ જાય. આપણે દુશ્મનને ધૂળ ચાટતો કરવામાં કોઈ કસર બાકી નહીં રાખીએ. તેમને માફ કરવાની તો કોઈ શક્યતા જ પેદા થતી નથી.

આપણી વચ્ચે કાયરો અને લેભાગુઓને કોઈ સ્થાન નથી. તેઓ તો આપણા સૌથી પહેલા દુશ્મન ગણાય. આ દેશની જનતા એ જાણી લે કે આપણે જરા પણ ડર્યા વિના અને કોઈ પણ સ્વાર્થની અપેક્ષા વગર માત્ર ને માત્ર માતૃભૂમિને કાજે લડવાનું છે. આ દરેક બાબતોને ધ્યાનમાં રાખીને આપણી દરેક યોજના પર અત્યારથી જ કામે લાગી જવાનું છે. દુશ્મનને પાઠ ભણાવવામાં આપણે કોઈ કસર બાકી નથી રાખવાની.

સોવિયેટ રશિયાની જનતા તેમના હક્કોના રક્ષણ માટે, તેમની જમીનોને બચાવવા અને દુશ્મનોનો સામનો કરવા જાતે જ આગળ આવે. લોહીના છેલ્લા ટીપા સુધી આપણે આપણાં શહેરો અને ગામડાંને બચાવવા લડવું પડશે. આપણી અંદર રહેલી હિંમત અને બુદ્ધિચાતુર્ય બતાવવું જ પડશે. આપણે આપણા લશ્કરને જોઈતી બધી જ ચીજવસ્તુઓ, સાધનસામગ્રીની મદદ પૂરી પાડીએ અને તેમને

તેમના કામમાં મદદરૂપ થઈએ. આપણે લશ્કર માટે ઝડપી વાહન-વ્યવહાર ગોઠવાય તે જોઈએ અને ઘાયલ થયેલા દરેક જવાનને સમયસરની પૂરતી સારવાર મળે તે બાબતને સુનિશ્ચિત કરીએ. આપણા દરેક ઉદ્યોગો ઝડપથી રાઇફલો, મશીનગન, ગોળી અને બારુદ અને વિમાનોનું ઉત્પાદન કરવાનું ચાલુ રાખે. આપણી દૂરસંચાર સેવાઓ, વીજકેન્દ્રો અને ફેક્ટરીઓ પર એકદમ મજબૂત કિલેબંધી કરી રાખીએ જેથી દુશ્મનો તેમનો નાશ ના કરી શકે.

આપણે એ જાણી લઈએ કે આપણો દુશ્મન એકદમ ચાલાક, બેઈમાન, ભ્રષ્ટ, અને ઘાતકી છે, જે અફવાઓ ફેલાવવામાં પણ માહેર છે. ખેડૂતો તેમનાં ઢોરો અને જનાવરોને સલામત જગ્યા ઉપર લઈ જાય અને તેમના અનાજને સલામત રીતે સરકારનાં ગોડાઉનોમાં મોકલાવી આપે. તમારી જે પણ કોઈ સંપત્તિ હોય તેમને સાચવીને યોગ્ય જગ્યાએ સ્થાળાંતરિત કરી રાખો અથવા જો તેલ જેવી કોઈ સંપત્તિ હોય તો ચૂક્યા વિના તેનો નાશ કરી દો.

સાથીઓ, આપણી પાસે અસંખ્ય લશ્કરી બળ છે. આપણે ગભરાવાની કોઈ જરૂર નથી. આપણા દુશ્મનોને બહુ જલદી ખ્યાલ આવી જશે કે તેમણે જે પગલું ભર્યું છે, તેની કિંમત પણ તેમણે જ ચૂકવવી પડશે. આપણા લશ્કરી જવાનોની સાથે આપણા દેશના ખેડૂતો, કામદારો અને અને અનેક સમજદાર લોકો લાખોની સંખ્યામાં દુશ્મનોના દાંત ખાટા કરવા આગળ આવી રહ્યા છે. ચાલો, આપણે આપણી બધી તાકાત આપણા જવાનોને સહકાર આપવામાં તથા આપણા દુશ્મનોને હરાવવામાં લગાડીએ. ચાલો, આપણે લોકશક્તિથી દુશ્મનનો સામનો કરવા આગળ આવીએ. ચાલો, વિજેતા બનવા તરફ આગળ પ્રયાણ કરીએ !

❖

વિલિઅમ લ્યોન ફેલ્પ્સ

અમેરિકન શિક્ષણશાસ્ત્રી, સાહિત્યિક વિવેચક અને લેખક

જન્મ : ૨ જાન્યુઆરી, ૧૮૬૫ મૃત્યુ : ૨૧ ઑગસ્ટ, ૧૯૪૩

અમેરિકાના પ્રથમ દરજ્જાના શિક્ષણશાસ્ત્રી, સાહિત્યિક વિવેચક અને લેખક વિલિઅન લ્યોન ફેલ્પ્સે બહુ જ ઉત્તમ વક્તા ગણાતા હતા. કોઈ રાજકીય કે ધાર્મિક નેતા ન હોવા છતાં તેમનાં ભાષણો સાંભળવા હકડેઠઠ ભીડ જામતી. પુસ્તકના સંગ્રહ અને વાંચનનો ગાંડો શોખ ધરાવતા ફેલ્પ્સે તેમનાં અનેક વક્તવ્યોમાં વાંચનની ટેવ વિશે કહ્યું છે. પુસ્તકોને અમૂલ્ય ખજાનો ગણાવતાં તેમણે ૬ એપ્રિલ, ૧૯૩૩ના રોજ આ ભાષણ આપ્યું હતું, જે આજે પણ આપણને વાંચનટેવ કેળવવાની પ્રેરણા આપે છે...

પુસ્તક વાંચવાનો આનંદ

વાંચનની ટેવ એ માનવજાત માટે સૌથી અમૂલ્ય સંપત્તિ છે. બીજા પાસેથી ઉછીના લીધેલા પુસ્તક કરતાં આપણને આપણું પોતાનું પુસ્તક વાંચવાનો વધુ આનંદ આવે છે. ઉછીનું લીધેલું પુસ્તક એ ઘરમાં આવેલા મહેમાન જેવું છે. આવા પુસ્તકને આપણે બીજાની લાગણીઓ સાચવતા હોઈએ એમ ખૂબ ચીવટપૂર્વક

સાચવીએ છીએ. જ્યારે તે પુસ્તક તમારી પાસે હોય ત્યારે તમે તેને કોઈ નુકસાન ના પહોંચે તેવી સંભાળ રાખો છો. તેને બેકાળજીથી ક્યાંય મૂકી નથી દેતા. તેના પર તમે માર્કિંગ નથી કરી શકતા. પુસ્તકના પાનાને તમે વાળીને નથી મૂકતા. તમે તે પુસ્તકને તમારું પોતાનું ગણી વાંચી નથી શકતા. અને આવી સંભાળ રાખ્યા પછી એક દિવસ તમે પુસ્તક પરત કરી દો છો.

પરંતુ તમારાં પોતાનાં પુસ્તકો તમારાં જ છે, જેને તમે કોઈ જ ઔપચારિકતા વિના બહુ જ પ્રેમથી તમારી નિકટ રાખી શકો છો. પુસ્તકો વાંચવા માટે છે, નહીં કે બતાવવા માટે. જો પુસ્તક તમારું નથી તો તમે પુસ્તકમાં માર્કિંગ કરતાં ડરશો. તમે પુસ્તકને એમ જ ટેબલ કે બીજે ક્યાંય મૂકતાં ડરશો. પુસ્તકમાં તમને ગમી ગયેલા ભાગને માર્કિંગ કરવાની ટેવને અનુસરવાનું સૌથી સારું કારણ એ છે કે આ ટેવ દ્વારા તમે પુસ્તકના મહત્ત્વના ભાગને વર્ષો પછી પણ ઝડપથી યાદ રાખી શકો છે. આ અનુભવ તમે જંગલમાં વિહરતી વેળાએ પગેરા માટે ઝાડ પર કરેલી નિશાની જેવો છે. આ દ્વારા તમે જૂના અનુભવનો આનંદ લઈ શકો છો અને તમારી બૌદ્ધિક સજ્જતા અને અગાઉનાં તમારાં વર્ષોને યાદ કરી શકો છો.

દરેક વ્યક્તિએ યુવાનીકાળમાં પોતાનું અંગત પુસ્તકાલય બનાવવાની શરૂઆત કરવી જોઈએ. ખાનગી માલિકી ઊભી કરવાની માણસમાં રહેલી જન્મજાત વૃત્તિને અહીં દરેક રીતે જમા પાસામાં કેળવી શકાય છે અને તેમાં કોઈ જ દૂષણ નથી. જો કોઈ પોતાની માલિકીનું જ પુસ્તકાલય ધરાવતો હશે તો તેમાં દરવાજા, કાચની બારી કે તેની ચાવી પણ નહીં હોય. તેઓ પુસ્તકો હાથમાં લેવા અને આંખથી જોવા મુક્ત હશે. ભીંતને સુશોભિત કરવાનો સૌથી શ્રેષ્ઠ રસ્તો પુસ્તકો છે – કોઈ પણ ભીંતચિત્ર કરતાં પુસ્તકો દેખાવે અને રંગે વધુ વિવિધતા ધરાવે છે, તેઓ દેખાવમાં વધુ આકર્ષક હોય છે, અને પુસ્તકોની મુખ્ય ખૂબી એ છે કે તેઓ એક અલગ વ્યક્તિત્વ જેવા છે. અને જો તમે ઓરડામાં એકલા હશો તો પણ તમે ગાઢ મિત્રોથી ઘેરાયેલા હોવાનું અનુભવશો. તેમાં જ્ઞાનની એવી જ્યોત છે જે સ્પષ્ટ વિચાર સાથે તમને જાગ્રત કરીને તાજા પણ કરે છે. તમે કંઈ તે બધા જ નથી વાંચતા. મોટાભાગે મારું આંતરિક જીવન મારાં છ હજાર પુસ્તકોના સંગ્રહ કરેલા મારા ઓરડામાં જ વીતે છે અને અપરિચિત લોકો દ્વારા પુછાતા કાયમી સવાલોના તે જવાબો છે. "શું તમે આ તુમામ પુસ્તકો વાંચી કાઢ્યાં ?" "તેમાંથી કેટલાંક તો બે વખત." આ જવાબ સાચો પણ છે અને

અણધાર્યો પણ.

અલબત્ત, જીવન જીવતાં, શ્વાસ લેતાં અને પ્રત્યક્ષ અનુભવાતા પુરુષ અને સ્ત્રી જેવા કોઈ મિત્ર ના હોઈ શકે. પણ મારા વાંચનની લગનીએ મને ક્યારેય એકાંતવાસી નથી બનાવ્યો. અને તે કેવી રીતે બની પણ શકે ? કારણ કે પુસ્તકો લોકોનાં છે, લોકો દ્વારા રચાયેલાં છે અને લોકો માટે છે. સાહિત્ય ઈતિહાસનો અવિસ્મરણીય ભાગ છે અને તે વ્યક્તિત્વનો એક શ્રેષ્ઠ અને ખૂબ મજબૂત હિસ્સો છે. પણ પ્રત્યક્ષ અને હયાત મિત્રો કરતાં પુસ્તકો વધુ લાભદાયી છે, તમે દુનિયામાં જ્યારે પણ ઈચ્છો ત્યારે એક સાચા, ભવ્ય સમાજને માણી શકો છો.

અને ખાનગી પુસ્તકાલયમાં તો તમે કોઈ પણ ક્ષણે સૉક્રેટિસ, શેક્સપિયર, કાર્લ માર્ક્સ, ડુમાસ, ડિકન્સ, શૉ અથવા બેરી જેવી મહાન વ્યક્તિઓ સાથે વાતચીત કરી શકો છો. આ પુસ્તકોમાં તમે કોઈપણ જાતના સંશય વગર તેઓની શ્રેષ્ઠતા જોઈ શકો છો. તેઓએ તમારા માટે જ લખ્યું છે. તેમણે પોતાની જાતને બહાર કાઢી તમારી સામે રજૂ કરી છે, તેઓએ તમારું મનોરંજન કરવા તેમનું શ્રેષ્ઠ આપ્યું છે. તમે અભિનેતાને જોઈતા હોય તેવા જરૂરી દર્શકો છો. તેમના માસ્કને બદલે તમે તેમના હૃદયને જુઓ છો.

❖



નેપોલિયન બોનાપાર્ટ

ફ્રાન્સનો સમ્રાટ

જન્મ : ૧૫ ઑગસ્ટ, ૧૭૬૯ મૃત્યુ : ૫ મે, ૧૮૨૧

નેપોલિયન બોનાપાર્ટ માત્ર ફ્રાન્સના જ નહીં, પણ સમગ્ર વિશ્વના ઇતિહાસમાં અજેય યોદ્ધા તરીકે ઓળખાતો હતો. ૧૭૮૫માં ફ્રાન્સનો લશ્કરી વડો બન્યા પછી તેણે વિશ્વના દેશોને જીતવા રીતસરની કૂચ આરંભી હતી. યુરોપ હોય કે રશિયા, નેપોલિયનના સૈન્યને હરાવવું સૌ કોઈ માટે મુશ્કેલ મનાતું હતું. પોતાના લશ્કરમાં જોમ અને વીરતા પોષવા નેપોલિયને અનેક ભાષણો કર્યાં છે. અહીં નેપોલિયનના યાદગાર ભાષણોના અંશ રજૂ કર્યા છે...

૨૭ માર્ચ, ૧૭૯૬ – ઈટલી સામેના યુદ્ધ પહેલાં

સૈનિકો, તમારા શરીર પર કપડાં નથી અને તમને પૂરતું ખાવાનું પણ નથી મળી રહ્યું. સરકાર તમારી પાસેથી ઘણું બધું લે છે, પણ વળતાં તમને કશું નથી આપતી. આ બધી અગવડો સહન કરવાની તમારી ધીરજ તથા તમામ પ્રકારનાં જોખમોનો સામનો કરવાની તમારી હિંમતને ફ્રાન્સ બિરદાવે છે. ફ્રાન્સ તમારી મુશ્કેલીઓનું સાક્ષી છે. તમારી પાસે કપડાં કે જૂતાં નથી, અને ખોરાકની પણ

પૂરતી વ્યવસ્થા નથી. પણ હવે એ બધું તમારી પાસે હોય તે બાબત તમારા પોતાના પર છે. તમારે જો આ બધું જોઈતું હોય તો તમારે આપણા દુશ્મનો પાસેથી એ છીનવી લેવાનું છે. તમે એ કરવા ઇચ્છો છો, અને તમે એ કરી પણ શકશો. ચાલો, આપણે તેમ કરીએ !

૩૦ મે, ૧૭૯૬ – મિલાનમાં પ્રવેશ કર્યા બાદ

પર્વતની ટોચેથી જે ઝડપભેર પાણી નીચે આવે છે એ ઝડપે તમે સૌ સૈનિકો અહીંયાં આવી પહોંચ્યા છો. તમારા રસ્તામાં જે કંઈ પણ આવ્યું તે બધાંને તમે વેરણછેરણ કરી નાખ્યું છે. હવે મિલાન તમારું છે, આપણો ધ્વજ હવે છેક આખાય લોમ્બાર્ડીઆ સુધી વિસ્તરી ચૂક્યો છે. પરમા અને મોડેનાના ઉમરાવોનાં રાજપાટ હવે તમારા સૌની રહેમ ઉપર નિર્ભર છે. જે લશ્કર આપણને બહુ ગુમાનથી ધમકી આપતું હતું તેમણે તમારી હિંમત સામે શસ્ત્રો ત્યાગી દીધાં છે. આપણને ન તો પો લોકો, ટીસીનો કે પછી અડ્ડાઓ હવે રોકી શકે છે. ઇટલીના આ બડાઈ મારતા બેવકૂફો આપણું કશું બગાડી શક્યા નથી. તમે એમને ધૂળ ચાટતા કરી દીધા છે.

તમારી આ મહાનતમ સફળતાએ તમારા દેશનું દિલ આનંદથી ભરી દીધું છે. આપણા શાસકોએ આપણી આ સિદ્ધિઓને બિરદાવતાં એક ભવ્ય ઉજવણીનું આયોજન કર્યું છે, જેની ઉજવણી આખાય દેશના દરેકેદરેક જિલ્લાઓમાં થઈ રહી છે. તમારાં જ માતા-પિતા, ભાઈ-બહેનો તથા તમારાં પત્ની અને મિત્રો તમારી સફળતાના આનંદમાં ઝૂમી રહ્યાં છે. તેઓને તમારા પ્રત્યે ખૂબ જ માન છે.

હા, તમે ઘણું બધું કરી ચૂક્યા છો અને આપણે ઘણું બધું મેળવી ચૂક્યા છીએ, પણ શું તેનો મતલબ એ થાય છે કે આપણે હવે કશું જ મેળવવાનું બાકી નથી ? શું તમને આપણા વિશે એવું કહેવાય તો ગમશે કે આપણને માત્ર જીતતાં આવડે છે, પણ જીતનો ઉપયોગ કરતાં નથી આવડતું ?

...ના ! હું જોઈ રહ્યો છું કે તમે પહેલાંથી તમારાં શસ્ત્રો સજાવી રાખ્યા છે. તમારા માટે એક સ્ત્રીની જેમ આરામ કરતા બેસી રહેવું એ કંટાળાજનક છે. જો આ દિવસો જીતના ઉન્માદમાં જતા રહેશે, તો તમે તમારો આનંદ પણ ગુમાવી દેશો. એટલે જ આપણી આગામી લડાઈ માટે ચાલો, આપણે તૈયાર રહીએ.

૧૮૧૨ – રશિયા સામેના યુદ્ધની શરૂઆત વખતે

સૈનિકો, પોલેન્ડનું બીજું યુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે. રશિયાએ તીલસીટની

સંધિમાં પર ફ્રાન્સની સાથે અતૂટ રીતે જોડાવાની અને ઇંગ્લેન્ડની સામે યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી, પણ તેમણે આ પ્રતિજ્ઞાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કર્યું છે અને એમ કરવાનું કોઈ ઉચિત કારણ પણ તેઓ નથી આપી શક્યા. રશિયાએ તો પોતાની મુસીબતોને હવે જાતે જ આમંત્રણ આપ્યું છે, અને તેના નસીબમાં જે લખાયું છે એ તો તેને બહુ જલદી મળી જશે. શું તેઓ આપણને તેમનાથી નીચા સમજે છે ? તેઓ અવિશ્વાસ અને યુદ્ધ વચ્ચે ઝોલાં ખાય છે. હવે તેમની પાસે પસંદગી માટે કોઈ વિકલ્પ જ નથી બચ્યો.

તો ચાલો, આપણે આગળ વધીએ અને નાઈમેનની સરહદ પાર કરી, યુદ્ધને તેમની ધરતી પર લઈ જઈએ. પોલેન્ડ સામેનું આ બીજું યુદ્ધ આપણા માટે પહેલાં જેવું જ સુવર્ણ બની રહેશે. યુદ્ધ બાદની શાંતિ પણ ત્યારે જ સુનિશ્ચિત થશે જ્યારે આપણે છેલ્લાં ૫૦ વર્ષોથી યુરોપ પર ચાલ્યા આવતા રશિયાના આધિપત્યને ખતમ કરીશું.

૨૦ એપ્રિલ, ૧૮૧૪ – સૈનિકોથી વિદાય લેતાં

મારા જૂના અને વફાદાર સૈનિકો, હું હવે આપની પાસેથી વિદાય માંગું છું. છેલ્લાં ૨૦ વર્ષોથી આપ સૌએ જીત અને સંઘર્ષના દરેક રસ્તા ઉપર મારો સાથ આપ્યો છે. તમે સૌ હિંમત અને વિશ્વાસની એક જીવતીજાગતી મિસાલ છો. તમારા જેવા બહાદુરોનો સાથ હોય તો મંઝિલ ક્યારેય દૂર નથી હોતી. યુદ્ધ તો સતત ચાલ્યા કરશે, એ આંતરિક યુદ્ધ પણ હોઈ શકે છે અને તે ફ્રાન્સનો વારસો પણ બની શકે છે.

મેં મારા બધા આનંદો અને શોખ હંમેશા દેશને નામ કર્યા છે અને હવે, હું જઈ રહ્યો છું. પણ મારા મિત્રો, તમે અહીંયાં જ છો અને તમારે સતત ફ્રાન્સની સેવા કરતા રહેવાની છે. ફ્રાન્સની સુખાકારી જ મારી જિંદગીનો એક માત્ર હેતુ રહ્યો છે, અને એ હેતુ મારા જીવનપર્યંત ચાલુ રહેશે. તમે મારા માટે દુઃખી ના થતા કે કોઈ પસ્તાવો પણ ના કરતા. જ્યાં સુધી હું જીવતો રહીશ ત્યાં સુધી હું ફ્રાન્સની સેવા કરતો રહીશ. મારી ઇચ્છા છે કે હું આપણે સૌએ સાથે મળીને મેળવેલી દરેક સફળતાઓ અને ઉપલબ્ધીઓની ગાથાનો ઇતિહાસ લખું. અલવિદા દોસ્તો. કાશ, હું તમને સૌને ગળે લગાડી શકતો હોત.

❖



નેલ્સન મંડેલા

અશ્વેત રાજકીય નેતા અને દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ

જન્મ : ૧૮ જુલાઈ, ૧૯૧૮

નેલ્સન મંડેલાએ દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ વિરુદ્ધ જોરદાર લડત ચલાવી હતી. સત્તાધીશોના આત્યાચારોનો વિરોધ કરવા બદલ તથા તેમની લડતના કારણે સરકારે તેમને ૨૭ વર્ષ સુધી કાળકોટડીમાં ગોંધી રાખ્યા હતા. મંડેલાને ૧૯૯૩માં શાંતિ માટેનું નોબેલ પારિતોષક એનાયત કરવામાં આવ્યું હતું. ૧૯૯૦માં જ્યારે મંડેલા જેલમાંથી છૂટ્યા ત્યારે પ્રજાએ તેમના આ લોકલાડીલા નેતાનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું હતું. આ ક્ષણે મંડેલાએ આફ્રિકાની પ્રજાને સંબોધીને આ ભાષણ આપ્યું હતું...

જેલ મુક્તિ વક્તવ્ય

મારા મિત્રો, સાથીઓ અને દક્ષિણ આફ્રિકાની સમગ્ર જનતા !

હું તમને સૌને શાંતિ, લોકશાહી અને સ્વતંત્રતાની શુભકામનાઓ આપું છું. હું તમારી સમક્ષ કોઈ દેવ તરીકે નહીં, પણ માનવતાના નમ્ર સેવક તરીકે ઊભો છું. તમારા અથાગ પ્રયત્નો અને તમારાં બલિદાનોના કારણે જ હું આજે તમારી સામે

હેમખેમ છું. એટલે જ હું મારું બાકીનું આખું જીવન આપ સૌના નામે કરું છું.

આજે દક્ષિણ આફ્રિકાની બહુમતી જનતા, ભલે પછી તેઓ કાળા હોય કે ગોરા, સ્વીકારે છે કે રંગભેદનું કોઈ ભવિષ્ય નથી. આ રંગભેદના દૈત્યને આપણે સૌએ સાથે ભેગા મળીને જ ખતમ કરવો પડશે. રંગભેદ નીતિની નાબૂદી માટે તથા શાંતિ અને સલામતીની સ્થાપના માટે આપણે સૌ સમૂહમાં રંગભેદનો પ્રતિકાર કરવો પડશે. રંગભેદ સામેનો આપણો સમૂહ પ્રતિકાર જ તેને નાબૂદ કરી શકશે અને લોકશાહીની સ્થાપના શક્ય બનશે. રંગભેદે આપણા દેશનું જે નુકસાન કર્યું છે એની તો કોઈ ગણતરી જ માંડી શકાય તેવી નથી. લાખો કરોડો લોકો બેઘર થયા છે, લોકો રોજગાર વગર ભટકી રહ્યા છે, આપણી આર્થિક પરિસ્થિતિ સાવ ડામાડોળ છે અને લોકો રાજકીય સંઘર્ષની વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે, આ બધી રંગભેદની જ દેન છે.

૧૯૬૦માં આપણે સશસ્ત્ર લડતનો સહારો લેતાં, એએનસી, યુમખોન્ટો લશ્કરી પાંખનું નિર્માણ કર્યું હતું. જે રંગભેદની હિંસા સામે રક્ષણનો એક શુદ્ધ પ્રયાસ હતો. એ સશસ્ત્ર લડતને ફરજિયાત કરવા માટે જે પરિબળ હતું એ હજુ આજે પણ અસ્તિત્વ ધરાવે છે. આપણી પાસે કોઈ વિકલ્પ નથી, પણ આપણે લડત ચાલુ રાખવી પડશે.

જોકે હવે ગોરાઓના ઉદ્યોગ-ધંધા અને રાજકીય સત્તા, શક્તિના આધિપત્યનો અંત આવવો જોઈએ. આપણે આપણા રાજકીય અને ઉદ્યોગિક માળખામાં કેટલાક પાયાના અને ક્રાંતિકારી સુધારા કરી સમાજના દરેક વર્ગને સમાનતા લાવવી પડશે: આપણો સંઘર્ષ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ચૂક્યો છે, તેથી આપ સૌને મારી ગુજારિશ છે કે આ પળને ઝડપી લઈએ, જેથી કરીને લોકશાહીની સ્થાપના કોઈ પણ જાતના અંતરાય વગર ખૂબ જ ઝડપથી થઈ શકે.

આપણે આઝાદી માટે બહુ રાહ જોઈ છે, હવે આપણે એક પળ પણ રાહ જોઈ શકીએ તેમ નથી. આ જ સમય છે કે જ્યારે આપણે આપણી લડતને એકદમ તેજ બનાવવાની છે. આપણે અત્યારે જો થોડી પણ ઢીલાશ કરીશું, તો આપણા બધા જ પ્રયત્નો વ્યર્થ જશે, અને આપણી આગામી પેઢી આપણને આ માટે કદી માફ નહીં કરે. આપણે શિસ્તબદ્ધ રીતે લોકક્રાંતિથી જ આપણા હેતુને પાર પાડી શકીશું.

આપણે આપણા શ્વેત ભાઈબંધુઓને પણ આપણી આ લડતમાં સાથ આપવા અને નવા દક્ષિણ આફ્રિકાની સ્થાપનામાં આગળ વધવા આમંત્રણ આપીએ છીએ. આપણે આંતરરાષ્ટ્રીય સમુદાયોને પણ અનુરોધ કરીએ તેઓ

રંગભેદ વિરુદ્ધનું તેમનું અભિયાન પ્રજ્વલિત રાખી રંગભેદની નીતિના પ્રવર્તકોને અટૂલા પાડી દે. સ્વતંત્રતા જ હવે આપણો એક માત્ર રસ્તો છે, અને હવે આપણે કોઈ પણ પ્રકારના ડરને આપણા રસ્તામાં નહીં આવવા દઈએ.

છેલ્લે ૧૯૬૪માં મારા પર ચાલી રહેલા કોર્ટ કેસ દરમિયાન ઉચ્ચારેલા મારા પોતાના જ શબ્દો ટાંકીશ, એ આજે પણ એટલા જ સાચા છે, જેટલા એ ત્યારે હતા :

"હું ગોરાઓના પ્રભુત્વ સામે લડ્યો છું, તેવી જ રીતે હું અશ્વેતોના પ્રભુત્વ સામે પણ લડ્યો છું. હું આદર્શ લોકશાહી અને સ્વતંત્રતાના વિચારોનો સમર્થક છું. હું એક એવી લોકશાહી ઇચ્છું છું જેમાં દરેક લોકો, કોઈ પણ જાતના ભેદભાવો અને ભય વગર સુખેથી રહી શકે અને સૌને વિકાસ માટે પૂરતી તકો મળે. હું મારા આ આદર્શ માટે અને તેને સિદ્ધ કરવા માટે જીવવા માગું છું, પણ જો જરૂર પડે તો મારા આ આદર્શ માટે હું મરવા પણ તૈયાર છું. અમનડલા !"

❖

સ્ટીવ જોબ્સ

'એપલ'ના સહસ્થાપક અને પૂર્વ સીઈઓ

જન્મ : ૨૪, ફેબ્રુઆરી, ૧૯૫૫ મૃત્યુ : ૫ ઑક્ટોબર, ૨૦૧૧

'એપલ' જેવી કંપનીનું સ્વપ્ન જોનાર અને તેને સાકાર કરી એપલને વિશ્વની ટોચની કંપનીઓ વચ્ચે ઊભી કરનારા સ્ટીવ જોબ્સ વક્તા તરીકે ખાસ જાણીતા નથી. પરંતુ તેમણે ૨૦૧૦માં સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ખાતે યોજાયેલા દીક્ષાંત સમારોહમાં સ્ટે 'હંગ્રી - સ્ટે ફૂલીશ' વક્તવ્ય આપ્યું હતું, જેમાં તેમના જીવનની ત્રણ સંઘર્ષકથાઓ છે. તેમનું આ વક્તવ્ય અનેક યુવાનોને પ્રેરણા આપનારું છે.

'આતુર રહો, ભમતા રહો'

વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં ગણાતી સ્ટેનફોર્ડના દીક્ષાંત સમારોહમાં આવ્યાનો મને આજે આનંદ છે. હું પોતે કોઈ કૉલેજમાંથી સ્નાતક નથી થયો. સાચું કહું તો કૉલેજના સ્નાતકોના પદવી સમારોહમાં આમ આટલી નજીકથી ઉપસ્થિત રહેવાની તક પણ મને આ પહેલી વાર મળી છે. આજે હું તમને બીજું કંઈ વધારે નહિ કહું, પણ મારા જીવનની ત્રણ કહાનીઓ કહીશ.

મારી પહેલી કહાની મારા ભવિષ્યના જોડાણની છે. રીડ કૉલેજમાં પ્રવેશ મેળવ્યાના માત્ર છ મહિનામાં મેં અભ્યાસ ત્યજી દીધો. તો તમને સવાલ થશે કે એવું શું થયું કે મેં અભ્યાસ છોડ્યો ? હકીકતમાં આની કહાની છેક મારા જન્મથી શરૂ થઈ ગઈ હતી.

મારી માતા કુંવારી માતા બની હતી, તે હજુ કૉલેજમાં અભ્યાસ કરી રહી હતી. તેણે મને બીજા કોઈને દત્તક આપવાનું નક્કી કર્યું. પણ તે ઇચ્છતી હતી કે કૉલેજ સ્નાતક હોય તેવી વ્યક્તિ જ મને દત્તક લે. નસીબજોગે એક વકીલ અને તેની પત્ની આ માટે તૈયાર પણ થઈ ગયાં. જોકે છેલ્લી ઘડીએ તેમણે નિર્ણય બદલી દીધો કે તેમણે પુત્રની જગ્યાએ પુત્રી દત્તક લેવી છે. અને અંતે મારી માતાએ રાતોરાત અન્ય એક દંપતીનો સંપર્ક કર્યો. તેઓ તૈયાર તો થઈ ગયાં, પણ મારી માને ખબર પડી કે તેઓ કૉલેજ પાસ નથી. જોકે તેમણે મારી માને વચન આપ્યું કે તેઓ મને કૉલેજ મોકલશે અને મારી મા તૈયાર થઈ ગઈ. બસ, આમ મારી જિંદગીની શરૂઆત થઈ.

...અને હું સત્તર વર્ષનો થયો ને સ્ટેનફોર્ડ જેવી જ મોંઘી કૉલેજમાં જવા લાગ્યો. બિચારાં મારાં માતા-પિતાની બધી જ બચત તેમાં જ ખર્ચાવા માંડી, પણ માત્ર છ મહિનામાં જ મને એ અભ્યાસમાં કોઈ મહત્ત્વ ન લાગ્યું. આગળ શું કરવું તેનો કોઈ વિચાર મને નહોતો આવતો. અને મેં અભ્યાસ છોડવાનો નિર્ણય લઈ લીધો.

એ સમયે તો આ બધું ખૂબ જ ભયાનક લાગતું હતું, પણ હવે જ્યારે પાછું વળીને જોઉં છું, તો લાગે છે કે એ મારા જીવનનો સૌથી ઉત્તમ નિર્ણય હતો.

જેવો મેં અભ્યાસ છોડ્યો કે હવે મારા પર ક્લાસ ભરવાનું દબાણ દૂર થઈ ગયું અને હું નવરો પડ્યો. અને હું મારા રસના ક્લાસ કરવા લાગ્યો. એ સમયે જેમાં પણ મને રસ પડ્યો એ મેં કર્યું. અને એ મારા માટે આજે અમૂલ્ય બનતું ગયું છે. હું તમને એક ઉદાહરણ કહું.

રીડ કૉલેજમાં વિશ્વની શ્રેષ્ઠ કેલિગ્રાફી શીખવાડવામાં આવતી હતી. હું અભ્યાસ તો છોડી ચૂક્યો હતો, એટલે મેં કેલિગ્રાફીના ક્લાસ શરૂ કર્યા. મેં વિવિધ ટાઇપોગ્રાફી તથા અક્ષરોનું કોમ્બિનેશન શીખ્યું. આ બધું બહુ જ સુંદર હતું. જોકે મને ત્યારે કદીય એવો વિશ્વાસ નહોતો કે હું આ બધી વસ્તુઓનો ભવિષ્યમાં

ઉપયોગ કરીશ.

પણ દસ વર્ષ પછી અમે જ્યારે પહેલું macintosh કમ્પ્યૂટરની ડિઝાઇન તૈયાર કરી તો તેમાં કેલિગ્રાફીની પેલા સુંદર ટાઇપોગ્રાફી પણ ઉમેરી અને macintosh વિશ્વનું પ્રથમ સુંદર ટાઇપોગ્રાફીયુક્ત કમ્પ્યૂટર બન્યું. જો મેં કૉલેજ છોડી ન હોત અને કેલિગ્રાફી ન શીખ્યો હોત તો આજે આ શક્ય ન બન્યું હોત અને આગળ જતાં વિન્ડોઝે તેની કોપી કરી. જો આમ ન થયું હોત તો દુનિયાના કોઈ પર્સનલ કમ્પ્યૂટરમાં આ ન હોત.

તમારે વિશ્વાસ કરવો જ પડશે કે અત્યારે જે થઈ રહ્યું છે તે આગળ જતાં ક્યારેક ને ક્યારેક તમારા ભવિષ્યમાં જોડાશે જ. તમારે તમારા નસીબ, શક્તિઓ, આવડત અને કર્મ કશાકમાં તો વિશ્વાસ કરવો જ પડશે.

મારી બીજી કહાની પ્રેમ અને નુકસાનની બાબતની છે. હું જે વસ્તુને પ્રેમ કરતો હતો તે મને બહુ જલદી મળી ગઈ. વૉઝ તથા મેં મારા પિતાની ગૅરેજમાં ઍપલના પાયા નાંખ્યા, ત્યારે હું માંડ ૨૦ વર્ષનો હોઈશ. અમે અઢળક મહેનત કરી અને ઍપલ ૧૦ વર્ષમાં બે લોકોની કંપનીમાંથી બે બિલિયન અને ૪૦૦૦ કર્મચારીઓ ધરાવતી કંપની બની ગઈ. હું ત્રીસનો થયો હતો અને અમે અમારું શ્રેષ્ઠ સર્જન નવું macintosh રીલીઝ કર્યું હતું. પણ વળી, જીવનમાં અણધાર્યો વળાંક આવ્યો. થોડા જ વખતમાં મને મારી જ કંપનીમાંથી કાઢી મૂકવામાં આવ્યો.

કદાચ તમને નવાઈ લાગશે, પણ પોતાની જ કંપનીમાંથી કોઈને કેવી રીતે અને કોણ કાઢી શકે ? પણ આમ થયું હતું. કંપની મોટી બનતી જતી હતી એટલે તેને સારી રીતે ચલાવવા અમે એક હોનહાર માણસને કંપનીમાં રાખ્યો. વર્ષ સુધી તો બધું બરાબર ચાલ્યું, પણ એ પછી બધા રંગ બદલાયા. અમારી વચ્ચે કંપનીના ભવિષ્યને લઈને મતભેદો થવા માંડ્યા અને વાત કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર પાસે પહોંચી ગઈ. વિવાદમાં તે લોકોએ એનો સાથ આપ્યો અને મને કંપનીમાંથી હાંકી કાઢવામાં આવ્યો. મારા સમગ્ર જીવનનું જે ધ્યેય હતું, એ જાણે અચાનક ખતમ થઈ ગયું. હું પૂરી રીતે તૂટી ગયો હતો. મને મહિનાઓ સુધી સમજાયું જ નહિ કે મારે શું કરવું જોઈએ.

મને બધું છોડીને જતા રહેવાની પણ ઇચ્છા થઈ આવી. પણ ધીમે-ધીમે મને અહેસાસ થવા લાગ્યો હતો કે હું જે કામ કરતો હતો, એ હજુ પણ મારા માટે

પેશન છે. ઍપલમાં જે થયું, એનાથી મારી પેશનમાં કોઈ ઊણપ નથી આવી, મને નોકરીમાંથી કાઢી મુકાયો છે, પણ હું હજુય મારા કામને તો એટલો જ પ્રેમ કરું છું. અને મેં ફરી એકવાર શરૂઆત કરવાનું નક્કી કર્યું.

મેં ત્યારે નહોતું વિચાર્યું, પણ હવે થાય છે કે સારું થયું ઍપલે મને કાઢી મૂક્યો. હવે હું સફળ હોવાના બદલે ફરી એકવાર નવોસવો સંઘર્ષક બન્યો અને હું મારા જીવનના સૌથી સર્જનાત્મક તબક્કામાં પહોંચ્યો. અને મેં માત્ર પાંચ વર્ષોમાં NeXT નામની કંપની ઊભી કરી અને એ પછી તો Pixar કંપની પણ બનાવી. આ જ ગાળા હું એક અદ્‌ભુત સ્ત્રીને મળ્યો, જે આગળ જતાં મારી પત્ની પણ બની. Pixarએ દુનિયાની પહેલી કમ્પ્યૂટર એનિમેટેડ ફિલ્મ બનાવી અને આજે તે વિશ્વનો સૌથી મોટો એનિમેટેડ સ્ટુડિયો છે. અને મારા જીવનની સૌથી યાદગાર ઘટના બની કે ઍપલે NeXT ખરીદી લીધી અને હું ફરી ઍપલ સાથે જોડાયો. આજે ઍપલ NeXT દ્વારા તૈયાર થયેલી ટેક્નોલૉજીઓ વાપરે છે અને તે ઍપલનું હૃદય બની ચૂકી છે.

હું મક્કમતાથી કહી શકું છું કે જો મને ઍપલે કાઢી ન મૂક્યો હોત તો હું આ બધું ન કરી શક્યો હોત. એ એક કડવી દવા હતી, જે દર્દી માટે જરૂરી હતી. જીવનમાં ક્યારેક ક્યારેક આવી ઠોકરો વાગે છે, પણ તેનાથી તમારો આત્મવિશ્વાસ ન ગુમાવો. હું વિશ્વાસ સાથે કહું છું કે હું માત્ર એટલા માટે આગળ વધી શક્યો કારણ કે મને કામથી પ્રેમ હતો. મોટું કામ કરવાની એક રીત એ છે કે કામને તમે માણો, અને જો તમને આવું કામ હજુ સુધી મળ્યું ન હોય તો તેને શોધતા રહો.

હવે હું ત્રીજી કહાની કહીશ, જે મૃત્યુની છે. હું જ્યારે ૧૭ વર્ષનો હતો, ત્યારે મેં એક સૂત્ર વાંચ્યું હતું; “જો તમે તમારા જીવનના દરેક દિવસો એ રીતે જીવશો કે એ તમારો જીવનનો અંતિમ દિવસ છે, તો ક્યારેક ને ક્યારેક તમે સાચા ઠરવાના જ છો.” અને આ સૂત્રએ મારા પર અજબ છાપ જમાવી હતી. અને એ દિવસથી પૂરાં ૩૩ વર્ષથી હું રોજ સવારે ઊઠીને દર્પણમાં જોતો અને મારી જાતને પૂછતો, ‘‘શું હું આજે પણ એ જ કરત જે રોજ કરું છું ?” અને જ્યારે કેટલાય દિવસો સુધી આનો જવાબ ‘ના’માં આવ્યો, ત્યારે મને લાગ્યું કે હવે કંઈક બદલવાની જરૂર છે.

હંમેશા યાદ રાખો કે હું નજીકમાં જ મરી જવાનો છું, એ વિચાર જ આપણને જીવનમાં કંઈક મહત્ત્વનું કરવા પ્રેરે છે. જ્યારે પણ આપણે મરવાનું વિચારીએ છીએ ત્યારે બધી બાહ્ય અપેક્ષાઓ, ગર્વ, અને નિષ્ફળતાઓનો ડર બધું જ ચાલ્યું જાય છે અને માત્ર જે મહત્ત્વનું છે તે જ રહે છે. કોઈ વસ્તુઓ ગુમાવવાનો ડર જતો રહે છે, તમે જાણે ફકીર હોય એવું લાગે છે અને આવા સમયે તમારી પાસે એવું કંઈ જ કારણ નથી હોતું કે તમે તમારા દિલનો અવાજ ન સાંભળો !

એકાદ વર્ષ પહેલાં મને કેન્સર થયાનું નિદાન થયું, સવારે ૭ :૩૦ મારું સ્કેન થયું, જેમાં સ્પષ્ટ હતું કે મારા સ્વાદુપિંડમાં ગાંઠ છે. ડૉક્ટરે કહ્યું કે, આ કેન્સરનો ઈલાજ નથી. હવે હું બહુ તો ૩થી ૬ મહિના જીવી શકીશ. ડૉક્ટરે તેમ પણ કહ્યું કે હવે હું ઘરે જઈને મારી બધી વસ્તુઓ વ્યવસ્થિત કરી દઉં, હું એમનો મતલબ સમજી ગયો કે હું મરવા માટે તૈયાર થાઉં. એનો મતલબ એ હતો કે મારા પરિવાર માટે હું બધું વ્યવસ્થિત કરી દઉં, જેથી મારા મૃત્યુ બાદ તેઓને તકલીફ ન પડે. દુનિયામાં કોઈ મરવા નથી માગતું, એ લોકો પણ નહિ જેઓ સ્વર્ગમાં જવા ઇચ્છે છે. છતાં મૃત્યુ એ મંઝિલ છે, જ્યાં બધાએ જવાનું નક્કી છે. એમાંથી કોઈ બચી શકવાનું નથી. અને આમ થવું પણ જોઈએ, કારણ કે મૃત્યુ એ જીવનનો સૌથી ઉત્તમ આવિષ્કાર છે. તે જીવનને બદલે છે, જૂની બાબતોને બદલે નવા રસ્તા ખોલે છે. આજે તમે નવા છો, પણ એક સમય આવશે, જ્યારે તમે પણ જૂના થશો. આ રીતે વધુ પડતું બોલવા બદલ મને માફ કરજો, પણ આ જ હકીકત છે.

માટે જ મિત્રો, કહું છું, સમય ઓછો છે, અને જીવનને બીજા કહે તેમ જીવવામાં ન બગાડો, બીજાના વ્યર્થ વિચારો મુજબ જીવન ન વિતાવો, બીજાના મુજબ ચાલવામાં પોતાની અંદરના અવાજને ન દબાવી દો. હું જ્યારે નાનો હતો ત્યારે 'ધ હૉલ વર્લ્ડ કેટલોગ' નામનું એક પ્રકાશન આવતું હતું, જે અમારી પેઢી માટે બહુ ઉત્તમ ગણાતું હતું. હું જ્યારે તમારા જેટલો હતો, ત્યારે તેનો અંતિમ અંક નીકળ્યો. તેના પાછળના કવર પર વહેલી સવારના ગામડાના રસ્તાને દર્શાવતી એક તસવીર હતી. એ રસ્તો એવો હતો જે તમારા સાહસપણાને ઉજાગર કરે. અને તેની નીચે લખ્યું હતું, 'આતુર રહો, ભમતા રહો'. 'ધ હૉલ વર્લ્ડ

કેટલોગ' પ્રકાશનના અંતિમ અંકનો એ અલવિદા સંદેશ હતો. હું મારા જીવનમાં હંમેશા આ સંદેશને અનુસરતો રહ્યો છું, અને આજે જ્યારે તમે સ્નાતક થઈને બહાર જઈ રહ્યાં છો, હું તમને પણ એ જ કહેવા ઇચ્છું છું, 'આતુર રહો, ભમતા રહો.'

❖



બરાક ઓબામા

અમેરિકાના પ્રથમ અશ્વેત પ્રમુખ

જન્મ : ૪, ઑગસ્ટ, ૧૯૬૧

અમેરિકાના પ્રથમ બ્લેક પ્રમુખ તરીકે ઈતિહાસ સર્જનારા બરાક ઓબામાનાં વક્તવ્યો અનેક નવયુવાનોને પ્રેરણા પૂરી પાડે તેવાં છે. નવેમ્બર ૨૦૦૮માં તેઓ જ્યારે પહેલી વાર પ્રમુખ તરીકે ચૂંટાયા ત્યારે તેમણે આ વિજયી ભાષણ આપ્યું હતું.

પ્રથમ વિજયી ભાષણ

'અમેરિકા એક એવો દેશ છે, જ્યાં બધી વાતો શક્ય છે', એવી માન્યતા વિશે કોઈને શંકા હોય, કે પછી આપણા પૂર્વજોનાં સપનાંઓ હજુ જીવંત છે ? તેવો પ્રશ્ન હોંય અથવા આપણી લોકશાહીની ક્ષમતા વિશે કોઈને વિશ્વાસ ન હોય તો આજની રાત્રિ એ બધા સવાલોનો જવાબ આપવાની રાત છે.

તમે શાળા અને ચર્ચની બહાર ફેલાયેલી જે લાંબી કતારો જોઈ તે શું કહેતી હતી ? આવી અંતઃસ્ફુરણા આ દેશે પહેલાં ક્યારેય જોઈ નહોતી. લોકો કલાકો સુધી કતારમાં ઊભા રહ્યા હતા. એમાંના ઘણા લોકો તો કદાચ પહેલી વખત જ

આમ રસ્તાઓ પર આવ્યા હતા. તેમને એ વિશ્વાસ હતો કે તેમનો આ અવાજ કંઈક અલગ બની રહેવાનો હતો. લોકોના આ આંતરિક અવાજે જ આ બધા સવાલોનો જવાબ આપ્યો છે.

કેટલાક લોકોનો એવો ખતરનાક અભિગમ પણ હતો કે 'આવા એક પ્રયત્નથી શું ફરક પડવાનો હતો ?' પરંતુ જે આશાવાદી હતા તેઓ આ ઝુંબેશમાં સાથે સૂત્રો લઈને જોડાયા હતા અને તેઓ જ ઈતિહાસને ભવિષ્ય તરફ દોરી ગયા અને તેમણે જ પ્રકાશનો નવો રસ્તો બતાવ્યો.

મારી જીત માટે જેમણે મારા માટે કર્યું છે તે સૌને હું ભૂલી શકું તેમ નથી. જે ત્યાગ તમે મારા માટે કર્યો છે, તે માટે હું સદાય તમારો આભારી રહીશ. પણ તમે લોકો જેના કારણે ખરેખર આ વિજય શક્ય બન્યો એવા તમને હું કદીય નહિ ભૂલી શકું. મિત્રો, આ જીત તમારી છે અને તેના પર એકમાત્ર તમારો જ અધિકાર છે.

આ પદ માટે હું કંઈ આશાસ્પદ ઉમેદવાર ન હતો. અમે કંઈ ધનના ઢગલાથી શરૂઆત નહોતી કરી. અમારી શરૂઆત પણ કંઈ વૉશિંગ્ટનનાં સભાગૃહોમાંથી નથી થઈ, પણ કામદારોની પછાત વસ્તીમાં અમારી શરૂઆત થયેલી. એ કામદારોએ આ કાર્ય માટે આપેલી ૫, ૧૦, ૨૦ ડૉલર્સની સહાયે મને આગળ વધવાની શક્તિ આપી. અને જેમની ઉદાસીનતાની આપણે સૌ નિંદા કરીએ છીએ. એ યુવાનોએ પણ આમાં આગળ આવીને સહાય કરી, અમેરિકી પ્રજા આગળ આવી. આ સૌએ એ સાબિત કરી આપ્યું કે આ ધરતી પર લોકો માટે અને લોકો દ્વારા તૈયાર થયેલી સરકાર છે. માટે જ આ વિજય એ મારો નહિ, પણ તમારો છે.

મને એ પણ ખબર છે કે માત્ર ચૂંટણી જીતાડવા તમે આ નથી કર્યું, ન તો તમે આ મારા માટે કર્યું છે. તમે તો આમ કર્યું કારણ કે તમે અનુભવી ચૂક્યા છો કે તમારી સામે મોટા પડકારો છે. આજે આપણી સામે જીવનના અસંખ્ય મોટા પડકારો છે. આજે આપણે વિજય મનાવી રહ્યાં છીએ ત્યારે આપણને આપણી સામેનાં બે યુદ્ધો, વિશ્વવ્યાપી આર્થિક મંદી, જેવા પડકારોની પણ ચિંતા છે. ઇરાકના રણ તથા અફઘાનિસ્તાનના પહાડોમાં આપણા સૈનિકો તેમના જીવ જોખમમાં મૂકી રહ્યા છે. અહીં એવાં કેટલાંય મા-બાપ હશે જેઓ તેમના ઊંઘતા બાળકોના ઓશીકા પાસે બેસીને તેમના ભવિષ્યની ચિંતા કરતાં હશે. માટે જ હવે સમય આવી ગયો છે કે આપણે નવી ઊર્જા મેળવીએ અને રોજગારીની નવી

ઉપલબ્ધ કરીએ.

જોકે આપણી સામેના આ પડકારોનો માર્ગ સરળ નથી, ચઢાણ કપરાં છે. વળી, આ બધું કંઈ મારી એક ટર્મમાં થઈ જશે એવું પણ નથી. છતાં હું પહેલાં ક્યારેય ન હતો એટલો આશાવાદી છું, અને પડકારોને પહોંચી વળવાની હું ખાતરી પણ આપું છું. એવું પણ બને કે શરૂઆતમાં નિષ્ફળતા પણ મળે. વળી, આપ સૌ જેમ જાણો છો તેમ કંઈ સરકાર બધા જ ઉકેલો આપી નથી શકતી. આ તમામ છતાં મારે તમને એ કહેવું જોઈએ કે હું તમારી તરફ પ્રમાણિક રહીશ અને તમને જવાબદાર રહીશ. તમે જ્યારે મારા નિર્ણયથી અસહમત થશો, તો હું તમારી વાત પણ સાંભળીશ.

૨૨૧ વર્ષ પહેલાં આપણે જેમ અમેરિકાની રચના કરી હતી, તેવી રીતે ફરી રાષ્ટ્રનિર્માણ કરવું છે અને હું તમને આવાહન કરું છું કે તમે આ નિર્માણ પ્રક્રિયામાં જોડાઓ. આપણે આ વિજયની રાત્રે કંઈ માત્ર ઉજવણી કરીને આપણી લડતનો અંત નથી કરી દેવાનો. આ વિજય એ પરિવર્તન પણ નથી, આ તો પરિવર્તનની એક તક માત્ર છે. આ બધું તમારા સહયોગ વિના શક્ય નહિ બને. આપણે આપણા સિવાય પણ અન્ય વિશે વિચારતા થઈશું અને અવિરત પ્રયત્નશીલ રહીશું તો રાષ્ટ્રભક્તિની એક નવી અલખ આપણે જગાવી શકીશું. આ મંદીએ આપણને શીખવ્યું છે કે જો મૅન સ્ટ્રીટમાં ચળકાટ નહિ હોય તો વૉલ સ્ટ્રીટમાં પણ ચળકાટ નહિ હોય.

❖

વક્તવ્યની કળા

જીવનમાં ઘણી વખત એવું બને છે કે કોઈનું અદ્ભુત ભાષણ સાંભળ્યા પછી આપણને પણ થાય છે કે કાશ, આપણે પણ તેમની જેમ બોલી શકીએ તો કેવું સારું ! આવો વિચાર આવવો સ્વાભાવિક છે. જો થોડી મહેનત કરો તો તમે પણ તેમ કરી જ શકો છો. થોડી ચીવટ અને ઉત્સાહ હોય તો આપણે પણ એક અચ્છા વક્તા બની શકીએ છીએ.

મૂળે વક્તવ્ય એ એક કળા છે, જે મોટેભાગે જન્મજાત હોય છે. આમ છતાં સતત મહાવરા દ્વારા પણ તેમાં નિપુણતા કેળવી શકાય છે. ઘણા લોકોમાં આ કળા જન્મજાત હોય છે, તો ઘણા લોકો તેને નિયમિત પ્રેક્ટિસ દ્વારા આત્મસાત્ કરે છે. જેમકે ગાંધીજી. કહેવાય છે કે વિદ્યાર્થીકાળ દરમિયાન ગાંધીજી એટલા શરમાળ હતા કે તે બહુ બોલતા પણ નહોતા, વકીલ બન્યા બાદ પણ તેઓ કોર્ટમાં આત્મવિશ્વાસપૂર્વક દલીલબાજી કરી શકતા નહોતા. પરંતુ પછીથી તેઓ લોકોને મળતા ગયા તેમ તેમનામાં આત્મવિશ્વાસ કેળવાતો ગયો અને પાછળથી તો તેમણે અનેક અત્યંત યાદગાર પ્રવચનો આપ્યાં છે.

આપણે જોયું છે કે વિદ્યાર્થી અવસ્થામાં શાળા-કૉલેજોમાં યોજાતી વક્તૃત્વ સ્પર્ધામાં અમુક વિદ્યાર્થીઓ હંમેશા અવલ્લ આવતા હોય છે, જ્યારે અમુક તો આવી સ્પર્ધાના નામ માત્રથી જ ડરી જતા હોય છે. આનું કારણ જાહેરમાં બોલવા બાબતનો નકારાત્મક ડર હોય છે. અરે, આજે પણ જીવનમાં ઘણીવાર એવી પરિસ્થિતિ આવી પડે છે કે, જ્યારે તમારે અચાનક વક્તવ્ય આપવું પડે. આવા સમયે જો તમે પહેલી જ વાર વક્તવ્ય આપતા હશો, ત્યારે વારંવાર તૈયારી કરી હોવા છતાં નર્વસ થઈ જવાય છે. આનું કારણ પણ 'લોકો સામે હું નહિ બોલી શકું તો ?' એવો કાલ્પનિક ડર જ હોય છે. અલબત્ત આજના સમયે આપણા ડરને દૂર કરતી અને સારા વક્તા બનવાની તાલીમ આપતી અનેક સંસ્થાઓ ચાલે છે.

ટેલિવિઝન-અખબારોમાં આવી સંસ્થાઓ વિશેની માહિતી આપતી અઢળક જાહેરાતો આવે છે. આજનો સમય એવો છે કે ખરેખર બોલે એનાં જ બોર વેચાય. મલ્ટીનેશનલ અને કોર્પોરેટ કંપનીઓ પોતાના કર્મચારીઓ પાસે એવી પણ અપેક્ષા રાખે છે કે તેઓ પ્રેઝન્ટેશન સ્કીલ, વાક્પટુતા અને પ્રત્યાયનનું કૌશલ્ય ધરાવતા હોય. આ કારણે મેટ્રો તથા નાનાં શહેરોમાં પણ વક્તવ્યકલા શીખવતી અનેક સંસ્થાઓ તમને મળી જશે. આજે હજારો યુવક-યુવતીઓ પોતાના ઉજ્જ્વળ ભવિષ્ય માટે આવી સંસ્થાઓ સાથે જોડાઈ રહ્યાં છે.

લેખક, વ્યાખ્યાતા અને દુનિયાભરમાં સેલ્ફ ઈમ્પ્રુવમેન્ટના માંધાતા તરીકે ઓળખાતા ડેલ કાર્નેગીએ વક્તા બનવા માટેની ટેક્નિક અને પદ્ધતિને રજૂ કરતાં અનેક પુસ્તકો લખ્યાં છે. વર્ષ ૧૯૪૦માં અમેરિકામાં તેમના ડેલ કાર્નેગી ઓર્ગેનાઈઝેશને સૌ પ્રથમ આવો અભ્યાસક્રમ શરૂ કર્યો હતો. આ અભ્યાસક્રમ એટલો સફળ અને લોકપ્રિય થયો હતો કે હવે આ સંસ્થાની શાખાઓ આજે માત્ર અમેરિકામાં નહીં બલ્કે વિશ્વભરમાં પથરાઈ ચૂકી છે અને ભારત પણ તેમાંથી બાકાત નથી.

હા, એ વાસ્તવિકતા છે કે વક્તૃત્વ એક કળા હોવા છતાં તેને ચોક્કસ મહાવરા દ્વારા શીખી શકાય છે. ચર્ચિલ, કેનેડી અને બર્નાર્ડ શૉ જેવી જાણીતી હસ્તીઓ સ્વીકારી ચૂકી હતી કે, તેમણે વક્તૃત્વકળામાં પ્રભાવક બનવા માટે ખૂબ અભ્યાસ કર્યો હતો.

પુસ્તકમાં આગળ જે વક્તવ્યો આલેખ્યાં છે, તેને આપનારા મહાન વક્તાઓમાંથી બધા જ કંઈ જન્મજાત વક્તા નહોતા. સમય, પરિસ્થિતિ અને મહાવરાએ તેમને મહાન વક્તા તરીકે ઉપસાવ્યા છે. પુસ્તકના આ અંતિમ વિભાગમાં વક્તવ્ય કલાની કેટલીક પ્રાથમિક સમજણ, તેનાં લક્ષણો, પ્રકારો તથા વક્તવ્ય શીખવા જરૂરી કેટલાંક પાયાનાં અને મહત્ત્વનાં સૂચનો આપ્યાં છે.

૧. વક્તવ્યની લાક્ષણિકતા તથા તેના પ્રકારો :

સામાન્ય રીતે કોઈપણ વક્તવ્યની સફળતા માટે ચાર બાબતો પર આધાર રાખે છે; (૧) વક્તા અને તેનું વ્યક્તિત્વ (૨) વક્તવ્યનો વિષય (૩) શ્રોતાઓ અને (૪) પ્રસંગ કે ઘટના. સફળ વક્તા બનવાનાં કૌશલ્યો શીખવતાં પુસ્તકો અને સંસ્થાઓ આને વક્તવ્યના લક્ષણ તરીકે પણ ગણાવે છે.

વક્તા અને તેનું વ્યક્તિત્વ : જો વક્તવ્યકાર પ્રભાવી તથા જાણીતો હશે, તો તે ચોક્કસપણે શ્રોતાઓ પર પ્રભાવ પાડી શકશે. લોકોને અજાણ્યા કરતાં જાણીતા વક્તાઓનાં ભાષણ સાંભળવામાં વધુ રસ પડે છે. આપણે જોયું હશે કે કોઈ પ્રસંગની આમંત્રણપત્રિકામાં કોઈ ચોક્કસ વક્તાના નામોલ્લેખ માત્રથી લોકો તેને સાંભળવા ઊમટી પડે છે. એટલું જ નહિ, જાણીતા વક્તાનાં સલાહ-સૂચનો કે હકીકતો સાથે શ્રોતાઓ સરળતાથી સહમત પણ થઈ જાય છે. ઇન્દિરા ગાંધીને સાંભળવા માટે લોકોનાં ટોળે-ટોળાં ઉમટતાં હતાં. એવો જ પ્રભાવ આઝાદી અગાઉના નેતાઓનો પણ હતો. લોકોને પ્રતિષ્ઠિત તથા જાણીતા વક્તામાં વધુ વિશ્વાસ બેસે છે.

વક્તવ્યનો વિષય : વક્તા વક્તવ્ય માટે કયો વિષય પસંદ કરે છે તે પણ ઘણી અગત્યની બાબત બની રહે છે. જો વિષય રસપ્રદ હશે તો ચોક્કસપણે શ્રોતાઓને તેમાં રસ પડવાનો જ. અહીં વક્તાએ એ પણ ધ્યાન રાખવું જોઈએ કે કયા પ્રસંગમાં તથા કયા શ્રોતાઓ સામે તેણે વક્તવ્ય આપવાનું છે. સફળ વક્તા હંમેશા એવા જ વિષય પર વક્તવ્ય આપે છે જેની સાથે શ્રોતાઓ પોતાને જોડી શકે.

શ્રોતાઓ : વક્તાને શ્રોતાઓની નાડ પારખતાં આવડવી અનિવાર્ય છે. વળી, શ્રોતાની ઉંમર, શિક્ષણ તથા સામાજિક સ્તરને જો વક્તા પારખી લે તો તે સરળતાથી પોતાની જાતને શ્રોતાઓ સામે રજૂ કરી શકે છે અને સામા પક્ષે શ્રોતાઓ પણ વક્તા સાથે સહજતા કેળવી શકે છે.

પ્રસંગ કે ઘટના : સફળ વક્તા હંમેશા પ્રસંગનું મહત્ત્વ, તેનો હેતુ અને તેનું વાતાવરણ જાણીને તે મુજબ ભાષણ કરે છે. સન્માન સમારોહ, પુસ્તક વિમોચન, શૈક્ષણિક સેમિનારો, વિજ્ઞાન-સાહિત્યના પરિસંવાદો વગેરે વિવિધ પ્રસંગોની જરૂરિયાત તથા મહત્ત્વને ધ્યાનમાં રાખીને વક્તાએ તે મુજબ ભાષણ તૈયાર કરવાનું રહે છે.

૧.૧ વક્તવ્યના પ્રકારને સમજો...

વક્તવ્ય વિશે વ્યાપક સ્તરે સમજવા માટે તેના પ્રકાર પણ જાણવા જરૂરી છે. મૂળે વક્તવ્ય ત્રણ વિભાગમાં વિભાજિત કરી શકાય છે; માહિતીપ્રદ વક્તવ્ય,

પ્રાસંગિક વક્તવ્ય તથા મનોરંજક વક્તવ્ય. આ ત્રણ વિભાગને આધારે તથા વિવિધ પ્રસંગોને ધ્યાનમાં રાખીને વક્તવ્યના કેટલાક પેટા પ્રકાર નક્કી કરવામાં આવ્યા છે, જેમાંથી કેટલાક સામાન્ય પેટા પ્રકાર નીચે મુજબ છે :

૧) રાજકીય વક્તવ્ય : રાજકીય હેતુથી અપાયેલા અને સંસદ-વિધાનસભા કે રાજકીય સભાઓમાં અપાતાં વક્તવ્યો રાજકીય વક્તવ્યોનો પ્રકાર છે. ભારતમાં છેક આઝાદી અગાઉથી અનેક મહાન રાજકીય વક્તાઓ થઈ ગયા છે. આ પુસ્તકમાં સમાવાયેલા ટિળક, મહાત્મા ગાંધી, સરદાર અને નેહરુ જેવા અનેક ઉત્તમ વક્તાઓએ આઝાદી પૂર્વે અભૂતપૂર્વ ભાષણો આપ્યાં છે. સ્વતંત્ર ભારતમાં પણ જયપ્રકાશ નારાયણ, લાલબહાદુર શાસ્ત્રી, ઇન્દિરા ગાંધી, અટલ બિહારી વાજપેયી જેવા રાજકારણીઓ સંમોહક વક્તા તરીકે જાણીતા બનેલાં.

વિદેશમાં પણ વિન્સ્ટન ચર્ચિલ, કેનેડીથી માંડી આજે અમેરિકાના પ્રથમ બ્લેક પ્રમુખ બરાક ઓબામાનાં ભાષણ પણ અત્યંત પ્રભાવિત છે.

૨) ધાર્મિક વક્તવ્ય : પ્રાચીન રોમમાં પાદરીઓ દ્વારા દેવળોમાં અપાતાં વક્તવ્યોએ આ પ્રવાહ શરૂ કર્યો હતો. જોકે આપણે ત્યાં મંદિર, મસ્જિદ તથા ગુરુદ્વારામાં પણ આ પ્રકારનાં ધાર્મિક વક્તવ્યો આપવામાં આવે છે. આવાં વક્તવ્યો અગાઉ માત્ર જે-તે ધર્મ કે સંપ્રદાયોના વડા દ્વારા જ કરવામાં આવતાં હતાં, પરંતુ હવેના સમયમાં તો રાજકારણીઓથી માંડીને ટીવી ચેનલો પર આવતા ગુરુઓ પણ આવાં વક્તવ્યો આપે છે. હવે ધાર્મિક વક્તવ્યો માત્ર ધર્મસ્થાન પૂરતાં મર્યાદિત નથી રહ્યાં. જે-તે ધર્મગુરુઓ અને સંપ્રદાયો હવે તો પોતાની જ ચેનલો થકી ધાર્મિક વક્તવ્યો આપે છે. કેટલાક રાજકારણીઓ તથા ચોક્કસ સંસ્થાઓના નેતાઓ પણ ઘણી વખત ધાર્મિક વક્તવ્યો થકી ઉશ્કેરણી જગાવે છે.

૩) સાહિત્યિક વક્તવ્ય : સાહિત્યિક પરિષદો, પુસ્તક-વિમોચન, સંમેલનો અથવા કોઈ સાહિત્યકારના અભિવાદન-સન્માન સમારોહમાં અપાતાં પ્રવચનો અને વક્તવ્યોને આ શ્રેણીમાં મૂકી શકાય છે. ભારતમાં સાહિત્યિક વક્તા તરીકે રવીન્દ્રનાથ ટાગોર, હરિવંશરાય બચ્ચન, અશોક વાજપેયી અને પ્રભાષ જોશી જેવાં ગણ્યાંગાંઠ્યાં નામો જ યાદ આવે છે. જ્યારે વિદેશમાં તો જ્યોર્જ બર્નાર્ડ શૉ, ઓસ્કાર વાઈલ્ડ જેવા સાહિત્યકારને તો તેમના વાક્ચાતુર્યના કારણે આજે પણ યાદ કરવામાં આવે છે.

૪) કાયદાકીય અને બંધારણીય વક્તવ્ય : અદાલતમાં આપવામાં આવતાં વક્તવ્યોનો સમાવેશ આ વર્ગમાં થાય છે. આ પ્રકારનાં વક્તવ્યો કંઈ માત્ર આક્રમક કે જોશીલા ભાષણો જેવાં નથી હોતાં, પણ તે સૈદ્ધાંતિક અને ચોક્કસ પુરાવા આધારિત હોય છે. ગાંધીજી પર યંગ ઈન્ડિયામાં બ્રિટિશ શાસનની વિરુદ્ધમાં લેખો લખવા બાબતે ચાલેલા મુકદમા દરમિયાન તેમણે આપેલું ભાષણ કાયદાકીય ભાષણનું સ્વરૂપ છે. આ પ્રકારનાં વક્તવ્ય ન્યાયાલયમાં આરોપીને દોષમુક્ત ઠેરવવા અથવા તેને બચાવવા માટે આપવામાં આવે છે. સ્વતંત્રતા પૂર્વેના નેતાઓ જે અચ્છા વક્તા પણ ગણાતા હતા એ દેશબંધુ ચિત્તરંજન દાસ, મોતીલાલ નેહરુ, ગાંધીજી, સરદાર પટેલ, ભૂલાભાઈ દેસાઈ, મોહમ્મદ અલી ઝીણા તેમના શરૂઆતના જીવનમાં વકીલ તરીકે જ કાર્યરત હતા. સ્વતંત્રતા બાદ એમ.સી.સેતલવાડ, નાની પાલખીવાળા, ફલી નરીમાન પણ અદાલતમાં તેમના ભાષણ દ્વારા આદર પામ્યા હતા.

વળી, કોઈ સંસ્થાના બજેટ, તેના બંધારણ અંગેની મીટિંગોમાં અપાતાં વક્તવ્યોનો પણ આ પ્રકારમાં સમાવેશ થાય છે.

૫) વ્યવસાયિક વક્તવ્ય : આજના કોર્પોરેટ કલ્ચરમાં વ્યાવસાયિક વક્તવ્યોનું મહત્ત્વ ખૂબ વધ્યું છે. વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓ, બૅન્કો, વિશાળ ઉદ્યોગ એકમો આજે તેમના કર્મચારીઓ સાથે યોજાતા વ્યાવસાયિક સંમેલનો અને વિવિધ પરિસંવાદોમાં પ્રોફેશનલ વક્તાઓને બોલાવીને કાર્યક્રમો યોજે છે. તો કેટલાંક સફળ બિઝનેસ ટાયકૂન્સ જાતે પણ તેમના કર્મચારીઓને વખતોવખત પ્રોત્સાહક વક્તવ્યો આપતા રહે છે. ધીરુભાઈ અંબાણી, નારાયણ ક્રિષ્નામૂર્તિ, નંદન નીલકાણી, સ્ટીવ જોબ્સ, બિલ ગેટ્સ, વૉરેન બફેટ જેવા અનેક બિઝનેસ ટાયકૂન્સ સારા વક્તા તરીકે પણ સફળ ગણાયા છે.

૬) શૈક્ષણિક વક્તવ્ય : શૈક્ષણિક સંસ્થાઓ, શૈક્ષણિક મેળાવડા, પદવી સમારોહ, શૈક્ષણિક સંમેલનો-પરિસંવાદો, સેમિનારોમાં આપવામાં આવતાં વક્તવ્યો શૈક્ષણિક વક્તવ્યો તરીકે ઓળખાય છે. આ પ્રકારના વક્તવ્ય સામાન્ય રીતે શૈક્ષણિક સંસ્થાના સભ્ય, વિજ્ઞાની, વિદ્વાન અને શિક્ષણશાસ્ત્રી આપે છે. ભારતમાં ડૉ. રાધાક્રિશ્નન સર્વપલ્લી, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, સર સી.વી રમન, ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. એપીજે અબ્દુલ કલામ તથા સામ પિત્રોડા શિક્ષણક્ષેત્રના

જાણીતા વક્તા તરીકેનાં નામ ગણાય છે.

૭) **જાહેર વક્તવ્ય :** કોઈ જાહેર પ્રસંગ, ઘટનાને ધ્યાનમાં રાખીને અપાયેલાં વક્તવ્યોનો સમાવેશ આ પ્રકારમાં થાય છે. અહીં વક્તાની પસંદગી મોટેભાગે તેના પદ, પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જેમકે રાષ્ટ્રીય તહેવારો, વિવિધ વિશિષ્ટ દિવસો (બાળમજૂરી વિરોધી, સાક્ષરતા દિવસ વગેરે.), કે પછી કોઈ ચર્ચાઓ નિમિત્તે આપવામાં આવતાં વક્તવ્યો. જાહેર સેવાના અધિકારીઓ, ચિંતકો તથા કર્મશીલો આ પ્રકારનાં વક્તવ્યો આપતા હોય છે, જેમકે મહિલા દિન નિમિત્તે યોજાતા કાર્યક્રમોમાં સંબંધિત નિષ્ણાત વક્તા મહિલાઓની સ્થિતિ વિશે ભાષણ આપે છે.

ઉપરાંત સામાજિક મુદ્દાને સ્પર્શતાં વક્તવ્યો (દહેજપ્રથા વિરોધી, બેટી બચાવો જેવી ચળવળ દરમિયાન અપાતાં પ્રવચનો), આર્થિક વક્તવ્યો (બજેટ, આર્થિક નીતિઓ વગેરે), પ્રેરણાદાયી વક્તવ્યો (યુદ્ધ કે કટોકટી દરમિયાન અપાતાં વક્તવ્યો)ના પ્રકાર પણ જોઈ શકાય છે.

૨. જાહેર વક્તવ્યની પદ્ધતિ :

જાહેરમાં વક્તવ્ય આપવાની અનેક રીત છે. જન્મજાત વક્તાએ વક્તવ્ય પૂર્વે ખાસ તૈયારી કરવી પડતી નથી. અરે કેટલાક તો વક્તવ્ય આપવામાં એટલા પ્રવીણ હોય છે કે કોઈપણ જાતની તૈયારી વિના તત્કાલ બોલી શકે છે. જ્યારે ઘણા લોકો કાં તો વાંચીને બોલે છે, અથવા તૈયાર કરેલું વક્તવ્ય અગાઉથી જ તેઓ ગોખીને રાખે છે. તમારી મર્યાદા તથા પ્રસંગની અનુરૂપતા જાણીને તમારે પણ વક્તવ્યની પદ્ધતિ નક્કી કરી લેવી જોઈએ.

પૂર્વતૈયારી વિનાનું વક્તવ્ય : ઘણીવાર એવું બને છે કે કોઈ પ્રસંગમાં ગયા હોઈએ ત્યારે નક્કી ન હોવા છતાં અનઅપેક્ષિત રીતે જ તમારે ભાષણ કરવું પડે તેવી પરિસ્થિતિ ઊભી થાય છે. અનુભવી વક્તાને આ પ્રકારે ભાષણ આપવામાં વાંધો નથી આવતો, પરંતુ જેઓ અનુભવી વક્તા નથી તેઓ આ આવી પડેલી પરિસ્થિતિથી ગભરાઈ જાય છે. પરંતુ હંમેશા એ યાદ રાખવું જોઈએ કે આવા સમયે ગભરાઈ જવાના બદલે મન અને દિમાગને થોડું હળવું રાખીને વક્તવ્ય દરમિયાન મહત્ત્વના લાગે તેવા એક કે બે જ મુદ્દા પર જ બોલવું જોઈએ.

હસ્તલિપિમાંથી વાંચવું : આવું વક્તવ્ય મોટેભાગે કોઈ પરિસંવાદ, લેક્ચર, કોઈની અભિવાદન પાર્ટી, સન્માન સમારોહ કે પછી ઔપચારિક મીટિંગમાં આપવામાં આવે છે. અહીં વક્તા અગાઉથી તેણે લખીને તૈયાર કરેલું વક્તવ્ય વાંચી પણ શકે છે, કારણ કે આ વક્તવ્ય મોટાભાગે લાંબુ, ટેક્નિકલ તથા સૈદ્ધાંતિક હોય છે.

હસ્તલિપિને અગાઉથી વાંચીને તૈયાર કરવી : મોટાભાગના વક્તાઓ આ રીતે વક્તવ્ય આપવાનું પસંદ કરે છે. તેઓ અગાઉથી જ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય લખીને તૈયાર કરે છે અને સતત મહાવરા દ્વારા તેને આત્મસાત્ કરી લે છે.

અહીં વક્તાની યાદશક્તિની બરોબર કસોટી થાય છે. વક્તાએ વક્તવ્યને બરાબર યાદ રાખવું જોઈએ અને તેની રજૂઆત યોગ્ય રીતે કરવી જોઈએ, નહિ તો ઉતાવળે ગોખાયેલું કે યાદ રખાયેલું વક્તૃત્વય ઘણીવાર યોગ્ય સમયે યાદ આવતું નથી. જો વક્તા અધવચ્ચે વક્તૃત્વ ભૂલી જાય તો તે ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ જાય છે.

સ્વંયસ્ફુરિત વક્તવ્ય : નીવડેલા વક્તાઓ આ પ્રકારે ભાષણ આપતા હોય છે. ભૂતકાળમાં કરેલા સતત મહાવરા અને જન્મજાત કલાને કારણે તેઓ સરળતાથી ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી શકે તેવું ભાષણ આપી શકે છે. પોતાની આવડતને આધારે તેઓ ઉપસ્થિત શ્રોતાઓ તથા પ્રસંગને પારખીને મનોમન જ ભાષણ તૈયાર કરી લે છે અને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે તેઓ તે રજૂ પણ કરી શકે છે. જેમકે કથાકાર, ધાર્મિક ગુરુ કે રાજકીય નેતા. તેઓને વક્તવ્ય માટે ખાસ તૈયારી કરવી નથી પડતી.

૩. વક્તૃત્વ શીખવા માટે કેટલીક મહત્ત્વની ટીપ્સ :

૧) તમારા વક્તવ્યનો મુખ્ય ઉદ્દેશ્ય સમજો : કોઈપણ પ્રસંગમાં તમે વક્તા તરીકે જાવ ત્યારે સૌથી પહેલાં પ્રસંગ અને તમારા વક્તવ્યનો હેતુ તમારે જાણી લેવો જરૂરી છે. અને જો તમે પ્રસંગ તથા વક્તવ્યનો હેતુ અગાઉથી જ જાણી લીધો હશે તો તમે એ મુજબનું વક્તવ્ય તૈયાર કરી શકશો અને તેના સંદર્ભો પણ શોધી શકશો. ભાષણનો હેતુ લોકોને સંદેશ આપવાનો છે, પ્રેરણા આપવાનો છે, કે કોઈ ઉત્પાદનોના વેચાણ-પ્રોત્સાહન માટેનો છે... વગેરે બાબતો અગાઉથી જાણેલી હશે, તો શ્રોતા સાથે તમે તમારી વાત વહેંચવામાં સરળતા અનુભવી શકશો.

૨) શ્રોતાઓ તથા તેમની જરૂરિયાતને ઓળખો : વક્તા માટે સૌથી મહત્ત્વની બાબત પોતાના શ્રોતાને તથા તેમની જરૂરિયાતને ઓળખવાં તે છે. આ માટે વક્તૃત્વ-પ્રસંગના આયોજકો તમારી મદદ કરી શકે છે. કેવા પ્રકારના લોકો ઉપસ્થિત રહેવાના છે તે તમારે તેમની પાસેથી અગાઉથી જાણી લેવું જોઈએ. શ્રોતાઓ શિક્ષિત છે કે અશિક્ષિત, શ્રીમંત છે કે ગરીબ, યુવાન છે કે વૃદ્ધ, તેમના રસનો વિષય કયો છે, તેઓ શું સાંભળવા માંગે છે, વગેરે બાબતો વક્તા જાણતો હોવો જોઈએ. ઉપરાંત શક્ય હોય તો એ પણ જાણી લેવું જોઈએ કે શ્રોતાઓને વક્તવ્યની શૈલી કેવા પ્રકારની ગમે છે, જેથી તમે તેમને તેમની જ રીત મુજબ તમારી વાત સમજાવી શકો છો.

૩) વક્તવ્યનું આલેખન : આ મુદ્દો સૌથી મહત્ત્વનો છે. ઉપરના બંને મુદ્દાઓ ઉપર કામ થઈ જાય અને જરૂરી માહિતી મળી જાય પછી પ્રસંગને અનુરૂપ ભાષણ તૈયાર કરવું જોઈએ. યાદ રહે ભાષણ જેટલું નાનું અને સરળ હશે, એટલું યાદ રાખવામાં તથા તેની રજૂઆત કરવામાં સરળતા રહેશે. બને ત્યાં સુધી વ્યાપક - વિસ્તૃત વિષય ટાળવો જોઈએ અને જો તેમ ન થઈ શકે એમ હોય તો વ્યાપક વિષય હોય તો પણ તેમાંથી એક મુદ્દો પસંદ કરીને તેની આસપાસ આખું ભાષણ તૈયાર કરવું જોઈએ અને બાકીનાનો અછડતો ઉલ્લેખ કરી લેવો.

ભાષણ તૈયાર કરતી વખતે હંમેશા યાદ રાખવું કે મૂળ વિષયથી આપણે ફંટાવા ન જોઈએ તથા જે પણ માહિતી અને લખાણ તૈયાર થાય તે વર્તમાન સંદર્ભે જોડાણ સાધતું હોવું જોઈએ. લોકોમાં છવાઈ જવાના ઈરાદેથી ઘણીવાર કેટલાક વક્તાઓ સંસ્કૃત પદો, વિવિધ દેશોની ફલાણી-ઢીંકણી કહેવતો કે વાર્તાઓ ઉમેરતા હોય છે, પણ તેનાથી ઘણીવાર એવું બને છે કે શ્રોતાઓ તમારી વિદ્વત્તાથી તો પરિચિત થાય છે, પણ તેઓ તેમની જાતને તમારી સાથે જોડી શકતા નથી. પરિણામે તેઓને ભાષણ નિરસ લાગે છે.

૪) સમગ્ર વિચાર-ભાષણની ટૂંકી નોંધ કરો : એકવાર તમારું ભાષણ તૈયાર થઈ જાય એ પછી તેમાંના મહત્ત્વના મુદ્દાઓ અલગ તારવી એની નોંધ કરો. સાથે-સાથે એ મુદ્દા અંગે પણ તમે ઉમેરવાના હોય એવા ટુચકા, કહેવતો અને ઉદાહરણો પણ નોંધતા જાવ, અને સમય મળે ત્યારે તેને વાંચી પણ લેવા. સાથે વક્તવ્યની શરૂઆત કેવી રીતે કરશો, તેનો મધ્યભાગ કેવી રીતે રસપ્રદ

બનાવશો, ક્યાં હાસ્ય ઉમેરશો, કઈ જગ્યાએ તમારા ભૂતકાળનું કોઈ ઉદાહરણ ટાંકશો, ક્યાં કવિતા-ગઝલની પંક્તિ બોલવી, વગેરે નાના પણ અત્યંત મહત્ત્વના મુદ્દાઓ આ ટૂંકી નોંધમાં તૈયાર કરવા જોઈએ.

૫) વક્તવ્યની રજૂઆત શૈલી : હંમેશા યાદ રાખો કે દરેક વક્તાની પોતાની એક આગવી રજૂઆત શૈલી હોય છે. માટે તમે તમારા માટે પણ આવી જ એક શૈલી વિકસાવો. જોકે આપણે ઘણીવાર અમુક વક્તાઓની શૈલીથી પ્રભાવિત થઈને તે મુજબ ઢળવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ અહીં એ યાદ રાખવું જોઈએ કે તેમ કરવાથી આપણે આપણી પોતાની વક્તૃત્વ શૈલી વિકસાવી શકીશું નહિ અને આપણી મર્યાદા જાણ્યા વિના બીજાને અનુસરવા જતાં ક્યારેક વધુ મુશ્કેલી ઊભી થઈ જશે.

૬) નિષ્ણાતની સલાહ : એકવાર વક્તવ્ય તૈયાર થઈ જાય, રજૂઆત શૈલી નક્કી થઈ જાય એ પછી શક્ય હોય .ો નિષ્ણાત વ્યક્તિની તમે મદદ લઈ શકો છો અને તેને વક્તવ્ય બતાવી તેમાં જરૂરી ફેરફાર કરી શકો છો. અથવા તો નિષ્ણાત પાસેથી તમે તૈયાર કરેલ વક્તવ્ય યોગ્ય છે કે કેમ, તેવો અભિપ્રાય પણ લો, જેથી તમારો વિશ્વાસ મજબૂત બને.

૭) અભ્યાસ : કહેવાય છે કે અભ્યાસ વ્યક્તિને પરિપૂર્ણ બનાવે છે. આ વાત અહીં પણ એટલી જ લાગુ પડે છે. જન્મજાત વક્તાને વધુ અભ્યાસની જરૂર હોતી નથી, પરંતુ જ્યારે આપણે હજુ આ ક્ષેત્રમાં નવા ખેલાડી કે શીખાઉ હોઈએ, ત્યારે તો અભ્યાસ જ આપણને સફળતાની ખાતરી આપી શકે છે. અભ્યાસ કરવાની ઘણી રીત છે. કોઈને મોટેથી વાંચીને, તો કોઈને દર્પણ સામે જોઈને તો ક્યારેક વળી કોઈ મનમાં વાંચીને યાદ રાખે છે. આપણે નક્કી કરી લેવું જોઈએ કે આપણને કેવી રીતે સરળતાથી યાદ રહે છે. શક્ય હોય તો વક્તવ્યના જુદા જુદા ભાગ પાડીને અભ્યાસ કરવો જોઈએ. હસ્તલિપિને યાદ રાખવા ગોખવાની કોઈ જરૂર નથી, તેને વિવિધ મુદ્દામાં વહેંચીને તેને સમજી લેવાથી તે સરળતાથી યાદ રહે છે.

૮) હાવભાવ : સભામાં અક્કડ થઈને પૂતળાની જેમ ઊભા રહેવાથી ભીડ પર ક્યારેય અસર નહીં પાડી શકો. વક્તાએ શ્રોતાઓ સામે પોતાની જાત રજૂ કરી દેવી પડે છે. આ જ કારણે જે વક્તા વક્તવ્ય દરમિયાન હાવભાવ આપે છે,

તે આપણને વધુ આકર્ષે છે. અલબત્ત તેનો અર્થ એ નથી કે વક્તાએ તેમના શ્રોતાઓ સામે 'લાઉડ' બની જવું, કારણ કે તેમ કરવા જતા ક્યારેક હાંસીને પાત્ર બની જવાય છે. શબ્દો, વાક્યો અને તેના અર્થને અનુરૂપ વક્તાએ પોતાના હાવભાવ આપવા જોઈએ.

૯) પ્રારંભ અને અંત : હંમેશા યાદ રાખો કે જે રીતે બજારમાં કોઈ વસ્તુ સારી રીતે સજાવેલી હોય તો જ આપણે તેના તરફ આકર્ષાઈએ છીએ, તેમ વક્તવ્યનું પણ એવું જ છે. જો તમે વક્તવ્યનો પ્રારંભ ચોટદાર અને પ્રભાવી નહિ કરો તો કદાચ તમારા શ્રોતા સાથે તમે જોડાણ નહિ સાધી શકે, તેઓનું તમારા તરફ ધ્યાન નહિ ખેંચાય અને તમે જે વાત કહેવા માંગો છે તેનું અનુંસંધાન તેઓ નહિ સાધી શકે. એવી જ રીતે વક્તવ્યનો અંત પણ અસરકારક હોવો જોઈએ. સમગ્ર ભાષણના અંતે તમારી વાતનું હાર્દ તેમાં સમાયેલું હોવું જોઈએ અને શ્રોતાઓને તે કોઈ ચોક્કસ નિષ્કર્ષ આપતું હોવું જોઈએ. વક્તવ્યનો પ્રારંભ તથા અંત તમારા વક્તવ્યને સફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

૧૦) નિરાશા-મૂંઝવણનો ત્યાગ : જાહેર વક્તવ્ય પહેલાં ભલભલા લોકો નિરાશ અને નર્વસ થઈ જતા હોય છે. ઘણીવાર તો અગાઉ સફળતાપૂર્વક ભાષણ આપી ચૂક્યા હોય તેવા લોકો પણ નર્વસ થઈ જતા હોય છે. પરંતુ વક્તવ્યને સફળ બનાવવું હોય તો સૌથી પહેલાં આત્મવિશ્વાસ ન ગુમાવવો જોઈએ. તમે જેટલા આત્મવિશ્વાસપૂર્વક શ્રોતાઓ સામે પોતાની જાતને રજૂ કરશો, એટલી જ સહજતાથી તમે તેમની સાથે જોડાણ સાધી શકશો. યાદ રાખો કે વક્તવ્ય દરમિયાન જો કંઈ ભૂલી જવાય તો સૉરી, દિલગીરી છું, એમ ન બોલો કે પછી શરમ જેવું પણ ન અનુભવો, તેના બદલે શક્ય ત્યાંથી નવું જોડાણ સાધી તમારું વક્તવ્ય આગળ વધારો, કારણ કે તમારી આ ભૂલ શ્રોતાઓ પકડી શકતા નથી. માટે ભૂલી જવાય કે અન્ય ભૂલ થાય ત્યારે પણ મૂંઝાયા વિના આત્મવિશ્વાસપૂર્વક આગળ વધો.

૪. કેટલીક નાની, પણ અત્યંત મહત્ત્વની બાબતો...

વક્તવ્યની તૈયારી, તેના મહાવરા તથા તેની રજૂઆત કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક મહત્ત્વની બાબતો...

- એક સફળ વક્તા હંમેશા પોતાના વિષય સંબંધિત જરૂરી માહિતી અગાઉથી જ એકઠી કરી લે છે. ભલે વક્તવ્યનો વિષય વ્યાપક ન રાખો, પણ તમે પસંદ કરેલા વિષયને સ્પર્શતા વિવિધ મુદ્દા અને હકીકતોથી તમે માહિતગાર ચોક્કસ હોવા જોઈએ.
- તમારા શ્રોતાઓને કયા વિષયમાં રસ પડશે તેની ખાતરી કરી રાખો તથા તમે જે વિષય પસંદ કર્યો છે તે તમારા લક્ષિત શ્રોતાઓ સાથે સંબંધિત છે કે કેમ તે પણ જાણો.
- શ્રોતાઓ જે સાંભળવા માંગે છે તે જરૂર બોલવું, પણ તેમાં ચતુરાઈપૂર્વક તમારા પણ વિચારો ઉમેરો.
- પોતાના વિચારો અંગે સ્પષ્ટ રહો. વક્તવ્ય દરમિયાન એવું ન લાગવું જોઈએ કે તમે તમારા વિચાર તરફ અસ્પષ્ટ છો. જો આ અંગે તમારા મનમાં કોઈ દ્વિધા હોય તો નિષ્ણાતની સલાહ લેવાનું ન ચૂકો.
- તથ્યો તથા આંકડાકીય માહિતીનો દોષ ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખો.
- વક્તવ્યનો પ્રારંભ કરતા સમયે ઉપસ્થિત શ્રોતાઓને તમારા તરફ માન થાય તેવી રીતનું સંબોધન કરો. યાદ કરો શિકાગો પરિષદમાં સ્વામી વિવેકાનંદે અમેરિકાના લોકોને ડિઅર બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ તરીકે સંબોધીને તેમનો ભરપૂર પ્રેમ અને આદર મેળવ્યો હતો.
- ગોખેલું યાદ નહિ રહે તેવી જરા પણ શંકા હોય તો સાહસ કર્યા વિના કે શરમ રાખ્યા વિના કાગળ ઉપર મહત્ત્વના મુદ્દા ટપકાવી લો અને વક્તવ્ય દરમિયાન તેને હાથવગું રાખો.
- વક્તવ્યની રજૂઆત વખતે તમારા હાવભાવ, અવાજના આરોહ-અવરોહ અને તમારા આત્મવિશ્વાસનું પણ મહત્ત્વ હોય છે. માટે પ્રેક્ટિસ દરમિયાન આ બાબતોને બિનમહત્ત્વની ગણીને અવગણો નહિ.
- યાદ રાખો કે રજૂઆત દરમિયાન વક્તાના શરીરનું વળેલું ન હોવું જોઈએ. વક્તાનું સ્મિત અને આત્મવિશ્વાસથી ઊભા રહેવાની ઢબ પણ શ્રોતાઓને જોવાથી પ્રભાવિત કરે છે.
- વક્તવ્ય આપતી વખતે વક્તાનું ધ્યાન શ્રોતા તરફ કેન્દ્રિત હોવું આવશ્યક

છે. આડાઅવળું જોવાથી કે નીચી નજર રાખીને આપવામાં આવતા વક્તવ્યથી શ્રોતાઓ પ્રભાવિત થતા નથી.

- વક્તાએ વક્તવ્યની શરૂઆત ધીમી પણ ખચકાયા વિના કરવી જોઈએ.
- સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને જ વક્તવ્ય તૈયાર કરવું અને તે મુજબ જ તે બોલવું જોઈએ. જો તમે વક્તવ્ય લાંબુ તૈયાર કર્યું હશે અને તમારી સમય અવધિ ઓછી હશે તો તમારું વક્તવ્ય અધૂરું રહેવાની શક્યતા રહે છે, અથવા તો તમારે વધુ સમય માટે આયોજકો પાસે વિનંતી કરવી પડશે.
- આદર્શ વક્તવ્ય માટે વક્તાએ બોલતી વખતે વક્તવ્યની ગતિ ક્રમશઃ વધારવી, પરંતુ ગતિ એટલી ન હોવી જોઈએ કે તેની અસર ન વર્તાય.
- વક્તવ્યને વધુ અસરકારક બનાવવા વક્તાએ યોગ્ય હાવભાવ, મુખમુદ્રા કરવી જોઈએ તથા આંખોમાં ચમક લાવવી જોઈએ.
- માત્ર એકલા બોલીને કે પ્રવચન આપીને ન રહી જાવ. આમ કરવાથી માહોલમાં સુસ્તી લાગશે. તેના બદલે તમારા શ્રોતા સાથે પ્રશ્નોત્તરી કરો, તેમને તમારી વાતમાં સહભાગી કરવા સવાલ પૂછો અથવા કોઈ વાત તરફ તેમની સહમતી મેળવો.
- યાદ રાખો કે ત્યાં તમારું સમગ્ર રીતે મૂલ્યાંકન થાય છે. માટે તમારા પહેરવેશ તથા બાહ્ય દેખાવ તરફ પણ સજાગ રહો.
- નખ કોતરવા, માથું ખંજવાળવું, શર્ટનાં બટન બંધ-ખુલ્લાં કરવાં અને ટાઈને વારંવાર વ્યવસ્થિત કરવી વગેરે નિશાની મૂંઝવણની છે.
- વક્તવ્યની રજૂઆત દરમિયાન તમારો એટિટ્યૂડ પણ ખૂબ મહત્ત્વની બાબત બની રહે છે. જો તમે પોતે પૉઝિટિવ ઊર્જાથી છલકાતા હશો તો સ્વાભાવિકપણે જ તમારા શ્રોતાઓ પર પણ તેની સકારાત્મક અસર થશે. માટે શક્ય હોય ત્યાં સુધી નકારાત્મક વાતો અને ફરિયાદોને ટાળો.
- તમારી સાથે રહેલા અન્ય વક્તાનાં મંતવ્યો અને તેમની રજૂઆતો ધ્યાનથી સાંભળો અને એ દરમિયાન જો જરૂરી લાગે તો મુદ્દા ટપકાવી લો. જેથી તેના વિષે પણ તમારા વક્તવ્ય દરમિયાન વાત કરી શકો છો.
- એક સારો વક્તા વક્તવ્ય આપતી વખતે તેના સમયપત્રકને નાના ભાગોમાં વહેંચી નાંખે છે. આદર્શ રીતે, વક્તવ્યનો સમય ત્રણ ભાગમાં

વહેંચવામાં આવે છે. પ્રથમ વીસ ટકા સમયમાં વક્તા તેના વક્તવ્ય દરમિયાન શું સમજાવવા ઇચ્છે છે તે બાબતની શ્રોતાઓને સ્પષ્ટ સમજ આપી દેશે. પછીના સિત્તેર ટકા સમયમાં મૂળ મુદ્દાની યોગ્ય દાખલા દલીલ આપીને ચર્ચા કરશે. અંતિમ દસમા ભાગના સમયમાં મૂળ મુદ્દાને ધ્યાનમાં રાખીને વક્તવ્યને પૂર્ણ કરશે.

- વક્તવ્યનો પ્રારંભ ખૂબ સરળ, મુદ્દાસર અને સ્પષ્ટ હોવો જોઈએ. તેને રસપ્રદ બનાવવા કોઈ ટુચકો કે બનાવ પણ ટાંકી શકાય. ભૂતકાળમાં વક્તવ્ય દરમિયાન બનેલી કોઈ ઘટના પણ કહી શકો છો.
- ક્યારેય કોઈ નકારાત્મક વિગત સાથે વક્તવ્યની શરૂઆત ન કરવી જોઈએ.
- વક્તવ્યનો અંત રસપ્રદ અને કુતૂહલ જન્માવનારો હોવો જોઈએ. વક્તવ્યનો અંત આવે ત્યારે મૂળ મુદ્દાથી વક્તાએ ભટકવું ન જોઈએ અને અંત જ પ્રેક્ષકો પર કાયમ માટેની છાપ છોડે છે.
- શક્ય હોય તો વક્તવ્યના અંતે શ્રોતાઓ પાસેથી ફિડબેક પણ મેળવી લો.

★ ★ ★



વક્તા પોતાના શબ્દો દ્વારા પરિવર્તન લાવી શકવાની ક્ષમતા ધરાવે છે. વિશાળ જનસમૂહને તેઓ સંમોહિત કરી શકે છે, તેમની દોરવણી કરી શકે છે , જુસ્સો આપી શકે છે અને તેમને પ્રેરણા આપી શકે છે. કહો કે કુરુક્ષેત્રના યુદ્ધ વખતે કૃષ્ણએ અર્જુન માટે જે માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી, એ જ રીતે વક્તા એક સાથે હજારો લોકોનો માર્ગદર્શક બની શકે છે. આવું શા માટે છે, એનો જવાબ આ વક્તવ્યોના શબ્દો જ આપી શકે છે.

વક્તવ્ય એ વક્તાની ખુશી, આનંદ, દુઃખ, ઝનૂન, જૂસ્સો, સપના, વિરોધ, મક્કમતાનો પડઘો બનીને આપણા હૃદય સુધી પડઘાય છે.
કેટલાંક વક્તવ્યો એવા હોય છે, જેના શબ્દો હૃદયથી જન્મ્યા છે. લખીને, મહાવરા દ્વારા તે બહાર નથી પડ્યા. બસ અનાયસે જ શબ્દો સ્ફૂર્યા છે.

આ પુસ્તકમાં પ્રેરણાત્મક, દેશભક્તિ જગાવતા, અન્યાયની જડો ઉખાડી ફેંકવાનું શીખવતા, આઝાદીનું બ્યુગલ ફૂંકતા યાદગાર વક્તવ્યો આપ્યા છે. તમામ વક્તવ્યો જે-તે સમયે તો ખૂબ ચર્ચાયા જ હતા, પણ આજેય તે ખૂબ લોકપ્રિય ગણાય છે.

પુસ્તકને ત્રણ ભાગમાં આલેખાયું છે; ૧.ભારતીય વિભૂતીઓના વક્તવ્યો ૨. વિદેશી વક્તાઓના વક્તવ્યો અને ૩.વક્તવ્ય કલાની પ્રાથમિક સમજ

ISBN 978-93-82678-71-7
9 789382 678717

Book Shelf

cover design :
ranmal sindhav